# ઓરત

# આ વખતે પતેતી ગાજશે કે?

લોકો પુછી પુછીને એમજ પુછેચ કે આદમજી ભાઈ આ વખતે પતેટીપર ગાજશો કે?

## માયજી—

ના'હલા હાથ કરીને મોટી વાત આ વખતે હમારે કરવાની નથી વેલાયતવાલાઓની હુન્નરમાં કેવા પર્વીન છે તેની તપાસ પારસી બાનુઓ! આ વખતે તમારે કરવાની છે આખા મહીનાનો અરધો પગાર ખરચતાંબી નએ કઈ લેવાનુ રહી જાય તેની હમુને ઘણી બીહીક છે, માટે વેહલાં પધારી જલદી લઇ જવાનુ જેટલુ સારૂ છે તેટલુ પછવાડેથી બબરધાનુ સારૂ તો નથીજ!

જુનાં તેમજ નવાં ઘરાકોને જલદીથી પધારવા સાથે બાહેર ગામના ઓરડરો તાકીદે મોકલવા અરજ કરવામાં આવેછે.

## આદમજી નુરભાઈની કુંપની,

૩૪૬ ઉનવાલા બીલડીંગ, ગ્રાંટરોડ મુંબઇ.

# ઓરત-

## મોહબત અને મરવતનું એક મંદીર!

એક વારતા.

(ઇંગ્રેજી ઉપરથી)

બનાવનાર—

બહમનજી ન૦ કાબરાજી.

પ્રગટ કરનાર—

દીનસાહ એ૦ કરકરીઆ.

# દીબાચો.

આ નાહનકડી વારતાને કાઇ લાબાલચક દીબાચાની જરૂર નથી. આ વારતાનો પેહલી આવૃતીનો હક જાણીતા "ઢોગ-સોગ"ના પરવરતાનનાર ભાઇ દીનશાહજી કરકરયાને મે વેચ્યો છે, અને તેવણ હસ્તક તેમની કારસાજી હેઠલ આ ન્હાનુ નૉવેલ, તેથી, નવીન ધુમ-ધડાકા સાથે બાહેર પડે છે. એ ઘણા ઉમગી અથોરનાન છે— મજકુર દસ્તુર દીનશાહજી કરકરયા. સાહીત્યના રણક્ષેત્રમા હાલ આપણા એકાદ બે ધર્મગુરૂ સાહેબોએ પણ ઉલટમદ કમર કસેલી જણાય છે, ને તેમા અવ્વલ નામ કરનાર આએ નામદાર દીનશાહજી કરકરયા છે. એવણને ઉલટ ઘણી છે, અને તે ઉલટના પરીણામમા આ માહરી નાઘલી વારતા એક નવાજ લેબાસ સાથે જાહેરમા દેખાવ દેતી થઇ છે, જે મને ગમ્યુ છે. આપણુ ગુજરાતી સાહીત્ય હજી તેની છેક બાળ્યાવસ્થામા છે તે જોતા તુરતવેલા વાચણના સગીન-પણામાજ વાચનાર સાહેબોએ સબર માનવી ઘણુ સજાવાર અને સવેલાનુ થશે એ માહરી પ્રમાણીક માન્યતા છે, અને, તેથી, "ચિત્રોની ચાહચાઇનો હુ પોતે ઝાઝો હીમાયતી નથી, પણ આની તરફ દસ્તુરજી કરકરયા હતા! તેવણ ધરયા ધરાયા નહી, અને ત્યારે એ માહરી વારતાને સચિત્ર બાહેર પાડવાને મે એવણ ભાઇને બાખુશી બાહાલી આપી છે. એમ કરતા ચિત્રો વારતાને જવાબ કરતા મે જે ચુકી

આપ્યાં તે ઘણા ટેસ્ટફુલ બનાવવાને એ આપણા અથોરનાન બીરાદરે ઘણી કાલજી કરી છે, અને તે રીતે માહરી વારતાઓની એક લાંબી હારમાળામા આ કીસમનું એક પુસ્તક પેહલુજ છે.

વળી એના સબંધમા એના એ પરવરતાવનાર ગૃહસ્થનો એક બીજો વખાણવાજોગ ઉમંગ જે મને વિશેષ ગમ્યો છે તે એ વારતાને પારસી નઓરોઝની મુબારકબાદીમા અરસપરસ ભેટ આપી શકાય એવી "સાલ મુબારક!" ની એક પ્રસંગોવાર તખ્તી સાથે તે બાહેર પાડવાનો છે તે માટે એ વારતાની બાંધણી ઘણી મનોહર કરી શકવાની એ ભાઇ મને અનેક ખાત્રી આપે છે, ને એમના એ સબંધના ટેસ્ટ બાએ હું જે થોડુંક જાણું છું તે ઉપરથી એ ખાત્રી બર આવવા વાસ્તે હું ખાત્રીભેર થઇ શકું છું એ પ્રયોગ ઘણો ચાહવાજોગ થશે નવા વરસની મુબારકબાદીના કાર્ડોની આપ લેમા ઘણા સારા ટેસ્ટનો અદ્યાપી મુસ્તકીમ સુધારો થયલો આપણે વખાણ સાથ જોઇ ચુકયા છીએ, ને તે સુધારા પર અપાણા કરકરયા સાહેબનો આ એક પુરવણનો સુધારો છે!! આ અદના વારતા જેઓ વાચશે તેઓને ગમશે એ વાતની મને ખાત્રી છે એક નેકજાદ ઓરત સરબસર મોહબત ને મરવતનુજ એક મદીર આ વારતાના મેહેલ સફાઓમા સયર કરતા પુરવાર થાય છે, ને તેવી આખી આલમની નેકીભરી અબળાઓની નેકનામી ને ઇજજતમા વધારો કરનારી આ નાહનકડી વારતા એક પાક અને આલા દરજજાની અગત ધરાવનારા પારસી હીગામ ઉપર મુબારકબાદીની ભેટ સોગાદ માટે ઘણી પ્રસંગોપાત થઇ પડશે એમ હુ ધારૂ છુ.

વળી આ વારતા પોતાનાં માતાજીસાહેબને અર્પણ કરવા મી॰ દીનશાહજીને ઉલટ થઇ છે, ને તેમ કરવા દઇને એવણુ સાહેબની એ નેકીભરી ઉલટને મે ઇનસાફ આપ્યો છે માહરી વારતાઓનાં પુસ્તકોમા અર્પણ વાસ્તેનુ ભાડુતી તત્વ મેં આ છેલ્લા ૩૦ વરસોના દરમ્યાનમા કદી બી આમેજ થવા દીધુ નથી. પૈસાપાત્ર શેઠસાહુકારોના પગપાણી કરી સો બસો નકલોનો ઉઠાવ કરવાની દ્દયાનતથી ચાપલુસીખોર અર્પણો કરવામાં આવે તેનો હુ સદાનો શત્રુ છુ, અને એ તુચ્છ લોભનો જમાનો વહી ગયલોજ હાલમાં પરવરતાવવામા આવતા પુસ્તકોથી પ્રગટ પડે છે તે ઘણી ખુશીની વાત છે.

| | | |
|---|---|---|
| ફ્રીઅર રોડ, કોટ<br>તા ૧—૯—૧૯૧૫ | } | બ ન કાબરાજી<br>રચનાર |



# અર્પણ.

માહરાં સદાનાં મેહરબાંન નેકનામ
બેહેસ્તનશીન વ્હાલાં માતાજી સાહેબ—
માણેકબાઈ એદલજી દાદાભાઇ કરકરીઆની
અશો યાદને

ખરી દીલસોઝ અને નેકજાદ ઓરતોની નેકનામી અને વફાદારીભરયા
વાહાલની પુરવારી આપનારી આએ એક નાહની વારતાનુ
પુસ્તક, જે માહરે હસ્તક હાલ બાહેર પડે છે તે,
એ મરહુમ માતાજી તરફનાં માહરા સાચા દીલના
હેતની એક નજીવી પુરવારીમા,
તે મરનાર મુરબીજીને ઘણાં માન
સાથ અર્પણ કરવાની હુ
રજા લઉંછુંજી.

દીનસાહ એદલજી કરકરીઆ

માણેક પ્રીન્ટીગ પ્રેસ,
ગ્રાંટરોડ, મુબાઇ,
તા૦ ૧-૯-૧૯૧૫

# માહરી સાતમી ચોપડી!

આજે માહરી પ્રગટ કીધેલી આ સાતમી ચોપડીનો ખુલાસો લખતા હુ અજબ થાઉછ કે કોણે જાણ્યુ હતુ કે સાહીત્યની સેવા બજાવવાનુ કામ માહરા જેવાના નસીબમાં બી લખેલુ છે! આપણે "લખ્યા લેખ" વિશે ઘણુ સમજેલુ ને વાચેલુ છે, અને માહરા બાબમા તો હુ તે અનુભવી ચુકયો છુ ખરેખર, હુ કયાથી કયા જાઉ છુ એ વિચાર જ્યારે એકાતમા બેસી કોઇ વાર કરૂ છુ ત્યારે તે પરમકૃપાળુ માહાન બાપે એક ઇનસાનને માટે નક્કી કીધેલી નેમ (લખ્યા લેખ) સમજમા ઉતરતા વીલબ લાગતો નથી

આજની વાર્તા "ઓરત" માહરી પ્રગટ કરેલી વાર્તાઓમા સાતમી વાર્તા છે, અને તે માહરા માનવત મિત્ર મી૦ બ૦ ન૦ કાબરાજીને હાથે લખાયલી છે. વાર્તા ઘણી નાહની છે, પણ તે પીજનપાટલાથી નીરાલી છે, અને તેથીજ તે નાહની લાગે છે આ વાર્તા મે પેહલા વાચી ત્યારે મને તરતજ લાગ્યુ કે એ વાર્તા કોઇ નવા લેબાશમા બનાવીને જો પ્રગટ કરી હોય તો તે વાચનારની પસદગી પામ્યા વીના રેહશે નહીં, કેમકે વાર્તાની ઝમક જે ખુબી જણાવે છે તેવીજ રીતે તેને સજ્જ થયલી એક સુદરી માફક પેહડાવી ઓઢાડી બાહર કાહડી હોય તો લખનારને અને તેની કલમને વાચનાર પુરેપુરા વખાણ્યા વીના રેહશે નહી એ અનુમાન કરીનેજ આ વાર્તા મે વાચનાર સનમુખ રજુ કરી છે, અને એ માહરા વિચારનુ માપ તપાસવાનુ વાચનારના હાથમા છે

આ વાર્તાનાં પીકચરોનુ સીલેકશન ઓરીજીનલ પરથીજ લેવામાં આવ્યું છે એટલે વાર્તાને તે બંધબેસ્તુ બનાવવાની મને ઝાઝી તકલીફ પડી નથી વળી વધુ ખુશી થવા જેવું એ છે કે મી૦ બહમનજી કાબરાજીની દજનબંધ વાર્તાઓ, જે ચોપડીના આકારમા આ આગમચ બાહર પડેલી છે તેમા આ વાર્તા તેની સાઇઝમાં, રંગમાં અને રૂપમા જુદી પડે છે, પણ તે સઘળી રીતે અપ ટુ-ડેટ બનાવવા સાથે પતેતીની ભેટ સોગાદ તરીકે આપ લે કરવા જેવી બનાવવાનો માહરો અદના ખ્યાલ ખરીદનારની પસંદગી પામ્યા વીના રેહશે નહી એમ હુ સમજુ છુ, કારણ કે આજકાલ પતેતીની ભેટ સોગાદ તરીકે "પતેતીના પોસ્ટકાર્ડ"–"નવા વર્ષના પોસ્ટકાર્ડ" વિગેરે પર જે પૈસાનો ધુમાડો કરવામા આવે છે તેના કરતા એક સરસ બોધ લેવાજોગ અને વીચારવંત વાર્તા, ઉપરની અને અંદરની દરેક ચાઇચાઇ સાથની, પતેતીના પોસ્ટકાર્ડનીજ કીમતમા આપ લે થતી હોય તો તે આપનાર અને લેનાર બેઉને ઘણી શોભા આપતી નીવડશે, અને તેની આવતે સાલ વાચનાર વધુ કદર બુજશે એવુ માહરૂ માનવુ છે

આ વાર્તા માહરા મરહુમ માતાજી બાઇ **માણેકબાઈ એદલજી દાદાભાઈ કરકરીઆને** અર્પણ કરવામા આવી છે, કે જે માતાજી આ ગેતી દુન્યામા પોતાના બચ્ચાઓની જ જાળ કરીનેજ નહી પણ સુખ કે ભલાઇની હાંસલ મેલવ્યા વીના તે કીરતારને બે દાહેકા થયા જલદીથી જઇ મલ્યા છે, અને તેઓની અશો યાદ જાલવી રાખવાની આજે ૨૦ વરસે મને જે તક હાથ લાગીછે તેથી માહરા જીવને વણો કરાર થયો છે દલગીરી એટલીજ છે કે તેઓનો ફોટો;

માહરી કને નથી

## માહરી એક ઉમેદ

જાણીતી ઇંગ્રેજી ફર્મ મેસર્સ મેકમીલનની કુંપની જેઓ પબ્લીશરો અને બુકસેલરો તરીકે ઇગ્લાંડ અને હિન્દુસ્તાનમાં જાણીતા છે, તેઓના જેવોજ સાહસ ઉઠાવવાની માહરી બી એક ઉમેદ છે, પણ ધીલ માત્ર એટલીજ છે કે તેજ પ્રમાણમાં દીલસોઝ ધરાકો માહરી પ્રગટ કરેલી એકેક નકલ ખરીદી માહરા કામને હર વખતે ઉત્તેજન આપતા રહે। એટલુજ માહરૂં કેહવુ છે, પછી સઘળી જોખમદારી માહરે શીર રાખવા હું ઘણી ખુશી સાથે તૈયાર છું

અને છેલ્લે, યઝદેઝરદી બેસ્તું આ નવુ સાલ કોમમા ભાઇબંધી વધારનારૂં અને એકસપીની એકત્રતામા ઉમેરો કરનારૂ થાય, કે જેથી દરેક જરથોસ્તી પોતાને માટે સુખનીજ આશામાં સુખી થાય એવી માહરી દુવા જરથોસ્તી આલમને આમીન હોજો। ખુદાના બુલંદ આશીરવાદ હરેક કોમ પર ઉતરે, અને આપણા દેશ તેમજ અદલ ઇનસાફી ઇંગ્રેજી રાજ પર આવેલી લડાઇની નેહસ્ત જંજાળ જલદીથી દુર થાય એવી માહરી અંતકરણની બંદગી તે કીરતારની દરઘાહે પોહચે એવુ દાદારથી માંગી લેતા, દુવા સાથે—

દુવાગીર સેવક,

**દીનસાહજી એદલજી કરકરીઆ.**



આ "ઓરત" નામની વારતા મી૦ બહમનજી નવરોજજી કાબરાજીએ ફ્રીયર રોડ, કોટ, મુંબઇથી લખી છે, અને મી૦ દીનસાહ એદલજી કરકરીઆએ મુંબઇ, ગ્રાંટરોડ, ત્રામ ટરમીન્સ પાસે ત્રીભોવનદાસ બીલડીંગમા આવેલા "માણેક પ્રિન્ટીગ પ્રેસ"મા પોતાને માટે છાપી છે, અને ઉપલેજ ઠેકાણેથી પ્રગટ કરી છે

" But what strange art, what magic can dispose
The troubled mind to change its native woes?
Or lead us, willing, from ourselves to see
Others more wretched-more undone than we?
This books can do nor this alone, they give
New views to life, and teach us how to live,
They soothe the grieved-the stubborn they chastise,
Fools they admonish, and confirm the wise,
Their aid they yield to all, they never shun
The man of sorrow, nor the wretch undone,
Unlike the hard, the selfish and the proud
They fly not sullen from the suppliant crowd,
Nor tell to various people various things,
But show to Subjects, what they show to Kings"

# માણેકીઆ-બ્રધર્સ

## સાલ-મુબારક.

મુબારક નવું સાલ ઝરથોસ્તી આય.
વધે ગેઝો રીઝક ને આબાદી થાય

"આમીન"

હમારાં માનવંત ઘરાકોને જણાવવાની રજા લઈએ છીએ કે હમારે ત્યાં દરેક જાતની ચાહ કોફી, ખાંડ. ઘી, સુકો મેવા, મુખડના તાજા, લોબાન, પરફ્યુમ વિલાતી સામાન. ઈરાનના ડોચા ગુલાબ, મરીમસાલો, વિગેરે અપ ટુ ડેટ ચીજો કીફાયતી ભાવે હમેશ મુજબ મળશે 'ટ્રાય' ફક્ત એકજવાર મંગાવી જોવાની મેહેરબાની કરવી માલ ખરીદતી વખતે માણેકીઆ બ્રધર્સના બોર્ડ વાચવા ભુલવું નહી ચીરાગ.. .. મુંબઈ

(બચેત)

બનામે ખુદાવદે પરવરદીગાર,
ઊમીદોની કીશતી તુ કર પેલે પાર.
"આમીન"

# ફીરદોસી–શાહાનામું.

## તમામ ગુજરાતી બએતોમાં.

## ભાગ ૧ લો.

માનવત બસ્તે કુસ્તીઆનો ખરીદો, વાચો, અને જુઓ કે આય એક એવુ તો બરકતી પુસ્તક છે, કે જે આપણા માહાન નેઆગાનોની જાહોજલાલી, બાહાદુરી, હીમત, તથા આલમને હયરત કરનારા તેઓના બળવાન કાર્યોનો એક કીમતી ખઝાનોજ છે કે–જે દરેક દીનચુસ્ત સાચ્ચા જરથોસ્તીઓએ પોતાના ઘર મધે પોતાની ઉઘ-રતી અવલાદના ભલા માટે રાખી મુકવાની મોટી ઝરૂર છે

કીંમત રૂ. ૧॥

રચનાર ખાકસાર

**રૂસતમજી નસરવાનજી માસતર**

ઉરફે

"આદીલ."

ચીરાબજાર તાડવાડી—મુબઈ



મધુરી મે.

# ઓરત-

## મોહબ્બત અને મરવતનું એક મંદીર !

[ ઇંગ્રેજી સંસારની એક વારતા. ]

### પ્રકરણ ૧ લું.

તે "ક્રિસમસ ડે"નો ઇંગ્રેજી સલ્તનતમાં સૌથી મોટી અગત ધરાવનારો તેહેવાર હતો.

તે 'ક્રિસમસ ડે"નો ઇંગ્રેજી સલ્તનતમાં સૌથી મોટી અગત ધરાવનારો ઉત્સાહી તેહેવાર હતો, અને આખું યુરપ એ પવિત્ર દિવસની ખુશી ખુર્રમીમાં રંગરાગથી હલમલી રહ્યું હતુ. છોકરા બચ્ચાંઓ સુંદરમાંસુંદર પોશાકોમાં સજજ થયલા હતા, બાનુઓ પોતાની ખુબસુરતીને જવાબ કરતી કીસમે બની ઠણીને બાહેર પડેલી હતી, અને ગ્રહસ્થો પણુ તેજ મુજબ તેજ તોરનો ઠઠેરો કરી નિકળેલા નજરે આવતા હતા. દેવળે.મા મુબારકબાદી ને.ખુશી ખુશાલીના ઘંટો વાગવા ચાલુ થઇ ચુકયા હતા, અને "હોલી" ના લીલાં કુંજર જેવાં ઝાડો ઘરેઘરનાં આંગણાંમા રોપાઇ ચુકેલા નજરે

આવતા હતા ઓ ખુશાલી!—એ મુજબ સર્વ જીગરો ખુશાલીથી સતેજ અને શાદમાન ઝનકના હતા, કે જ્યારે હુંજ એકલો કમબખ્ત, દુખી અને દાઝેલો, ગમ અને નામુરાદીના આસુઓ ખેરવતો હતો!

માહરૂ દુખ અસહ્ય, જુલમગાર અને મોટુ હતુ

માહરૂ દુ:ખ અસહ્ય, જુલમગાર અને મોટુ હતુ, કેમકે મને એક ઓરતે માહાત કરયો હતો—બલ્કે પોતાના નાજુક હાથોએ સરબસર કતલ અને જાનથી બેજાન કરયો હતો! ઓ ઓરત—ઓરત! કવીઓએ ગાએલુ છે ને વારતા લખનારાઓએ તાહરી તારીફમા વર્ણવેલુ છે કે તુ મોહબ્બત અને મરવતનુજ એક મંદીર છે—તુ માયા અને અશોઇનીજ એક મુરતી છે, અને તે શુ ખરૂ છે?

નહી હોએ, ખરૂ કેમ હોએ—જયારે કે માહરા કડવામાકડવા અનુભવે મને તો બેતકરાર ઉલટુ અને જુદુજ સિદ્ધ કરી આપ્યુ હતુ?

ડીસેબર મહીનાની તે હવા ઠડી અને ખુશનુમા હતી બરફ સેહવાતી રવેસે આછુ આછુ અવારનવાર આકાશમાથી ગબડતુ રહયુ હતુ ઉચા ઝાડોની મોટી ડાળો પણ પાતરાઓથી ભરપુર પોતાના હાથો પ્રસારી જાણે એ ખુદરતની ખુશીમા શામીલ થવા ચાહતી હતી—અને છતા જખમાયલા જીગરે નાસબર ને નામુરાદ બનેલો હુ અભાગ્યો એ કોઇ બી ખુશીમા ભાગ લઇ શકતો ન હતો માહરી આસપાસ માહરે માટે માહરે મન સઘળુ સુનકાર અને

અધકાર હતુ ! માહરી દરેક નમો સુસ્તીમા સુન મારી ગઇ હતી, અને માહરી દરેક ઉમીદ રેજેરેજ ભ્રષ્ટ થઇ ચુકી હતી મોહોત કરતા બી જાલીમ નાઉમેદી મને જીવથી મારી નાખી ચુકી હતી– અને તે છતા, અફ્સોસ કે, માહરા અફ્સોસ ને ફરયાદની હાય પુકા· રતા મારા હૈયાના પુકારો પર દયાથી ધ્યાન આપવા કે કાળજીથી પરપુછ કરવા માહરી બાજુમા કોઇજ મોજુદ ન હતુ !

મે તો એ ક્રિસમસ મોટી મોજ ને સુખમા ગુજારવાનીજ આરજુ કરી હતી ! હિદુસ્તાનના ગરમ મુલકોમા દુશ્મનોના ધસારા ને લડાઇના ધુર્જારા વચ્ચે ગોયા એજ માનીતી આરજુએ માહરો ગયલો જીવ મને પાછો સપુર્દ કરી જીવાડયો અને પછીથી અત્રે માહરે સ્વદેશ પાછો પુગાડયો હતો. ત્યા અને ત્યારે મોહન ચોપાસ ઘુમી રહ્યુ હતુ. તે ગરમ મુલકોના તાપ અને શત્રુઓની ગોલીઓના વરસાદ વચ્ચે જાન બચાવવો કેવળ માહાળ થઇ પડયુ હતુ, અને તે છતા બદનના ખોલ્યામાથી હોઠ તક નિકળી ચુકેલો જીવ પાછો જમાવી હુ જીવ્યો અને જીવતો પાછો ફરયો હતો,—અને ત્યારે મુસાફરીઓની થાક, રજ અને હાડમારી, ભુખ અને તરસ, તડકો અને તાઢ એ બધુ ખમી ખમીને, છેક મોહનના ડાચાથી બચેલો હુ કમબખ્ત શુ આ હીણભાગ્ય સરજતનો લ્હાવો લેવાજ માહરે વતન પાછો ફરયો હતો ?

તે અબળા દેખીતી રીતે એ ક્રિસમસ ડેની મોજમા ભાગ્ય· શાળી ભાગ લેતી હોવી જોઇએ, કેમજે તે સોનેરી જુલ્ફાવાલુ માથુ કે જે સુખ ને દુખની લાગણીઓ દરમ્યાન એક વાર અને અનેક

વાર માહરી છાતીપર ટેકાયુ હતુ તે હવે ઉમરાવપદનુ હીગજડીત તાજ ધારણ કરી એક કોઇ બીજાનીજ મતા થઇ ગયું હતુ, તે પ્યારો આકાર કે જે પાક મહોબ્બત સાથ માહરી ગોદમા દબાતો હતો તે હવે સિલ્ક અને સાટીનના શ્રીમત પોશાકોમા સજ્જ થએલો એક બાદશાહજાદીને જેબ આપતી અને જવાબ કરતી નાજોઅદાની નાજુકાત સાથે એક ઉમરાવનુ ઘર શોભાવતો હતો, અને ત્યારે જે કોમળ પ્યારા હાથ હજારો વિશ્વાસથી હજારો વાર માહરા હાથમા મેલાયલા તેજ હાથોએ એ મુજબ જબેહ થયલો હુ હાલમા હેરાન સરગરદાન અને દુખી હતો તેમા એક બી અજાયબી જોવામા આવશે? "

પણ નહી, એમ કકલાત કરતોજ પડી રેહવામાં માલ ન હતો હું ઉઠયો અને ઉભો થયો તે આજે સહવારે દેવળમા તો આવવીજ જોઇએ, અને ત્યારે અત્રે આવી મે જે કાઇ જુલમગાર સાભળ્યુ હતુ તે વાતની માહરી ખાત્રી થવા દેવા માહરે દેવળમા જઇને એક વાર તેને નજરોનજર જોવીજ જોઇએ ફકત પાચ મિનીટ બી તેની જોડેજોડ એકજ છાપડા હેઠળ થવા ને જે પાક મકાનની હવા તે દમમા લીએ તેજ હવામા જીવવાની મોજની મે વળી એક વાર આરઝુ કરી—અને હુ ગયો

હુ તાપે સસરતો હતો માહરા બદનમા આગ અને માહરા મગજમા જવાળા જલતી હતી!

હુ તે દેવળના ચોકમા થઇ આગળ વધ્યો, કે જ્યાની સેહે કડા ઘેરો ઉપર ખુશબોદાર ફુલના શેલાઓ ચટાવવામાં આવ્યા હતા, અને હુ તે ઘોરમા નિરાત માની વાસો કરતા તે અશો રૂવાનોની

જાણે અદેખાઇ કરતો આગળ વધ્યો

હુ તે મોટા મેહેરાબમા હવે આવ્યો કે જ્યા સેંકડો નિર્ધન કગાળો ભીખની આરજુમા એકઠા થયલા હતા, અને હુ તેઓમા ભલી ગયો મને ત્યાં કેણુ જોવાનુ ને ઓળખવાનું હતુ ? હુ હેનરી ગોરડન આજે અસલ હેનરી ગોરડનનો એક ઓળો માત્ર હતો ! મ'હરા કપાળપર એક ઉડા જખમનો રૂઝ આવી ગયલો લાલ સરેતો જાવેદાન તકની નિશાણુ તરીકે રહી જવા પામ્યો હતો, કે જે હિદુસ્તાનના એક મોટા ખખેડામા મે જે ભાગ લીધો હતો તેની સદા યાદ આપતો હતો, અને તે સરેતાએ માહરી ખુબસુરતી—જો અસલમા કાઇબી હોય તો—હવે ઘણી બિગાડી નાખી હતી હુ, તેથી, નિરભય તે નાચાર અને ગરીબો વચ્ચે ભળીને બેસી ગયો મને કોણુ જોનાર કે જોઇને ઓળખનાર હતુ ? તે માહરી વ્હાલી આજના પવિત્ર દિવસની બંદગી માટે આજે દેવળમા આવવીજ જોઇએ, અને તે આવે ત્યારે હુ મ'હરી તરસતી ને તસતસ થતી આખ્યોએ એક વાર તેને નજરોનજર જોઉ એજ એક અરમાન દિલે વસાવી હુ ત્યા બેઠો ને થોભ્યો

તે અતે આવી

ગાડીઓપર ગાડીઓ આવતી ગઇ, અને લોકો તે ગાડીમા ટેટલાજ વળી પાઉપ્યાદા કિસ્મસની તે ખુશએતેકાદ બદગીમા શામીલ થવા "પેહેડેલા ઓઢેલા" આવતા ગયા તે બધ'ને "અમો ભિક્ષુકો" હતાં તે મેહેરાબમાથી પસાર થવુ પડતુ હતુ, અને સખીતબેહ આસામ'ઓ—બૈરા મ'ટીડા, ઘરડા જવાન, બાળ બચ્ચા

મુખ્યત્વે કરી એ દિવસે ભિક્ષા આપવા થોભતા, ને પછીજ અંદર જતા મને બી કોઇ કોઇ એમ નવાજતુ ગયુ—જોકે હુ તો તુરતજ પાસે ઉભેલા એક ફકીરને, તેની ઘણી અજાયબી વચ્ચે, તે સઘળુ આપી દેતો ચાલ્યો!

મને લોક આપે તેમા અજાયબી શી? હુ બી તો ભિક્ષુક વર્ગનો એક હોઉ તેવોજ માહરો લેવાયલો ઘુંટાયલો દર્દમંદ અને આજોર્દે હાલ હતો? માહરા પોશાકનુ ઠેકાણુ ન હતુ, ને માહરો ચેહેરો બેઅલગામણો હોવાનુ મને ભાણુ થયુ ન હતુ મને દુન્યાજ માત્ર નહીં પણ તમામ જીંદગી એક ભાર જેવી ભારે અને અકારી પડી ગઇ હતી

પણ અંતે તે આવી ઘણા મોહામણા ઘોડાની જોડીની ગાડી મેહરાબમા આવતાજ ત્યાં જમા થયલા લોકો વચ્ચે એક ગુંગણો ઘોઘાટ થયો, અને માહરી પડોશમા ઉભેલા એકે બીજાને પુછયુ, "એ કોણ?" જવાબ મલ્યો કે "સર એલેક અને તેની નવી મોહરદાર લેડી ગ્લેન"

"એ સર એલેક કોણ છે?" પાછો સવાલ થયો દેખીતી રીતે તે સવાલી કોઇ આ તરફ માટે અજાણ્યોજ હતો બાજુમાના ગરગામડામાથી ઘણુક મુફલીસ લોક એ તેહેવારની ખુશાલખ્તીમા ભિક્ષાની આરજુથી આજ એ દેવળમા ધસડાઇ આવ્યુ હતુ તે માહેલો તે સવાલી એક હોવો જોઇએ એમ મને તુરત લાગ્યું

"એ સર એલેક આ નહાના શાયરનો એકપુરો ઉમરાવ છે," તે પાડોશીએ ઓળખ આપી "પુસ્કળ પૈસાવાલો છે, પણ કાઇ

સારો આદમી નથી. લેડીની ઘણી વખાંણ છે તે કોઇ ખરી ઉમ-રાવજાદી છે ગરીબોની ઘણીજ ખયરખ્વાહ ને મેહેરબાન છે ”

તેઓ એ દરમ્યાનમા ગાડીમાથી ઉતરી અંદર આવ્યા, કે તે ભિક્ષુકોનો આખો ટોલો અદબથી ઉઠીને ઉભો થયો, ને બે ભાગમા વેહેંચાઇ તેમને જવાને તેણે રસ્તો કરી આપ્યો હુ બી, તેથી, ધક્કા મારી છેક આગલી હરોળમા આવી ઉભો—અને આહ, તે બેહસ્તને શોભા આપે એવી ઠંડી મીઠી શોકાતુર સુંદરતા જોના હુ હતો તે થકી હજાર દરજજે વિશેષ હ્યાસુનો થયો!

તે એક દૈવીક શક્તિ - એક ઇશ્વરીજ અવતાર હતો! તે ચેહે-રાની ચમક ખુદાઇ ઝલેહનોજ ભાસ આપતી હતી ને સાદા પણ ઘણાજ શ્રીમંત ઠેકેરામા સજ્જ થયલી હતી, અને જ્યારે તે મુફલીસ કંગાલોને ખોબે ખોબે પૈસા આપતી માહરી બોરદુમા એકાદ પન આવીને ઉભી રહી ત્યારે મે જોયુ કે તેણીની ગમગીન ચસ્મોમા સ્વર્ગનીજ પાગીજગીની નુરાની ચમકતી હતી!

તેણે મને જોયો, અને હુ હાથ બોલુછ કે નહી તે જોવા તે એકાદ સેકંડ થોબી અમારી આંખ એ દરમ્યાન એકઠી મલી, પણ અરે, તે મને મુતલગ ઓળખી શકી નહી તે દયાળુ ચસ્મો ઘણાજ મીઠાસથી, એમ છતા, માહરીપર તે એક બે પલ ટીકાઇ તે પ્યા-રની પ્રતિમા હાલની માહરી નિર્ધનતા જોઇ દયાથી દાઝતી નઝરે આવતી હતી તેના ડ્રેસની સ્કર્ત માહરી બાજુમાથી પસાર થતા માહરાં બદનને લાગતી હતી, પણ તેથી જરા એ સુગાઇ કે કમકમીને તેણે તે દુર હટાડી લીટીક લીધી નહી!

તેની ઓરડુમા તેનો પેલો કગાન ભરથાર ચાલતો હતો કે જેને લોકો માનથી નહી પણ તહુગસથી થથગીને જોતા હોએ એમ લાગતુ હતુ. તેનો દેખાવ કરડો અને ઘ્યાડીલુ હતો. તેને પોતાની મોહરદાગનુ આ ઉદાર લક્ષણ ગમ્યું હોએ એ શકભરયુ દેખાતુ હતુ, પણ તે ફરજયાત તે ઉપર આખરિચામણા કરતો હોએ એમ ઝટ નજરે આવતુ હતુ

તેઓની લગોલગ પછવાડે એક ગમનેમની સભાગમા એક ગુલાબ જેવા ચેહેરાની બાળકી ચાલતી હતી, જેનો ચેહેરો જાણે તે માતાનાજ પવિત્ર ચેહેરાનો હુબહુ આએનો હતો તે તેટલોજ તેજસ્વિ, તેટલોજ દીલપઝીર, તેવોજ મીઠો, મનહરણ, દીલજીત એક મુખડો હતો તે ચેહેરો ખરી નિર્દોષતાનોજ ગોયા એક અવતાર હતો

તેઓ પસાર થઇ ગયા

તે એક લણીન મજાહ હતી વરસો પછી તે માહરી વ્હાલીને એમ રૂબરૂ જોવાની મોજ એક લગીત મજાહ હતી, અને તેઓના અદર જવા પછી તરતજ જાણે તે જગ્યાનો સુર્ય આથમી ગગો ને તમામ તેજ સમી ગયુ હુ, તેથી, બેવડો નામુરાદ ને બાજુથી ખમી ગયો ઓ, કેવા માહરા હાથ ચવડતા હતા કે જેણે માહરો એ ખજાણો લુટી લઇ મને તન મનથી મુફલીસ બનાવી દીધો તેની ગલચી ત્યા ને ત્યા દાબી દેઇ હુ તેને થાર મારૂ!—પણ નહી, મે માહરી લાગણી ઉપર કાબુ મેલવ્યો, અને ખુદા પાસ હુ સબર માગી ત્યાથી એકદમ ખસતો થઇ ગયો

તે ભિક્ષુક લોક તે પછી તેઓનીજ વાત કરતુ ત્યા પાછુ ભેટી થઇ રહ્યુ. "કોઇ બી નાચારબેચાર એ લેડી પાસથી નામુરાદ પાછુ ફરતુ નથી," કોઇ કેહતુ હતુ, "પણ પેલાને ગરીબની કશીજ દયા કે દરકાર નથી તે તો જેફ્ અબળાઓ કે કુમળા બચ્ચાઓ કચડાઇ જવાની બી દરકાર વગર મોહલ્લાઓમાંથી મારતે ઘોડે હાકી જશે કે ઘોડેસ્વાર યાહોમ ચાલ્યો જશે! તેને ગરીબની તુભા શી હોએ? તે એમજ સમજે છે કે ગરીબોને કોઇ બી લાગણી ધરાવવાનો હકજ નથી!"

"અને તોબી એ પોતાની સુદર મોહરદારને ખરી લાગણીથી ચાહી શકેછે!" એકે નાજુબીથી ઉમેર્યુ, 'એ ઘણી અજબ વાત છે પણ ખરી વાત છે, પણ તે બાનુ—ખુદા જાણે તેને શુ દુખ છે કે તે બાનુ—કદી બી ખુશી કે સુખી દેખાતી નથી તે કોઇ છુપા ગમથી પીલાયા કરેછ તે મીઠા સ્વભાવની પણ શોકાતુર અદાની, દયાળુ પણ ગભીર. નમાની, તાબેદાર અને નેકબખ્તીભરેલી તોપણ હમેશ ગમગીનજ ફરયા કરેછે!"

"લોક કેહછે કે આગળ તે એક કોઇ સિપાહબચ્ચાને ચાહતી હતી, અને તેની સાથે પરણવાનુ બધુ તમામ નક્કી હતુ, પણ તે તેટલા હિદુસ્તાન ગયો એટલે એ વાત ઢબ પડી ગઇ," બીજાએ વળી ખુલાસો આપ્યો; પણ તે ખુલાસો, અલબત, ત્યા જમા થયલા ભિક્ષુક વર્ગે મોટે સાદે હસી કાડયો. "એથર્સટન હૉલ"ની તે પૈસામા આળો- ટતી ને પ્યારમા પોખાતી સર એલેક જેવા એક નામાકીત ઉમરાવની માનવન્ત મોહરદાર લેડી ગ્લેન એક કમીના સિપાહબચ્ચાપર કદી બી

રીદા થાય એ શુ બનવા કે માનવા જોગ હતુ ?

એવામા ક્રિસમસ રાજગીત ગવાવા લાગ્યુ, અને ઑરગનના મ્યુઝીક ને ગાનારાઓના મીઠા સરોદ વચ્ચે તે ભિક્ષુકાની તે વાત ત્યાજ બધ પડી, પણ મે જેટલુ સાભળ્યુ તેટલુજ શુ બસ નહી હતુ ? મે પુરતુ અને પુરતા કરતા પણ વધતુ સાભળી લીધુ હતુ ! જે વાત કદી હુ માની પણ ન શકુ તેની મને જોઈતી માહીતા આપવા માટે મે જોઇએ તે કરતા જયાદા સાભળી લીધુ હતુ, અને તેણે માહરા આગમા અગ્નિ અને ભેજામા ભડકો સળગાવી મુકયો હતો હુ મુશકેલીથીજ માહરા પગપર ખડો રહી શકતો હતો ! માહરૂ મગજ ચકભમ ઘુમતું અને ફરતુ હતુ, અને એકાદ કદમ આગળ ભરવા જતા, દયાની એકાદ ચીસ સમેત, તે ભિનૃક વર્ગના પગ આગળ હુ બેહોસ તુટી પડયો !

## પ્રકરણ ૨ જું.

તે પછી શુ થયુ તેની મને ખબર નથી, પણ જ્યારે હુ પાછો સુદ્ધીમા આવ્યો અને આખ ખુલી માહરી આસપાસ જોઇ શકયો ત્યારે હુ એક ઘણા નાહના પણ સુઘડ અને સુખદાયક ઓરડા માહેલા એક તેવાજ બીછાણાંમા બીમાર પડેલો હતો

"તમોને હવે સારૂ લાગેછ ?" એક દેખીતા દયાળુ અને કાળજીવત ચેહરાએ એ વખતે તરત માહરીપર વાંકો વળી મને

પુછ્યુ, "માહરા એમલ તમોને એ પ્રમાણે સારા થયલા જોઇને કેવા રાજી થશે!"

"એમલ કોણ છે?" મે ધીમે સાદે પુછ્યુ.

"તે માહરા ભરથારનુ નામ છે," તે માયાળુ અબળાએ જવાબ કર્યો "તે સર એલેકના મેહલને લગતા બગીચામા વડો બાગબાન છે અલબત, તમે કાઇ તેને ઓળખતા નહીં હશો?—તમે બિચારા તેને કયાથી ઓળખો? તમોને તો અહી બધુ અજાણુ અજાણું ને નવુ નવુ લાગતુ હોશે તમે છેક ગયા ક્રિસમસ ડેથી અહી બીમાર પડેલા છો તમોને તે કાઇ ખબર છે?"

"નહી," મે માથુ દાબી કહયું; "હમણા કીયો મહીનો ચાલેછ?"

"ફેબરવારી લગભગ આખર થવા આવ્યો છે," તેણીએ શાતપણે જવાબ કર્યો

"હુ અહીં કેમ આવ્યો?"

"માહરા એબલ તમોને બીમાર અને બેસુદ્ધ અત્રે લાવ્યા," તે કોઇ મીસીસ એબલે ખુલાસો કરયો "તેણુ ગજવે ગરીબ છે પણ દીલના ઘણા દયાળુ છે છેલ્લા ક્રિસમસ ડેને દાહાડે તેણુ સરેરતા પ્રમાણે દેવળમા બદગી કરવા ગયા હતા, અને જેવા મેહરાબમા દાખલ થવા ગયા કે તેવણે તમોને ઝોક ખાઇને જમીનપર ઝીકાતા જોયા તમે તેવણુના પગ આગળજ પડયા એ ઉપરથી તેવણુ તમોને ઉચકાવીને અમારે ઘેર લાવ્યા, અને તે દાહાડેથી તમો અહીજ છેઓ અમે તમોને ઘણી મુશકેલીથી મરતા બચાવેલા છે, અને ગરીબપરવર

ખોદાને ખચ્ચીતકરીને એ અમારૂ સાદુ ભનાઇનુ કામ ગમશે ”

“તમો કોઇ ખરેખરા ઘણા ભલા ને મેહરબાન છો,” મે હેસાનથી કહ્યુ,—અને તે દરમ્યાનમા આગલી સઘળી વાતોની મને પાછી યાદ થતાં માહરી આખોમા આસુ ઉભાઇ આવ્યા

“મી૦ એબલ કાહા છે?” મે તે આસુ છુપાવવાની વ્યર્થ કોશેશ કરતા પુછ્યુ

“એથર્સટન હૉલમા બાગના પોતાના કામપર ગએલા છે એ બાગ ઘણો મોટો છે, અને કામ ઘણુ હોવાથી રોજ બડી બામદાદથી જવુ પડેછ ”–વળી જરા થોબીને –“ વીસ વરસ થયા અમો સર એલેકનીજ નોકરીમા છીએ, પણ તમારૂ અત્રે આએ ગામમા શુ કોઇ સગુ વાહાલુ કે દોસ્ત આસના છેજ નહી?”

“કોઇજ નહી,” મે દુખની એક સરદ હાય ખેચીને કહ્યુ-અને સર એલેકની પવિત્ર ચેહેરાની મોહગ્દારની યાદ થતા હુ માહરી નાઉમેદી ને સંતાપ માહા જેહમનેજ છુપાવી શકયો

“ અમોને બધાને તમારી ઘણીજ દયા આવેછ,” તે નેકબખ્ત અબળાએ ખરા દીલના જોસથી મને ખાત્રી આપી—અને વળી ધીમે સાદે વધાર્યુ, “ સર એલેક કાંઇ ઘણા ભલા નથી, પણ તેવણને બી તમારી સઘળી હકીકત સાભળતા ઘણી દયા આવી તેવણે પોતાના કુટુમ્બને લગતા ડાકટર મરટનને પોતાને ખરચે અત્રે મોકલ્યા, અને અવારનવાર તમારી ખબરઅંતર બી પુછાવ્યાજ કરેછ.”

'તે કરપીણની દયા મને જોઈતી નથી,' હુ માહરા દાત પીસીને માહરા હોઠો વચ્ચેથી પટપટયો, પણ સારા નસીબે તે અબળાને તે કાને સભળાયુ નહી તેણે તો પોતાના ગડબડયા ને ભડભડયા સ્વભાવ પ્રમાણે આગળ ગાડુ ગબડાવ્યાજ કીધુ

"લેડી ગ્લેન બી ઘણાજ મેહરબાન છે," તેણે કહ્યુ "આજે બી તેવણે તમારે વાસ્તે આએ પ્લેટ ભરીને લીલી દરાખ મોકલી આપીછ તમારે વાસ્તે જેલી અને વાઈન વિગેરે જે જોઈએ તે ડાકટરના હોકમ મુજબ અમો હૉલમાથીજ મગાવી લઈએ છીએ"

"એ લોકોએ કેમ મારી બીમારીની વાત જાણી હશે?"

"આખુ ગામ જાણેછ—નથી કોણ જાણતુ?" તેણીએ હસીને જવાબ કર્યો "તમારી આસપાસ ભીખારીઓનુ એક ટોળુ હતુ તે લોકો સમજ્યા કે તમો મરી ગયા છો, અને તે લોકોએ એટલો બધો ગભરાટ ફેલાવી દીધો કે આખુ ગામ તમારી એ બીમારીની વાતથી માહીતગાર થઈ ગયુ છ દેવળની સરવીસમા બી તમારી એ બીમારીથી કેટલોક વાર ખલલ થતી હતી, અને સર એલેકઝ તમોને અમારે ઘર લઈ આવવા માહરા એબડને સલાહ આપી હતી"

તેણીએ બીજી એક ખરી વાત જે પછીથી મે સાભળી તે મને કહી નહી, અને તે એ હતી કે તે તુમાખી ઉમરાવે દેવળમાથી બાહેર આવીને, જ્યારે હુ ઉંધે મસ્તક બેહોસ પડેલો હતો ત્યારે, હુ જીવતો હતો કે મુવેલો તે જોવા પોતાના બુત સાથની લાતથી મને ચત્તો કરવાની કોશેશ કરી હતી, વાકો વલીને માહરા બદનને હાથ લગાડવાને તે સુગાયો હતો, અથવા તો તે તેણે પોતાના દરજ્જાથી

હલકુ માન્યુ હતુ. પણ આસપાસ જમા થયના લોકોને તે તુમાખ પસદ આવ્યો નહી, અને તેઓએ તેથી એક "ચટચટ" સાથે વચ્ચે પડીને મને ચત્તો કરી આપ્યો, જે ઘણુ ભારી પડી ગયલુ હોવાના સબબે પાછળથી તેણે માહરી તરફ ઘણો ભલો ને દયાળુ દેખાવાની એ રવેમે બધી અગાડપછાડ કરી મેલી હતી!

"આએ દરાખ ઘણી મીઠી મધ જેવી છે, અને તે અમાગ ભલા લેડીની તમો જોગી ભેટ છે," ભલી મીસીસ એબલે એક ટીપૉયપર તે પ્લેટ ગોઠવતા ખુલાસો કર્યો, "તમો બે ચાર ખાય તો ખાવો; ઘણુ મોઢુ સમરી જશે અને તેટલા હુ માહરા એબવને તમો હુશીઆર થવાના સમાચાર કહી મોકળુ"—અને તે એમ કેહતા મને એકલો મુકીને ઓરડાની બાહેર ગઇ.

મે તે દરાખનો ઝુમખો, તેથી, તેના એમ જવા કેડે માહરા નાતવાન અને ધ્રુજતા હાથોમા હેતથી ઉપાડી લીધો, અને તે ઉપર સાચ્ચા હેતની અનેક ચુમીઓ લીધી તે માહરી વાહલીની માહરા જોગી ભેટ હતી, ને જે તે તેના હાથને સુખી સ્પર્શ ભોગવી આવી હતી! આહા, તે જો કદી જાણને કે તે ભેટ તે કોણને માટે મોકળી હતી!!

એબવ ઘેર જલદીજ દોડતો આવ્યો તે ઘણો ખુશી થયેલો દેખાતો હતો

"માહરી જૅની કેહછ કે તમે ઘણા સારી પેઠે છો," તેણે હસને ચેહરે માહરી પર વાકો વળી કહ્યુ, "હુ તે સાભળીને તેમજ જોઇને ઘણોજ ખુશી છુ હવે તમે જલદીજ સાજા થશો"

સાજો થવશ ? હુ તો મરવા માગતો હતો, પણ મોહત માગેછ તેને મલેછેજ કયા ? મોહન માગ્યુ મલતુજ નથી !

થોડા દિવસ પછી હુ ધીમે ધીમે ઘરમા ફરતો હરતો પણ થયો હુ માહરી લાબી બીમારીની અત્યત નાતવાની વચ્ચે તદન બદલાઇ અને ફેરવાઇ ગયો હતો માહરી પોતાની મા જુએ તો તે પણ મને ઓળખી ન શકે એટલો બધો માહરામા ફેરફાર થયો હતો, ને આરસીમા ડોકાવતા હુ જાણે પોતે પોતાનેજ ઓળખી શકયો નહી ! માહરો ચેહરો ફીકકો અને પાતળો થઇ ગયો હતો, માહરી આખમા અને ગાલમા ખાડા પડી ગયા હતા, અને કમ્મરમાથી હુ એક વારનો સીધો તતણખાર, સોહામણો સિપાહબચ્ચો તેના આ શા ફેર થયા હતા ! એ કરતા તો ખરેખર મરવુજ ભલુ હતુ, પણ મોહત, મે ઉપર કહ્યુ તેમ, માગ્યુ મલતુજ નથી !

તે દયાળુ વર બૈયરે મને રૂખસદ આપીજ નહી મે જવા તો ઘણુજ માગ્યુ, પણ જવાનુ માહરૂ મુકામજ ન હતુ એમ જાણી મને ત્યા હજી બી રેહવાનોજ તેઓએ દયાળુ આગ્રહ કર્યો હુ તે કુટુબનો જાણે એક થઇ ગયો હતો ! બાગબાન એમન જરા બી અમો ફુરસદે પડયે ત્યારે પોતાના શેઠ શેઠાણીનીજ વાતચીત કરયા કરે ત્યાના મેળાવડા અને પાર્ટીઓ દરમ્યાન લેડી ગ્લેન શુ પેહડતી અને કેવી દેખાતી તે બધી વાત તે કેહતો, અને કેહવાની કાઇ જરૂર છે કે તે માહણુઅને લગતી તે સઘળા વાત મને હદ વિનાની આતુરતાથી સાભળવા ગમતી ? માહરા નામુરાદ અને નાચારસ હાલપર ભલા એબલને ઘણીજ દયા આવતી, અને હુ મોહત માગતો

તે માહરી હેમાકાત તે હમેશ હમી કાઢતો

"તું કોઇ વાતના ગમમા છે, માહરા દોસ્ત," તે કેહતો "તાહરૂ મન સારી રીતે કામકાજમા રોકાયલુ રહેવુ જોઇએ. તેમ થશે તોજ તાહરા બદનમાં બી તાકાત આવશે તાહરે વાસ્તે એક નોકરી માહરી નજરમા છે માહરા હાથ નીચેનો એક માની પોતાની નોકરી ગઇ કાલેજ છોડી ગયલો છે, અને તે જગ્યા સર એલેકની રજાથી હુ તુને આપવા માગુછ છે મરજી?"

"પણ મને બાગબાનીનુ કામ આવડેછ કયા જે તેની વાત?"

"તેનો કાંઇ મુજાકો નથી," એમલે હીમ્મત આપી "હુ તુને શીખવશ, ને તુ દેખીતી રીતે ચતુર બુદ્ધાનો છે એટલે એક તડાકામા તે બધુ તુ શીખી જશે માહરૂ તો ખરા દીલનુ મત છે કે તનની કે મનની બીમારી દફે કરવા બાગબાનીના કામથી બેહતર ઇલાજ બીજો કોઇ છેજ નહી. ફુલોના પમરાત વચ્ચે અને તાજી ખુલ્લી હવામા રેહેવુ અને જીવવુ એથી વધારે સુખકારક રોકાણ બીજી થઇજ શુ શકે? ફુલો કયારે ખીલવા માડશે અને ફળો કયારે પાકવા માડશે, બીજા કયારે ફુટવા માડશે અને પાત્રા કયારે ખરવા માડશે એ બધુ જાણવુ તે પણ એક ખરેખરી મોટી વિધ્યા છે હુ કાઇ તાહરી ખાનગી વાતો જાણવા માગતો નથી, પણ માહરી ખાત્રી છે કે તેં મને તાહરૂ નામ જે જૉન તરીકે આપ્યુ છ તે કાઇ ખરૂ નામ નથી તુ બીચારો દેખાવે ગરીબ છે, પણ કોઇ બીનકેળવાયલો કે કગાળ આસામી નથી

હું જોઇ શકુ છ કે તુ દેખીતો એક ગ્રહસ્થ અને કેળવાયલો જવાન છે. તે આગળ આએ કરતા સારા દાહાડા અનુભવેલા હોવાજ જોઇએ હવે, તેથી, તાહરૂ એ બધુ દુ ખ ભુલાવા હુ તુને માહરા ધ ધામા રાખવાની ઑફર કરૂ છ"

મે હેસાનથી તેનો હાથ માહરા હાથમા લીધો અને દાબ્યો. આએ કોઇ કેવો ખરો ભલો આદમી હતો ! ખરેખર, મે જોયુ કે આએ તો બેતકરાર સાબીત થયલી વાત છે કે તુમાખી તવગરોના મહેલો કરતા સાદા અને સાચ્ચા ગરીબોમા ભલાઇનો અ શ બાજે વખ્ત વધારે સમાયલોજ પુરવાર થાએ છે !

"બાગમા તુને ઘણી ગમત પડશે," એમને મને લલચાવાની મતલબથી કહ્યુ "આપણા શેઠ શેઠાણી સર એલેક અને લેડી ગ્લેનને અવારનવાર તુને જોવાનુ અને મળવાનુ થશે તહરેવાર લોકો તેઓની મીનાકાતે આવશે તેઓના પોશકો અને ઠઠેરા જોઇ જોઇને તુ ઘણી ગમત મેળવશે લેડી ગ્લેન નોકરો સાથે બી ઘણા નમાના ને મેહરબાન છે, અને હુ થોડુ ક સુધી તેઓનો એક ખાસ ન્હાનો બગીચો છે ત્યાજ તુને કામપર રાખવા ધારૂ છ તે બગીચો તાહરીજ સ ભાળમા ખાસ હુ સોપવા માગુ છ તે તુને ગમશે?"

ગમશે? એ સવાલજ બેજા હતો! ગરીબ બીચારો એમલતે ખરી વાતનો મર્મ શુ જાણે?

"લેડી એ બગીચામા ઘણી વખત ઉતરતા હશે?" મે નિર્દોશપણા અને સાદાઇના દેખાવથી પુછ્યુ

' ઘણી વખત," એમલે જવાબ કર્યો, "જ્યારે બી તે બાનુ

એકલી પડે ત્યારે ત્યાજ પોતાની ચોપડી અથવા કામકાજ લઇને એકાત શોધતી ઉતરી પડેછ ખરૂ કહુ તો ત્યાજ મે તે બાનુને એકથી અનેક વાર એકાતમાં મોતી સમાન છુપ્યા આસુ ખેરવતી જોયલી ને પકડેલી છે"

"આસુ ખેરવતી?" મે તાજુબીમા પોકારયુ, "શાને વાસ્તે' કોણને વાસ્તે?"

"તે હુ કેમ કહી શકુ?" તેણે જવાબ કર્યો "તે એ બાનુનો ઘણો માનીતો બગીચો છે, અને તેટલુજ મને તે ઘણા સરસમાસરસ ઑરડરમા રાખવાને લલચાવવા માટે પુરતુ છે"

તેજ માહરે માટે પણ મોટામામોટી લાલચ હતી! ત્યા કલાકો સુધી તે મહાણુબને એકલી જોયા કરવા અને તેની હીલચાલો છુપો રહી તપાસવાનો મને જોગ થનાર હતો તેજ મને લલચાવાને જોઇએ તે કરતા જ્યાદા હતુ હુ તેને હાલચાલ કરતી જોઇ શકશ, અને વાતચીતમા રૂબરૂ રહીને સાભળી શકશ તેથી વધારે મોજ માહરા જેવા બેનસીબને માટે બીજી શી થઇ શકે?

"માહરે આજેજ તમોને હા નાનો જવાબ આપી દેવો જોઇએ?" મે, એમ છતા, પુછ્યુ.

"નહી, તુ ધીરજથી વિચાર કરજે, ને ભલે કાલે મને જવાબ આપજે,' એબલે હીમ્મત આપી

"સર એલેકને ગમશે?"

"ખચીત ગમશે," એબલે ખાત્રી આપી "તે તાહરે વાસ્તે અવારનવાર માયાળુપણે પરપુછ કરીઆજ કરેછ મને પોતેજ તેવણે

મોઢે ચઢીને કહ્યું હતુ  કે એ ગરીબ બીચારાને એનુ પેટપુરૂ મળે એવુ તુ તાહરા હાથ હેઠળ એને કાંઇ કામ કાએ નથી આપનો ?"

"હુ કાલે ત્યારે તમને વિચાર કરીને માહરો સેવટનો જવાબ આપશ," મે બેદરકારીના ઢોંગથી કહ્યું.

"તેની કાઇ ફકર નથી," એબલે ધીરજ આપી 'તુને નહી ગમે તો સુખેથી ના કેહજે હુ તાહરૂ ભલુ ચાહનાર છુ તે યાદ રાખજે હુ કાઇ બધાજ પરાયા સાથે એમ મન મુકીને એકદમ મળી જતો નથી, પણ તુ મને કઇ અજબ જેવી હદ સુધી ગમી ગયોછ તાહરા કપાળપર આએ જે જખમનો ઉંડો છાપ છે તે ઉપરથી પુરવાર થાયછ કે તુ કોઇ શુરવીર સિપાહબચ્ચો છે, અને દરેક બાહદુર બ્રિટીશ સિપાહનો હુ વખાણનાર છુ  હું તાહરૂં ભલુજ કરશ "

મે, એ સાભળી, તેનો ફરી ફરીને ઉપકાર માન્યો, અને તે પછી તે મને માહરા વિચારો વચ્ચે ત્યાં એકલો છોડી ગયો હુ દેવલના મેહરાબમા બેહોસ તુટી પડયો હતો તે વાતને બરાબર બે મહિના ગુજરી ગયા હતા, અને અત્યારે હાલમા તેજ ગઇગુજરી માત્ર નહી પણ માહરી આખી જીદગીને લગતી એક દુખી ગઇગુજરી માહરે એક તડાકે યાદ કરી લેવી પડતી હતી.

તે દુખ અને હાદેસાઓનીજ એક કાહાણી હતી. મે એક વાર સુખી વખત જોયલા હતા, પણ અફસોસ–તે બધુ એક તડાકે સ્વપ્નવત હોય એમ વહી ગયુ હતું, અને ટુક જીદગીમા હુ જીદગીથી ધરાઇ ભરાઇ ગયો હતો ! એવુ તે માહરાપર એ શુ ગુજ-

રયુ હતુ ?

હુ કુલીન માબાપનુ ફરજંદ હતો માહરા માબાપ અવલમા પાચ પૈસે સારી રીતે સુખી હતા માહરા પીતનુ નામ જોસફ ગોર-ડન હતુ, કે જે એક ઘણોજ માનવત આસામી હતો તે એવો સાચો, ઇમાની અને ઇતબારી હતો કે તેનો એક બોલ તેના કસ-મથો બી જ્યાદા લેખવામા આવતો હતો "કરલોસ પાર્ક" નામનો એક મેહલ જેવો બગલો અમારી પોતાની ધણીઆતી મીલકત હતી, જે ખરીદવા પછીજ માહરા પીતાના માહરી માતા સાથે લગન થયા હતા

મારા પીતાની હુ જે તારીફ કરૂ તે ઓછી છે. તે ખુશ-મિજાજ, હાજરજવાબી અને રમુજી હતો, ઉમરાવી તોરનો, હાતમ જેવા દિલનો, સખી તબેહ હતો, દયાળુ, નીતિમાન અને સાચ્ચો હતો તેનો દેખાવજ જે જુએ તે તેને ચાહે અને માન આપે તેવો હતો છોકરાઓ બી તેને હેતથી મલે અને જાનવરો વટીક તેને જોઇને રાજી થતા એવુ તેનુ કરતવ્ય હતુ તે જયા જાએ ત્યા ખુશીજ બરપા થતી તેનો અવાજ હીમ્મત આપે તેવો મીઠો હતો વીધવાઓ અને માબાપ વગરનાઓનો તે વાલી હતો, અને તે ગુસ્સે થતો ત્યારે બી તે નરમાસ ભુલી જઇ શકતો નહી તેને ખેચીને કોઇને બે સુખનો કહેવાનો તો જાણે અનુભવજ ન હતો ! તે ઇગ્લાડની એક કોઇ બી જાણીતી એક જેવીજ પ્રસિદ્ધતા પામેલી અને પગભર થઇ ચુકેલી મેસર્સ ગોરડન અને સ્મીથની જાણીતી પેહડીનો વડો હતો

તેઓ નાણાવતી હતા, અને પૈસાની તેમને ત્યા મોટી રકમની ધીરધાર વરસો થકી ચાલુ રહેલી રહી હતી અસલ તે પેહડીમા ઘણા ભાગીદાર હતા, પણ તે બધા ખરતા અથવા અલગ થતા કેડે છેલ્લે માહરા બાપ એકલા તે અસલજ નામની પેહડી ચલાવતા બાકી બચેલા હતા, અને હુ તે પેહડીનો વારેસ માલેક હતો એ પેહડી કરલોસમાં આવેલી હતી, અને એ બેક આખા ઇગ્લાડમા જાણીતી હતી, એટલુજ નહી પણ આખા ઇગ્લાડમા તેને વાસ્તે ઘણુ વિશ્વાસભરેલુ અને સારૂજ બોલવામા આવતુ હતુ

અમારો "કરલોસ પાર્ક" બી ઘણી નામીચી જાગીર હતી, અને ત્યા પૈસાટકાના હરેક સુખમા ઘણા દમામથી અમો રહેલા હતા કોઇ બી મોજ, કોઇ બી ઠાઠ અને કોઇ બી સુખની ત્યા કશી કસર નહી હતી માહરા માતા ઘણા ખુબસુરત બાનુ કેહવાતા હતા, અને તેવણના હીરા મોતી અને ગાડી ઘોડા ઘણા વખણાતા હતા કરલોસમા તેવણ એક રાણી જેવા હતા, ને હુ એ માબાપનો એકપુરો દીકરો હતો

હુ એકપુરો હતો માટે ઘણા પ્યારથી થોડો ઘણો બેહકી ગયલો હતો માહરી માતા માહરી બચગીમા મને એટલો બધો ભપકો કરાવતી કે હુ છોકરા કરતા છોકરી જેવો વધારે લાગતો હતો એમ છતા માહરા ભલા પીતાની કાળજીના પરીણામમા મને કેળવણી ઘણી સારી આપવામા આવી મે ઇટનની પાઠશાળામા કેળવણી લીધી, અને ત્યાથી ઑક્ષફર્ડની યુનીવરસીટીમા હુ પસાર થયો

'કન્લોસનો ગોરડન,' 'ગોગડન ધી બેકર' એવા નામે માહરા બાપની ત્યા હમેશ વાત અને યાદ થતી, અને હુ એ નામ માટે ઘણો મગરૂર રેહતો એક નાઇટ, બેરન કે અર્લ જેટલુજ એ નામ જ્યા ત્યા માન પામતુ હતુ, અને એટલાવાસ્તે એવા કોઇ ટાઇટલની માહરા બાપને કે મને તુભા રહી ન હતી ખરેખર તો માહરા પીતાને નાઇટના ખેતાબની ઑફર વટીક એક વાર થઇ હતી, જે તેઓએ સ્વિકારવા માન સાથે ના પાડયુ હતુ 'કરલોસનો ગોરડન' એજ સાદુ નામ મને બસ છે," તેવણુ હસીને જવાબમા કેહતા હતા "માહરો દીકરો હેનરી ગોરડન જ્યારે મોટો થાય ત્યારે ભલે એને ગમે તેમ કરે એને ગમતુ હશે અને એને મલતો હશે તો એ ભલે કોઇ ખેનામનો સ્વિકાર કરે" ટુકમા, અઢાર વરસની ઉમ્મર સુધી હુ ઑક્ષફર્ડમા હતો, અને સઘળા છોકરાઓ માહરા ઝળકતા ભવિષ માટે મને મુબારકબાદી આપતા અને માહરી અદેખાઇ કરતા હતા

એવામા એક હીણભાગ્ય સહવારે અચણુચ દુખના વાદળા ચહડી આવ્યા! નિરમળ અને ચળકતા આકાશમા અચણુચ અંધારૂ છવાઇ જાય તેમજ તે દેહસ્તનાક સમાચાર માહરી યુનીવરસીટીમા જ્યા હુ હતો ત્યા તાર મારફને વસડાઇ આવ્યા!

તે તારમા ફકત થોડાજ બોલ લખેલા હતા, અને તે માહરા પીતાનો કરેલો હતો તે "તાકીદ" નો હતો તેમા એટલુજ હતુ – "એકદમ ઘેરે આવતા રહો ઘીલ ના કરતા, મોટી ખરાબીની વાત છે"

મોટી ખરાબી વાત! તે શી હોવી જોઇએ? મે મનથી

વમારયુ કે કદાપી માહરા માતા ધારતીભરેલી હદ સુધી બીમાર થઇ ગયા હોય ?–અને હુ વગર ધીલે, તેથી, રજા મેળવી એકદમ ઘર જવા નિકળી પડ્યો

## પ્રકરણ ૩ જું.

હુ "કરલોસ પાર્ક"મા પોહચ્યો ત્યારે છેક રાત થઇ ગયલી હતી, અને હુ સ્ટેશનપરથી શેહેરમા હંકારી ગયો ત્યારે તેટલામાજ મે જોઇ લીધુ કે કાઇ બી મોટી ખરાબી હતી ખરી ! લોકો ટોળેબંધ ઠેકાણે ઠેકાણે વાત કરતા ઉભા હતા, અને એક બે ઠેકાણે તો માહરા બાપને ખરાબ ગાળો વટીક દેવાતી મે સાભળી એ શુ ? શુ કરલોસનુ લોક દીવાનુ થયુ હતુ ? જેનુ નામ માન વગર ઓચરીજ ન શકાય તેને એકાદ હેમક ગાળ વટીક દેતો હતો એ તે શુ ?

ગાડી બગલા પર પોહચી ત્યારે ન તો માહરા બાપ કે ન તો માહરા માતા મને હમેશ માફક ઉલટમદ કે હરખભેર ભેટવા અને આવકાર આપવા ત્યા બાહેર હાજર હતા, અને તેથી હુ વધતો તાજુબ થયો ફક્ત અમારો બુઢો બટલર ઓટલાપર અદબ વાળી ઉભેલો હતો, અને તેને મે પુછ્યુ, "એ શુ છે, ટૉમ ?"

તેણે ગભીરાઇથી માથુ ધુણાવ્યુ

"લાબી વાત છે, સાહેબ," તેણે કહ્યુ "મોટ શેઠ પોતેજ

તમોને કેહશે, તેઓ લાયબ્રેરીમા તમારી વાટ જોયછ"

હુ એક કુદકે લાયબ્રેરીમા દોડયો ત્યા માહરો પીતા હાય નીસાસા નાખતો અને રડતો એકલો બેઠો હતો

"એ શુ છે, પપા?" મે તેને તરત ગભરાઇને પુછયુ

"ઘણુ માઠુ છે, દીકરા," તેણે ગંભીરાઇથી કહ્યુ, "આપણી બેન્કે દેવાળુ કાઢયુછ, અને હુ ભીખારી થઇ ગયોછ એટલુજ નહી પણ તાહરી માતા બીચારી છેક એક વાલની વાળી કે વીટી વગરની થઇ ગઇછ! અરેરે, આપણે ત્યાના ડીપોઝીટ કરોડો બચાવાની માહરી દરેક જેહમત છતા અતે સઘળુ ડુબી ગયુછ, અને હજારો લોક બિચારા બાપલા વગરના થઇ જવાથી માહરા માન પામતા નામનો નરકમા વાસ થયોછ!"

એક દુખનુ દચકુ એમ કેહતા તેની છાતીમા ઉભરાઇ આવ્યુ, અને હુ પોતે બી એ મોટી ખાનાખરાબીની નહી વધી રાખેની વાત સાભળતા હબકી ગયો કાઇ માઠુ થયલુ હોવામા બીમારીનીજ વાત સાભળવાની વકીથી હુ તો આવ્યો હતો, પણ આ રીતે છેક છેલ્લી પાયરીના નખ્ખોદ અને નાશની તો મને કાઇ વકીજ ન હતી!

"ત્યારે શુ સઘળુજ આપણે ખોઇ બેઠા?" મેં આસુભરી આંખોએ પુછયુ

"સઘળુજ!' માહરા બાપે દર્દમદ દીલે ભાર નાખી જવાબ કર્યો "મે કહ્યુ, છોકરા, કે તાહરી મા એક વાલની વીટી કે વાળીથી બી બીચારી બેનસીબ થઇ ગેઇછ! આપણે આપણુ સર્વસ્વ અને પૈએ પૈ ખોઇ બેઠાછ'"

"પણ એ એટલો બધો ગજબ એટલો બધો અચબુચ કેમ થયો ?"

"હું તે કહી શકતો નથી," માહરા બાપે દુખથી માથુ નમાવી કહ્યુ "છેલ્લા છ મહીનાની વાતપર તો હમેશ જેવી આબાદી એકમા ગાલુ હતી, પણ ત્યાર પછી નાણાભીડ થવા લાગી, અને વેપારમા હદ વગરની મદી આવી તે છાટા અવારનવાર આપણા હાઉસને બી ઉડવા લાગ્યા કોઇ ને કોઇ નાહની મોટી પેહડી બેસતી ગઇ, અને તેથી આપણે ત્યા નહી ધારેલા ખાડા પડતા ચાલ્યા ને પછી અતે ગયે અઠવાડીએ પેરીસની એક નામાકીત પેહડીએ દેવાળુ કાઢયુ, અને તેમા આપણી ધીરધાર ઘણી મોટી અને ઘણી જબરી હોવાથી સરવાયુ કાઢતા આપણાથી બી ટકાયુ નહી!"–અને માહરો બાપ પાછો હીમત હારી રડી પડયો

હવે હુ દીલાસામા શુ કહી શકુ ? મ ઘણી મોહબત અને દીલસોજીથી, એમ છતા, બન્યુ એટલો માહરા બાપને સધ્યારો આપ્યો. મે જોયુ કે માહરા ઘર પર તો જાણે સીનમનો સેહતાનજ ઉતરી પડયો હતો! આહા, તે વખતના અમારા ગભરાત, અમારી નામોશી અને અમારા દુખનુ શુ બ્યાન કરી શકાશે ? હુ તે બ્યાનને લગતી બારીકીમા ઉતરવા ચાહતો નથી માહરી મગરૂર માતા નીચેથી ઉચુ જોઇ શકી નહી મને કેહતા શરમ લાગે છે કે તેણીને પૈસાનો પ્યાર ઘણોજ હતો, અને તે માહરા બાપને કદી માફ કરી શકી નહી માહરા બાપે નીભાયુ ત્યા સુધી નીભાવ્યુ હતુ અમારી એસટેટ, અમારા ગાડી ઘોડા, અને અમારૂ જર જરીઆન એ સઘળુ

છુપી રવેમે મારગેજ સારગેજમા થસાવીને અથવા વેચી સાતીને તેણે પોતાની ઇજ્જત રાખવા માગી હતી, પણ જ્યા આસમાનજ તુટી પડે ત્યા કોણ તેને ટેકો દઇ શકે?

માહરી માતાનો ઘણો વાક હતો માહરા પીતાને જરા એ દીલાસો આપવાને બદલે તે સઘળો તેનોજ વાક કાઢતી અને રડયા કરતી જાણે પૈસા જવાથી માહરા બાપ માટેનો તેનો સઘળો પ્યાર પણ એક તડાકે ઉડી ગયો, અને અત્યાર તુલક માહરા બાપે તેને લખ્ખોની મોજમા માહલતી રાખી હતી તે તેની ભલાઇ અને હેસાન તેણે એક તડાકે વીસારી દીધા!

માહરો બાપ નીતીમાન અને સાચ્ચો હતો તેણે તન ઢાકવા-જોગા કપડાંચપડા શિવાય કશુ બી બચાવ્યુ નહી, અને અમો ગ્રલોસ પાર્કમાથી ભીખારી હાલતમા છેલ્લેઅતે રડતા તવલતા ઉતરી ગયા ઓ, તે વાહલુ મકાન સદાનુ છોડી જતા માહરો બાપ નીચેથી ઉચુ નહી જોઇ શકયો તેમા કોણ અજબ થઇ શકશે?

અમારા મેહલથા થોડેક દુર એક નાહનુ કગાલ ઘર ભાડે લઇ તેમા ફક્ત જરૂરી સામન વસાવી અમો ઠર પડયા માહરા બાપનુ દીલ તુટી ગયુ, અને માહરી મા તો જાણે જીવતીજ મરી રહી હતી!

દુન્યા પૈસાની—પૈસાની—પૈસાનીજ છે! અમારી પાસ જ્યારે પૈસા હતા ત્યારે જેઓ અમો ઉપર ઓઢાઇ પડરાઇ જતા હતા તે બધા હવે ખસતા અને અળગા થઇ ગયા જેઓ માહરા બાપને ચાહવાવાલા હતા તેઓ હવે તેને છુટે મોઢે ગાળો ભાડવા લાગ્યા ન્યુસપેપરવાલાઓ પણ જેઓ એ નાશ થયો તેની આગમચ માહરા

બાપને માટે માનભરી આરટીકલો લખી લખીને તેની ખુશામદ કર્યા કરતા હતા તેઓ હવે તે બિચારો વાંચતા લાજી મરે તેવાં લખાંણો કરવા લાગ્યા ! આહ પૈસા ! પૈસા ! પૈસા !

એક દાહાડે—ઘણે દાહડે અમો કાંઇ જરૂરી કામે બાપ દીકરા બન્ને સાથે ઘરમાથી બાહર પડયા, અને દેવળ આગળથી જતાં અમોએ કોઇનાં મોહતનો ઘંટ વાગતો થયલો સાભળ્યો માહરા બાપે, તેથી, દેવળના બારણા આગળ થોભીને ત્યા ઉભેના એક આદમીને પુછયુ, "એ કોણ ગુજરયુ ?"

"મી૦ તેલફર્ડ," તે આસામીએ માહરા પીતાને જોતા ધ્રુરકીને જવાબ આપ્યો, "બીચારો તુટેલા જીગરે મરી ગયો"

માહરો બાપ તેને ગોળી લાગી હોય તેમ એ નામ સાભળી ચમકયો

"તુટેલા દીલનો કેમ ?" ત્યાથી આગળ વધતા મે માહરા પીતાને તાજુબીથી પુછયુ

"કારણ કે તેની પૈદાએશ આપણી બેકમા ડુબી ગેઇ," માહરા બાપે ઘણા દુ:ખથી જવાબ કર્યો.

આગળ વધતા અમોને તે ગામડાનો કારકુન મળ્યો, કે જેણે અમારી બેંકના નાશ પામવાથી થયલી ખરાબીનો અમોને ઘણો દેહસ્તનાક ખ્યાલ આપ્યો માબાપ વગરના બચ્ચાઓ જેઓની થાપણો તેઓ ઉમરે આવતા સુધી એ બેકમા મુકવામા આવી હતી તેઓ ભીખારી થઇ ગયલાં હતા, ઘણા સુખી વરો સુખ ને આબાદીમાથી એકદમ ગરીબીમા ગબડી પડયા હતા, ઘરડાઓ, બાઇબાર-

ગીઓ, અને કામ કરવાને અશકત જેઓ સઘળો થાપણુ અમારી બેંકમા રોકીને વ્યાજપરજ પોતાનો ગુજારો કરતા હતા તે બધા પામામાલ થઇ ગયા હતા, અને, ટુકમા, ખોહારી અને ખાનાખરાબી એક નહી પણ સેહે કડો ઘરોમા રાજ ચલાવી રહી હતી !

"અફસોસ, એ બધુ માહરે લીધેજ થયુ ?" માહરા બાપે કપાલ કુટી કહ્યુ

"તમારેજ લીવે કાએ ?" મે ગુસ્સાથી જવાબ કીધો, "બીજા કમજાતોના દેવામા અને ધધાની મદી સામે તમારાથી નહી ટકાયુ તેમા તમો બિચારા શુ કરો ?"

"માહરે એ બધુ તપાસવુ જોઇતુ હતુ, આટલા આટલા લોકોની જીદગી જાણે માહરે ત્યા ગીરવી હતી તો માહરે ઘણીજ તપાસથી કામ લેવુ હતુ," તેણે ઘણી ગમખારીથી કહ્યુ—અને તે વખતનો તેનો દુખ્યારો ચેહેરો હુ મરતા સુધી ભુલી જઇ શકવાનો નથી

તે રાત માહરા કમનસીબ પીતાની છેલ્લીજ રાત પુરવાર થઇ ! તે બીચારો ઝેર કયાંથી લાવ્યો અને તેણે તે કયારે પીધુ તે અમે કોઇએ જાણ્યુ નહી, ને તેને મે ફકત તેના બીછાણામા વળતી સહવારે મુવેલોજ જોયો તેની બાજુમાની ટેબલપર એક ગલાસ પડેલુ હતુ, અને એક કકડા કાગળપર એટલાજ શબ્દો લખેલા હતા "ખુદા મને માફ કરે મે જાણી બુજીને કોઇનો નાશ કર્યો નથી, મગર આવી ચાલુ નામોશીમા જીવી નહી શકાવાથી મે દાદારને બારશાતી શોધી છે. તાહરા કમનસીબ બાપની નામોશી,

માહરા વ્હાલા ફરજદ, તુ ભુલી જજે ”

પછી જે થયુ તે જાણે બ્યાન કરીને કેહવાની આજે પણ માહ'ામા તાકાત નથી એ બાપ મને એટલો પ્રિય હતો કે તેનુ એ સીતમકારક મોહોત જોતા ને જાણુતા માહરૂ હૃદય ચીરાઇ ગયુ માહરો કલપાત હદ વનાનો ને ખરા જીગરનો હતો, અને આજે બી તે વ્હાલા મુરબ્બીનો એ કમતાલે કેજ હું ધ્રુજ્યા વગર યાદ કરી શકતો નથી

અમો કરલોસ છોડી ગયા માહરી માતાને એ પછી ત્યા રેહવુજ જાણે ભારી પડયુ.–જોકે માહરા પીતાના મરવા પછી લોક તો તેને નીદવાને બદલે હવે તેની નેકી વખાણવાજ લાગ્યુ હતુ

એમજ છે જીવતી જીદગીમા આદમીની ભલાઇની જેટલી કદર નથી થતી તે થકી અધીક તેના મુવા ને ગયા પછીજ થાએ છે એ વિચીત્ર પણ ખરૂ છે બુરો હોએ તે બી લોકમતમા તેના મરવા પછી સારો સિદ્ધ થાએ છે, અને માહરો બાપ તો બિચારો ભલો અને નેક હતો, તો પછી તેની નેકી ને ભલાઇના એમ વધતા વખાણુ થતા આવ્યા તેમા અજાયબી શી હોએ ?

અમો લડન જતા રહ્યા, ને ત્યા થોડુક સુધી નામ બદલી રહ્યા કરલોસના જાંણીતા બેનડર ગોરડનનો આપઘાત આખા યુરપમા પ્રસિદ્ધ થઇ ચુકયો હતો, માટે એ નામોશી મીટાડવા તે ભુલાએ ત્યા સુધી અમોને જાણે ફરજ્યાત નામ બદલી નાખવુ પડયુ હતુ

પછીથી માહરી માએના એક સગાએ અમો મા દીકરા વચ્ચે વળી વગર કારણનુ છેટુ પડાવ્યુ તેણે મને પાદરીનુ કામ શીખાડવાની ઑફર કરી, ને મે ધસીને તે વાતની ના કહી મને એ ધધાનો કશોજ મોહ ન હતો માહરી માતાને, મગર, તે ગમ્યુ નહી તેણીએ મને ફરજ પાડવા ચાહયુ, અને અમો વચ્ચે તેથી નાહક મોટો મીનાકેમો થયો માહરૂ તો ભરાઈજ રહેલુ હતુ. માહરી માતાએ માહરા મરનાર નેકબખ્ત બાપ સાથ ખરેખર તેના પાછલા દાહડામા ઘણી નાલાયક ચાલ ચલાવી હતી, જેથી થયુ એમ કે એ કજયા દરમ્યાન તેણીનો તે માટે બી સખ્ખત ઠાગ્યો કાઢવાની જાણે મને દુખભરી ફરજ થઇ પડી

પરીણામમા, અને અમો છુટા પડયા માહરી માતા બેનજય-નટાઉન પોતાના કોઇ સગાને ઘર જતી રહી, અને હુ માહરૂ ખોલી ખાવા દુન્યામા નમાયો અને એકલોઅટુલો એકદમ બાહેર પડયો એવી આ દોરગી દુન્યા છે! આગળ કેવી માહરી જાહોજલાલી—કેવી ચલે જાવ-બલે જાવ માહરી હાલત, ને હાલમા આ માહરી શી દુખભરી ફેજ! પણ કીરતારના હુકમને નમ્યા વના ઉપાયજ શો હોએ? તે સાહેબની ભેદભરી ગતીને માનવીની મતી કદી પોહચવાની નથી

માહરી માતાનો એક બીજો બી સગો હતો, જે એક જરદાર ને નામદાર ઉમરાવ કેહવાતો હતો. તે તેનો કોઇ દુરનો સગો હતો ને મને ઑકસફર્ડમા માહરી તે વખતની જાહોજલાલી દરમ્યાન મલ્યો હતો, ને ત્યાં અમારી પીછાણ થઇ હતી.

ત્યારે બી તે મને ઘણો તુમાખી માલમ પડયો હતો ત્યારે તે ઑકસફર્ડમાં છ અઠવાડયા રહયો હતો તે દરમ્યાન અમો બેજ વાર ફકત એકઠા મલ્યા હતા તે ગ્લેન મધેનો જાણીતો સર નાર્ટ સર એલેક ગ્લેન હતો, ને "એથર્સટન હૉલ"ની મોટી મીલકતનો માલીક હતો

મે તેને મદદની આરજુથી આ વેલા યાદ થતા સ્હેજ લખ્યુ, ને તેનો વળતી ટપાલે તેણે જવાબ આપ્યો તે જવાબ તુમાખી ને ટુક હતો તેમા ફકત એટલુજ લખેલુ હતુ કે તે બીજી ત્રીજી તો કોઇ મદદ મને કરનાર નહી હતો, પણ જો હુ તેને ત્યા તેની પત્થરની ખાણનું કામ ચાલતુ હતુ તેમા નોકરી રેહવા રાજી હોઉ તો તેને મલવાની તેણે મને આજ્ઞા કરી હતી

એ પણ ગણીમત હતુ હુ, તેથી, તુરત ગ્લેન ગયો, અને તે ઉમરાવને મળ્યો

તેણે મને પોતાની પત્થરની ખાણના ખોદકામ પર ઉપરી ઠરાવ્યો માહરૂ કામ ઝાઝી મેહેનતનુ ન હતુ માહરે ફકત સહવારથી સ્હાંજ તક હાજર થઇ આદમીઓ કને કામ લેવાનુ હતુ કોઇ આળસુ ન રહે કે કોઇ ચોરી ચખારી ન થાએ તે જોવાનુ, હાજરી-પત્રક માંડવાનુ, વિગેરે એહેલુ તે અરચુટણપરચુટણ માહરૂ કામ હતુ

હુ ફકત પાચ પાઉડની માહરી બાકી રહેલી અનામત સાથ મહેનત મજુરીની આ દોરંગી દુન્યા સાથની માહરી લડત સારૂ

હીમ્મતથી કમર કસી બાહેર પડયો હતો હું મેહેનતુ ને જવાન હતો, તો માહરે હારી ખાઇ બેસવા જેવુ શુ હતુ ?

સર એલેકને માહરો બાધો વિગેરે તેના કામકાજ માટે ઘણો ગમ્યો "હુ જાણુ જે લાડમા ઉછરેલો ને બિગડેલો તુ એ કામ કરી શકશે નહી, પણ ફરીથી તને રુબરુ જોતા મને તાહરા કાએન ન ગમેછ," તેણે કહ્યુ

"હુ મેહનતુ રહીને માહરી નિમકહલાલી પુરવાર કરી આપશ, સાહેબ," મે તાબેદારોથી કહ્યુ

તેણે માહરા ભણી તુચ્છકારભરી મુરબ્બીગીરીથી જોયુ

"આએ તાહરા બાપના આપઘાતથી તમો મા દીકરાને ઘણી નામોશી પોહચી હશે," તેણે દયા ખાઇ કહ્યુ

"નામોશી નહી પણ દુખ, સર એલેક," મે ગરમ થતા લોહીએ તોબી માનથી જવાબ કરયો

"તુને તાહરા માબાપે તો એક ગ્રહસ્થ તરીકે ઉછારેલો તે આ મજુર તરીકેનુ કામ તુને કેમ ગમશે ?" તેણે વળી કાપ મુકયો

"મજુર વર્ગમા ગ્રહસ્થ નહો હોઇ ને થઇ શકે એ હુ માનતોજ નથી," મે જવાબ કરયો "સદગુણથી રેહતો ને નિમ-કહલાલીથી નોકરી કરતો દરેક મજુર ગ્રહસ્થજ લેખાવો જોઇએ એમ હુ ધારૂ છુ."

વળી તે મોટા તુચ્છકારથી, એ સાભળી, મોટે મ્હાદે હસી પડયો તેણે મને કામ આપવાની મુરબ્બીગીરીથી તેડયો હતો ખરો,

પણ માહરી એ લગાર સ્વતંત્ર વલાણુ જોઇ તેને મને કામ આપના ઘણુ ગમતુ હોએ એમ કાંઇ દેખાયુ નહી તેણે લોકેલાજે ફરજ્યાત એટલો જવાબ લખી મને તેડાવ્યો હોએ એવોજ બધો મામલો નજરે આવતો હતો હુ, તેથી, ખામોશ રહયો, ને સંભાળથી વરતવા ને વધતી અદબથીજ તેના સવાલોના જવાબો કરવા, માહરી નાચારીનો ખ્યાલ કરી, મે એકદમ વધતી જરૂર પીછાણી લીધી.

"વૅલ, ત્યારે તુને આપણી નોકરીમા રાખ્યેછ તો ખરા, છોકરા," તેણે જરા વિચાર કરીને કહયુ, "મગર સમાલજે, જ્યા ત્યા આપણી સગાઇના નાતાની ડીગ મારતો જતો ના આપણી સગાઇ તો છેક એલારપેલારની ને દુરની છે, પણ તેટલી બી અત્રે જાહેર થએલી જોવા હુ કઇ રાજી નથી તે ઠીક નહીજ પડશે."

"તે વિશે તમો સાહેબે તદન બેફીકર રેહવુ," મે તાબેદારીથી કહ્યુ

"તાહરો બાપ મોટી નામોશીમા મુવો છે," વળી તે હેમકે ચપકો મુકયો, 'ને તેથી આએ પરગણામા આપણી સગાઇ અજવાળામા આવે તો માહરે લજવાઇને મરવાનુ થાએ"

મને એ સાભળી ઝનુન તો ઘણુ છુટયુ, પણ શુ કરૂ ? હુ લોહીનો ગોટ ગલી હજી બી ચુપજ રહ્યો

"તુને સહવારે પાચ વાગતેથી ખાણપર હાજર થવુ જોઇશે," તેણે વરદી કરી, "અને રહાજે છ વાગે બધા આદમીઓ જવા પછીજ, આખા દિવસના કામકાજનો રીપોર્ટ લખી, વળના દિવસનુ

કેટલગ તૈયાર કરી ત્હારે જવાનુ પછી વાત છે ને તુ છે રાત્રે મને તાહરૂ કામ નથી ગમે ત્યા જજે ને ગમે તે કરજે, અને જો એ બધુ કબુલ હોએ તોજ હુ તને પોણા સો પાઉન્ડનુ વરસાણુ આપવા કબુલ થાઉંછ ”

એ તો એ! મે એ ટુક પગાર બી હેસાનથી કબુલ કરયો, ને નીમકહલાલી ને તાબેદારી માટે અને તેના કેહવા મુજબજ હાજર થવા, કામ કરવા ને કામ લેવા મે તેને ફરી ફરીને વચન આપ્યા

“ મીસીસ બેટસ નામની માહરી એક જુની કારભારણ છે તેની સાથે તેના ઝુપડામા તુ ને રેહેવાની હુ સગવડ કરાવશ, ” તેણે કહ્યુ “ તે ડોસી એકલીજ છે ને ભલી છે એટલુજ કે માહરા મેહલમા ત્હારે કદી વગર તેડે આવવુ નહી મને ત્હારૂ કામ પડશે તો હુજ તને તેડાવશ ”

મેં આ હીણાતી જીદગી માટે દુખથી દાત પીસ્યા.

“ રસ્તામા બી આપણે મલ્યે તો માહરૂ ઘણું માન સાચવજે,” તેણે ચાલુ રાખ્યુ “ તુ માહરો સગો છે એમ જાણી દમપર સુમાર રાખી ફરતો ના મને માહરા નોકર તરીકેજ ત્હારે નમીન સલામ કરવી પડશે શુ, એ બધુ બરાબર સમજ્યો તુ ? ”

“ સમજ્યો, સાહેબ,” મે માહરો ગુસ્સો માહરી છાતીમા ગુગળાવીને જેમ તેમ જેહમતે જવાબ કરયો— અને પછી તે મને પેડો પકડાવાની મતલબથી સીસોટીમા કાઇ ઓપેરાના રાગ વગાડતો ત્યાથી ચાલતો થયો

# પ્રકરણ ૪ થું.

સકાલે ઉઠવાની તએહ નહી એટલે મીસીસ એટસને ત્યાથી ચાર વાગામા અધારે અધારે ઉઠીને ખાણપર જવાનુ પેહલા હરોલમા તો મને ઘણુજ અસીકુ ને મુશ્કીલ થઇ પડયુ, પણ તએહ થઇ જતા એ મુશ્કેલીઓ મટી ગઇ, ને થોડાક અઠવાડયા પછી તો ચોપથી હુ માહરી મેળેજ ઉઠવા લાગ્યો તએહ એ બીજી ખુદરત છે ટેવ પડી ગઇ એટલે તો ચાર વાગને આપસી મેલેજ માહરી આખ ખુલી જતી હતી

મને ઘણુ લાબે ચાલી જવાનુ હતુ તોબી પછીથી તો તે પણ ખમીર થયુ "દાહડા"ને બધાએ નમવુ છે, ને કમજાત "દાહડો" ખરા ભાગ્યશાળીઓ સિવાય કોઇને મુકતો નથી માહરૂ કામ થોડુ નોબી જજાલી ને થાકવી નાખનારૂ હતુ, અને રાત્રે હુ થાકેલો પરાકેલો ઘેર આવીને જમીને જરા વારે ઉઘી જતો તે છેક સહવારેજ જાગતો તે ખાણ કાર્નસોરની સહરદપર આની હતી, ને ત્યા કામ કરતા ઘણાખરા કામદારો ને મજુરો ગ્લેનનાજ રેહવાવાલા હતા, એટલે કોઇ ને કોઇ પીછાણવાળો રસ્તો મળી જતા તાહેલાટપા કરતા અમો સેહેલથા ચાલીને આવતા જતા બીજો ઉપાયજ શો ?

હુ પ્રમાનથી ને વફાદારીથી બધુ કામ લેતો ને કરતો હતો કોઇ વખત તે અણઘડ વર્ગ વચ્ચે કામ કરતાં ને લેતા મને માહરી

આગલી શ્રીમત જીદગી અને સુખી સાથીઓની યાદ હૈડે ચઢી આવતી, પણ એક દુખના દચકા સાથ તે દીલમા હુ દાબી દેતો, ને પાછો માહરી હાલની સ્થિતી માટે શુગરગુઝાર થતો સુભાગ્ય માહરા કે હુ એટલો બી થર પડી શકયો હતો ખરેખર, માહરી ધીરજ, માહરી ખત ને ખુદાની મરજી માટેની આધીનતા મને પોતાનેજ જાણે છક કરતી હતી!

એ રીતે એક વરસ ગબડી ગયુ—એક આખુ વરસ, કે જે દરમ્યાન હુ માહરી એ નવી જીદગી ને નવી જગ્યામા તમામ તદન નવોજુનો થઇ ગયો એ, હવે તે સુખી ગઇગુજરીની એક મીઠી યાદ વતરોગે કશુ બી વધારે પાછળ રહ્યુ ન હતુ!

એમ કરતા એક રવીવારની છુટીને દિવસે હુ ફરતો ફરતો ગ્રીન ચર્ચ (દેવળ) જોવા ગયો. હુ એ તરફ આગળ કદી આવ્યોજ ન હતો

તે દિવસે ત્યા દેવળમા કાઇક ઓચ્છવ હતો છોકરાઓને કોઇએ કાઇ ખુશાલીમા ખાણુ આપ્યુ હતુ, અને તેથી તે ન્હાના નિર્દોશ હસતા ચેહરાઓથી દેવળ તમામ ભરાઇ ગયુ હતુ વાવટાની તોરણો લટકાવેલી હતી, અને વળી બાજુમા એક બેન્ડ મીઠા શરોદોથી એ ન્હાનકડા પરોણાઓની મિજલસને રીઝવતુ હતુ

હું ખુશીમા ખચાઇને તે નાધલ્યાઓની એ મઝાહ, તેથી, મોજથી જોતો ઉભો બચ્ચા જેવુ બીજુ શુ? મે માહરૂ બચપણ યાદ કરયુ, અને ખુદા પાસ તે પાક મકાનમા ખરા દીલથી માગ્યુ કે તે મેહેકડો બાળકોમાથી કોઇ બી એવુ હીણભાગ્ય નજ ઉધરે

કે જે માહરી પેઠે પૈમાટકાને લગતી સુખ દુખની છાયામાથી પાછલી જીદગીમા એવી અજબ જેવી કીસમે પસાર થાએ

હુ આગળ ચાલ્યો

આગળ જતા એક મોટા ઓકના ઝાડના છાયામા એક બાળક એક છોકરીના ખોળામા ઉઘી ગયુ હતુ, ને તે છોકરી પોતે તે ઓકના મોટા થડને અઢેલી અરધી વીચેલી આખ સાથ આરામ કરી પડેલી હતી તે મે જોયુ તે સામટી રીતે એક સૌથી જોવા જોગ પીકચર હતુ તે છોકરીએ માથેથી ટોપી ઉતારીને પાસે મુકેલી હતી, અને તેના ચકચકીત ઝુલફાં મરોડદાર રવેસે તેની ગરદનને કીસ કરતા તેની કમરપર ઝુમી પડયા હતા

તે જોવા માટે જાણે એક મધુર સ્વપ્નુ હતુ, ને તે જોવા પછી મે બીજુ કાઇ બી જોવા આગળ વધવાની કશી પરવાહજ ધરાવી નહી આહા, તે છોકરીનુ સૌદર્ય જાણે તેના ખોળામા ઉંઘના નિર્દોષ બાળકના ચેહેરાને પણ નહી સરખાવી શકાએ એટલી હદ સુધી મદ અને ઝાખો બનાવતુ દેખાતુ હતુ તે એક અજબ જેવી ખુબસુરતી હતી તે જાણે પ્યારનીજ માત્ર નહી પણ અશોઇ અને પવિત્રાઇની પણ એક દેખીતી પ્રતિમા હતી !

તે છોકરીએ સારા નસીબે મને મુતલગ જોયો નહી, અને, તેથી, તે તો તે એકાતની નીરાત માની તે પોઢેના બાળક સાથે પોતે ફરાગત વચ્ચે અળેટાયલી પડી રહી, કે જે છુપીને જોયા કરવાની માહરી સરજત માટે હુ હદ વનાનો ખુશ ને શુગરગુજાર થયો એવી એક અનુપમ ખુબસુરતી મે માહરી આખી જીંદગીમા આગળ

કદી જોઇ ન હતી, અને તેથી આ એક પરસ્તાનની હુરીએ મને જોતાજોતામા અને એકદમ આજેજ તથા માહુત કર્યો.

હુ પોતે મુફલીસ, ટુક પગારનો, નાવારેસ હતો તે તો હુ ભુલીજ ગયો! ઓ, હુ ભલીજ ગયો કે હુ એક દીવાળ્યા ને આપઘાતની નામોશીમા મરનાર કમનસીબ બાપનો બેટો હતો તે ચેહેરાએ જાણે ત્યા ને ત્યા માહરી બાકીની આખી જીંદગીની સરજત સિધ્ધ કરી લીધી તે એક અબળાનો ચેહેરો હતો, કે જેણે આ અને પેલી બન્ને ધરતીના સુખ માટે ફરી એક વાર મને જાણે ઉમંગી અને ઉત્સાહી બનાવ્યો

હુ કયા સુધી ને કેટલો વખત એમ તે મધુરૂ "પીકચર" મોજથી જોતો ઉભો તે કહી શકતો નથી એટલુજ કે નજદીક એક કલાક સુધી તે એ ફીસમે જોવા પછી હુ થોડાક કદમ પાછળ હટયો, અને બીજી એક નહાની છોકરી જે એ દરમ્યાનમા આવીને એક વખત તેની સાથ કાંઇ વાત કરી ગઇ હતી તેને મે તે રમતી હતી ત્યા જઇને નરમાસથી પુછયુ, "મીસ, મને મેહરબાની કરીને કેહશો કે પેલા બચ્ચાને લઇને પેલા મોટા ઓકના ઝાડની હેઠે જે છોકરી બેઠેલી છે તેનુ નામ શુ છે?"

"ઓ, એ તો મીસ મે મીડલટન," ને છોકરીએ માહરા મકસદ કશી બી સમજ્યા વના નિર્દોષપણે તરત ખુશાલ જવાબ કર્યો

"મે મીડલટન?"—કેવુ મીઠ્ઠુ નામ! "મે" નામજ કવુ સેહેલુ, મીઠુ ને પ્યારૂ લાગતુ હતુ!

"હા, પણ એ કોણ છે?"

"અહીના પાદરી મી૦ મીડલટનની એ એક એકપુરી છોકરી છે," મને જવાબ મળ્યો,—અને ત્યારેજ તે દેવળને લગતા પાદરીનુ નામ મે કોઇ મી૦ મીડલટન તરીકે સાભળેલુ હોવાની મને યાદ થઇ, પણ તેવા એકને ત્યા આવો આ માહતાબ છુપ્યો હોવાનો તો મને ખ્યાલ બી થયો ન હતો!

જરા વારે તે ઉઠી, ને તેના ખોળામા જાગી ઉઠેલી પેલી બાળકીને તેની બેહનને સ્વાધીન કરી તે ત્યાથી આગળ વધી તે બીજા બચ્ચાઓને કાઇ ને કાઇ બોલાવતી અને વાત કરાવતીજ ચાલી ગામના છોકરાઓ તરફ તે ઘણી મેહરબાન દેખાતી હતી, અને ઘણા ખરા બધા છોકરાઓ તેની સાથે અત્યત હળી ગયા હતા ત્યાર પછી આગળ જતા રસ્તામાજ તેનો પાદરી પીતા તેને મળ્યો, અને તે પછી બાપ દીકરીએ ધીમે ધીમે પોતાના બગલા તરફ ચાલુ મુકયુ

હુ તેઓની પુઠપુઠ છેક તેમના ઘર સુધી ગયો જાદુથી કે મોહીનીથી હુ તેઓની પુઠે પછવાડે ઘસડાતો હોઉ એવોજ માહરો એઅત્યાર હાલ હતો!

મે તે પછી તે આખી રાત તે અજબ જેવી મોહક સુદર તાના સ્વપ્ના જોયા, અને બીજી સહવારે જ્યારે હુ જાગ્યો ત્યારે બી તે સુદરીને લગતા સર્વોતમ ખ્યાલોએજ ચકચુર માહરૂ મગજ ચકભમ ભમતુ હતુ! એટલામાટે એ પછી રોજ સાજે માહરૂ કામ બને એમ વેહલુ આટોપી લઇ તે પાદરીના ઘર તરફ હુ હેરયુ લેતો, અને સુદર મેને ઘરમાથી બાહર આવતી કે બાહરથી અદર જતી

જોઇને માહરી આતુર ચશ્મોને તાઢક પમાડનો !

એ રીતે તે ગરગામડેની માહરી એકાંત દનીદ્ર અને દુખી જીંદગીમાં નવી તાજીગી, નવું તેજ, નવી આશાઓ ઉછળી નીકળી ! હવે જાણે મને ત્યાં રેહવાનું ઘણું સુખકારક લાગ્યું હજી તો હું તેણીની જોડેની મીલાકાતથી સેકડો કોસ દૂર હતો, કોઇ દાહાડો હોઠ ઉઘાડીને તે માહબુબ સાથે એક વાત વટીક મે કરી ન હતી, અને તોપણ છુપો રહીને દુરથી ને દુરથી તેણીને જોવાની મોજમાં પટીક હું પોતાને ભાગ્યશાળી માનવા લાગ્યો હતો !

અંતે એક દાહાડો પાસે પાસેની એક અચાનક મીલાકાતમાં અમારી આંખમે આંખ મળી, અન તેણીએ કાંઇક અજાયબીથી કે કાંઇક અજાયબ જેવા મીઠાસથી માહરા ભણી એકાદ પળ ટીકીને જોયું, અને તેજ બસ હતું તે નેણકટારીના કતાહલ બાણોએ માહરૂં અંતર હતું તે કરતા જયાદા આરપાર વીંધી નાખ્યું, અને તેણીની ચશ્મોની તે એક મોહબ્બતવતી યાદ ઉપર કેટનાક દિવસો તુલક વળી મેં ત્યાર બાદ માહરો ગુજારો ચલાવ્યો !

એ રીતે ત્રણ મહીના ગુજરી ગયા

એ રીતે ત્રણ મહિના ગુજરી ગયા, તોપણ એક બી વખત તે મધુરી સાથ હોઠ ઉઘાડીને વાત કરવાનો મને પ્રસંગ થયો નહી, પણ માલીક દયાળુ છે એક દિવસે એતેફાક મી૰ મીડલટનની પોતાની સાથે એક ચોપડીવાળાની દુકાણે માહરી મીલાકાત થઇ ગઇ, અને ત્યાં અનાયસે ઓળખાણ પડી મે તેનું કાઇક ત્યાં ને ત્યાં ઉભો રહીને કામ કરી આપ્યું, અને તે તેને ગમ્યું હોય એમ જણાયું, કેમકે

મે તેનુ સારૂ મત એકદમ જીતી લીધુ તેણે માહરૂ નામ પુછયુ, અને ખુલાસામા મે તેને જાહેર કર્યુ કે હુ સર એલેકની પથ્થરની ખાણમા કામદારો ઉપર ઉપરી હતો

અમો વાત કરતા કરતા સાથે સાથેજ તે પછી તે દુકાણમાથી બાહર નિકળ્યા, અને તેણે જયારે મે ઑક્ષફર્ડ યુનીવરસીટીમા અભ્યાસ કરેલો હોવાની વાત સાભળી ત્યારે તે ઘણો તાજુબ થયલો દેખાયો સારા નસીબે તેણે મને માહરા નામથી ઓળખ્યો નહી તે ફક્ત એટલુજ જોઇ શકયો કે મે સારા દાહાડાઓ આગળ જોયલા હતા, અને જમાનાની ગીરદેશીથી માહરા બાપના ગુજરવાથી હુ આ રક સ્થિતીએ પાહચ્યો હતો

"જમાનો કોઇને મુકતો નથી, માહરા જવાન દોસ્ત," તે પાદરીએ કદર કરીને કહ્યુ "સરજતના લેખ મીટાવેલા કદી મીટતા નથી."—અને પછી માહરી અજાએબી અને ખુશાલી વચ્ચે વલતે રવીવારે બપોરે તેની સાથે જમવાનુ તેના મકાન આગળથી છુટો પડતા તેણે મને ચાહીને ઇજન આપ્યુ.

એ ખુશાલી! આ કેવી તદન નહી ધારેલી તક મને મળી ગઇ હતી! મેને મળવાની, મેને જોવાની, મે સાથ રૂબરૂમા વાત કરવાની આથી બેહતર તક મને કયા મળતે?

તે રવીવાર માહેરો સૌથી સુખી રવીવાર હતો મેની માતાએ અને મેએ પોતે ભલા પાદરી મીડલટન જેટલાજ હેતનો મને આવકાર આપ્યો તેના પીતાએ ઓળખાણ કરાવવા પછી મેએ તેટલાજ હેતથી હસતે ચેહરે શેકહેંડમા પેહલીજ વાર મને પોતાનો પ્યારો

પણોતો હાથ આપ્યો, અને તે ફુલ જેવા નરમ નાજુક અને મખ-મલ જેવા સુવાળા એક હાથના સ્પર્શથીજ હુ જાણે જીવતો જાગતો અને સીધો પાધરો સ્વર્ગમા ઉતરી ગયો !

આ પછી ત્યા માહરૂ આવવુ જવુ રફતે રફતે વધતુજ ગયુ અને સાધારણ થયુ

હવે એક સાજે તે પાદરી કોઇ બીમાર અબળાને જોવા ગયલો હતો, અને તેની પરણેતર પોતે બીમાર થવાથી પોતાના ઓરડામાજ હતી, એટલે મે મને એકલીજ મળી તે મીલાકાત ઘણી સુખ-ભરેલી હતી અમોએ એક આખો કલાક એકઠા બેસીને તહરેવાર બાબદોપર દીલખુશ વાતચીત કર્યા કીધી

તે ઘણી ઉલટમદ વાત કરનારી હતી તેણે માહરી કેળવણી, માહરી આગલી પાછલી હાલત એ વિગેરે અનેક તરાહની વાતચીત કરી, કે જે દરમ્યાન ઉશ્કેરણીના આવેશમા મે તેણીને કહી દીધુ કે તેનુ નામ એક વાર સાભળ્યા પછી તે મને અતીઘણુ પ્રિય થઇ પડયુ હતુ

"એટલે— તમે તે કયારે સાભળ્યુ જે?" તેણીએ હસ્તે ચેહેરે પુછ્યુ

"ગીયા જુનમા," મે જવાબ કર્યો, "દેવળમા છોકરાઓને લગતો એક ઓચ્છવ હતો, કે જ્યારે એક ઉંઘતા બચ્ચાને ખોળામા લઇને ઓકના મોટા ઝાડની હેઠળ તમે બેઠેલા હતા, યાદ છે?"

"હા, તે મને બરાબર યાદ છે,' તેણીએ અજાએબીથી કહયુ, "અને ત્યા તમે માહરૂ નામ સાભળ્યુ?"

"હા," મેં કહ્યુ, 'અને તે હુ હવે મગના મુકી મુકી જઇ શકશ નહી મે એવો કોઇ ચેહરો તે આગમચ જોયો થી, અને મે જેવુ એવુ કોઇ મીઠુ નામ બીજુ સાભળ્યુ નથી કે જેણે માહરી પર એટલી બધી અસર કરી હોય!"

તેણીના ચેહરાપર એ વખાણુની વાત સાભળીના રતાસ ધાઇ આવ્યો, અને તેણીએ શરમાઇને નીચે જોયુ

"મને એ વાતની કાંઈજ ખબર નહી હતી," તેણીએ નીચી નજરે કહયુ

હુ મોટે સાદે હસી પડયો કવી નિર્દોશ, કેવી નિષ્કલક, કેવી સ્વચ્છ! હુ તેને કેહવાને હીમ્મત એકઠી કરી શકયો નહી કે હુ તને ચાહુછ તે એવી એક પાક ફીરેસ્તા જેવી દેખાતી હતી કે તેને ચાહવાનુ કેહવુ તે બી તેની પવિત્રાઇને જાણે અપમાન આપના જેવુ હતુ ' વળી અમારા વચ્ચે દરજ્જાનો અતર બી અતી ઘણો મોટો હતો તે હુ માહરા મનથી ભુલી જઇ શકયો નહી. હુ, તેથી, તરત ને તરત તેને ચાહતો હોવાનુ ખુલ્લુ કરીને કહી દેવાથી બાઝ આવ્યો

અમો તે પછી વધારે ને વધારે ભેળાતા ને મલતા ગયા સગ્જત કરે છે તે કોઇ નથી કરતુ મી૦ અને મીસીસ મીડલટનમા માહરે માટેનો અજબ જાતનો ચાહ બરપા થયો, કે જેના પરોણા-મમા તેઓજ મને ચાહીને ફિપરાસાપરી તેડબોલાવ કરતા રહયા, અને તેઓને માહરા પ્રમાણીકપણામા એટલો બધો વિશ્વાસ બેસી ગયો હતો કે સાજે કામથી ફરાગાત પામીને તેઓના ઘરમા જવા

પછી હુ કલાકો સુધી મે સાથ તાહેલા કરતો એકલો બેસતો તે માટે તે ભલા વર બૈયરે કદી બી વાંધો કીધો નહી હુ, તેથી, આસ્તે આસ્તે દર રોજ જવા લાગ્યો, અને તે ઘર સાથનો માહરો પરીગો વધારે ને વધારે મજબુત થતોજ ગયો હુ જાણે તે ઘરનો એક હોઉ તેમજ ત્યા હળી ગયો પાદરી માહરી પાસે કાઇ ને કાઇ વચાવતા, અને હુ તે વાચતો તે ઘણી મોજથી સાભળતા હુ થાકીને આવતો હતો, અને મે સાથે ઓળખાણ થવા આગમચ થાકીને આવીને વેહેલો સુઇ બી જતો હતો, પણ હવે મામલો ફેરવાઇજ ગયો હતો હવે તો થાક, ભુખ, તરસ અને ઉઘ એ સઘળુ જાણે મને વધતુ ઓછુ વીસારી બેઠું હતુ

મે ઘણી મેહરબાન હતી તે માહરી સાથ વધતી ને વધતી હળી જતી રહી તેને પણ જાણે માહરા વના હવે ચાલતુ ન હતુ તેના બગલાની પછવાડે ચેસનટના ઝાડોની એક હાર લબા ચલી હતી, જે ખુશનુમા ઘટા હેઠળ ચદરણામા અમો ઘણો વખત સેહેલ કરતા, અથવા રવીવારે માહરૂ કામ બધ હોએ ત્યારે હાથમા હાથ મેળવી પશ્ચિમમા સુર્ય આથમતો તે ઝાડોની વચ્ચેથી જોવાની મોજ અમો અરસપરસ ઘણા હેત વચ્ચે ભોગવતા એમ છતા, કેહવાને અજબ જેવુ છે કે, હુ તેને માહરા પ્યારની વાતથી અત્યાર તક માહીત કરવાની કશીએ હીમત એકદી કરી શકયો ન હતો

# પ્રકરણ ૫ મું.

મેનો હલક પણ તેટલોજ મધુર હતો તેને ત્યા એક પીઆનો હતો તે ઉપર જ્યારે તે ગાતી ત્યારે જાણે તેના બગલાની આસપાસનુ તમામ એકાત ખુશીમા ધમધમી રેહતુ તે એક સુખકારક પીકચર આજે બી માહરી યાદમા તાજુ છે પાદરી મીડલટન તે મોટા લાબા ઓરડાને એક નાકે પોતાની મોટી ખુરસીમા પોતાનુ પેપર લઇને બતી હેઠળ અજેટાતો, કે જ્યારે મીસીસ મીડલટન અમારી પ્યાના પાસેની ઇઝીચેરમા આરામ કરતા, ને હુ મેના મ્યુઝીકના પાના ઉઠલાવતો ને બાજે વખ્ત તેણી જોડે ગાતો ને માહબુબની ખુરસી પાસેજ કલાકોના કલાકો સુધી ઉભો રહેતા કદી થાકતો નહી તે સુખનુ, સતોષનુ અને ખરી રાહતનુજ એક સાદુ મુકામ હતુ

એવી રીતે તે ગવાયલા એક ગાયનમા એક દિવસ પ્યારમા નાઉમેદ થયલા એક જવાનની ફરયાદ હતી, અને તે મે એટલી તો ખરા દીલની લાગણીથી ગાયુ કે તે ગાતા માહરો અવાજ વટીક ધ્રુજયો, અને મે તે પુરૂ થતા અજાયબીમા માહરો દર્દમદ ચહરો જોવા લાગી. એ દરમ્યાન મે જોયુ કે મી૦ મીડલટન પોતાની ખુરસીપરથી ઉઠી ગયલા હતા—કદાચ અમારા ગાયનના સબબે તેવણના વાચવામા ખલલ થઇ હોએ ને તેથી તેવણ બીજા ઓરડામા વાચવા સારૂ જતા રહયા હોએ—અને મીસીસ મીડલટન પોતાની ઇઝીચેરમા તે ગાયનની લેહરે લેહરે ઉઘી ગયા હતા અમો, તેથી, ત્યા ખરેખર

તો એકલાજ હતા

'તમો એ ગીત ગાતા એટના ઉશ્કેરાયા કેમ?' તે જોઇને મેએ ધીમે સ્હાદે પુછયુ

"કારણ કે માહરીજ એ ફરયાદ છે!"

"શુ?"

'કે હુ જેને ચાહુ છુ તે મને ચાહી શકતી નથી," મે એકદમ હીમત એકઠી કરી કહી દીધુ

"તે તમે શાપરથી કેહોછ?' તેણીએ શરમથી લાલ થતા રોખસારો સાથે પોતાની કી સાથ રમત કરયા કરતા નીચી નજરે કહ્યુ "તમે કેમ જાણો છો કે તે તમને નથી ચાહતી?"

ખરેખર હુ કેવો હેમક ધપેડો! મે કેમ જાણ્યુ કે તે મધુરી મને નથીજ ચાહતી? તેણીના એ મીઠા પ્યારા સવાલનો તુરત જાણે માહરા હૃદયે પડઘા મારયા!

"માહરે જાણવુજ જોઇએ," મે એમ છતા ફેરવી તોલ્યુ. 'આસમાનમાના તારા મેલવવાની હુ ઉમેદ અને આરજુ કરુ તેટલીજ એ માહરી આરજુ મિથ્યા છે"

એ તમારો વિચાર છે, પણ તેના વિચાર એવા નહી હોએ ને તે પોતે એમા એવી કશી મુશ્કેલી નહી ધારતી કે નહી જોતી હોએ તો?' તેણીએ જેમ તેમ સાભળી શકાએ એવા ધીમા અવાજે કહ્યુ, અને પછી પોતે જોઇએ તે કરતા વધતુ ખોલી દેવાની નમળાઇ બતાવી હોએ ને તેથી શરમાઇ કે બીહી ગઇ હોએ તેમ તે બીહીધેલી બાળા "ગુડ નાઇટ, હેનરી, હવે માહરે જવુજ જોઇએ" કરી માહરી પડખેથી ઉઠીને એક બીહીધેલી હરણીનીજ અદાથી નાહઠી

માહરા સુખની હવે સિમાજ ન રહી હવેજ મે જોયુ ને જાણ્યુ કે તે પ્યારા પખેરાના જીગરમાથી તેજ પવિત્ર લાગણીઓ પ્રગટ પડી ચુકી હતી, કે જેના છુપ્યા સુખમા હુ પોતે આજ તક જીવતો હતો ઓ, સુદર મે મને ચાહતી હતી, અને માહરા પાક પ્યારનો સ્વિકાર કરતી હતી એ શુ કાઇ ન્હાનાસુના સુખનો સવાલ હતો ?

ને પછી મે જ્યારે મને પાછી મળી ત્યારે તે હમેશ મુજબ હીમતથી માહરી આખ સમેત આખ મેળવી મને જોઇ શકી નહી પ્યારની શરમાળ ચશ્મો હવે તે માહરા સામે ઉચી કરી શકીજ નહી, ને ઓશકથી લાલ થતા મુખડાએ ને નીચી નજરેજ તેણીએ માહરી જોડે વાતચીત કરી

"મે," તેણીનો પાધરો જવાબ હવે જરૂર મેળવી લેવાની મે મીનતજારીથી કહયુ, "મે તુને જોઇ ને જોઇ હુ તુને ખરી ફીદાગીરીથી ચાહતા શીખ્યોછ, ને માહરી આખી જીદગી મે તાહરા પ્યારા કદમપર નિસાર કરી છે કેહે મને ખુલાસાથી ત્યારે, વ્હાલી, કે તુ મને ચાહવાની કોશેશ કરશે ?"

"નહી," તેણીએ તો નીચી નજરે ને હસ્તે ચેહેરે ચોખ્ખી ના કેહના કહ્યુ !

"નહી ?" મે ગભરાઇને પુકારયુ

"ખચ્ચીતજ નહીં"

"અને તેનો સબબ ?"

" સબબ કે કોશેશ કરી જોવાનો વખત હવે માહરે સારૂ

રહયોજ નથી ! હું તમોને ચાહતા શીખી ચુકીચ, અને હુ તમોને એવા દ્રઢ પ્યારથી ચાહવા લાગીછ કે કોશેશ કરી જોવા જેવુ હવે માહરા બાબમા કશુ બાકી રહયુ જ નથી," તેણીએ માડમાડ સાભળી શકાએ તેવે ધીમે અવાજે કહયુ

હુ હર્ષઘેલો થયો મે તેને પહેલીજવાર તે પછી માહરી ગોદમા દાબી, અને પવિત્ર પ્યારનું એકજ પેહેલુજ ચુબણુ કરયુ

"હજી મને તો જાણે માહરા એ મોટા સુખની સચ્ચાઇ માટે વિશ્વાસ વટીક આવતો નથી !" મે શકાશીળ કહયુ, "ઓ, રખે હું માહરા એ સુખના સ્વપ્નામાથી જાગી ઉઠુ, ને જે પ્યારા ખજાનાનો આજે હુ પોતાને માલીક થયલો માનુછ તે ખોહી બેસવાનો કમભાગ્ય જોગ બને !"

મે ખુશ મિજાજે હસી પડી

"હુ સ્વપ્ના જેવી તમોને જરા બી દેખાઉછ ?" તેણીએ હસીને કહ્યુ, "હુ ભાગી પડુ કે ઘમી જાઉ તેવી પોચી મટોડીની બનાવતની નથી હુ જે કરૂછ તે પરીણામોનો વિચાર કરીને પાક ઠરાવની દરેક ઓસ્તવારી ને સચ્ચાઇના મજ્બુતપણા સાથેજ કરૂછ, હેનરી વ્હાલા "

એ તેણીનો જવાબ મને ઘણોજ ગમ્યો ગમ્યો ? હુ માહરી લાગણીજ અત્રે તેના સપુર્ણપણામા સમજાવવાને અશકત છુ ! હુ પોતાને આખી દુન્યામા સૌથી મોટો ભાગ્યશાળી આદમી સમજવા લાગ્યો

અમોએ કલાકો સુધી તે મીલાકાત દરમ્યાન પછી વળી તે

વાત કરયા કીધી કલાકો કયા ગબડી ગયા ને કેમ પસાર થઇ ગયા તે બી અમોએ જાણ્યુ નહી અરસપરસ કેહવાનુંજ એટલુ બધુ હતુ !

પણ મે માહરા કમનસીબ પીતાની અને તેની દુખભરી ફેજની વાત તેને કશી કહી નહી નહી કે તે કેહતા તે વ્હાલીનો પ્યાર ખોહી બેસવા થકી હુ બીહીધો ! નહી તે પવિત્ર પ્યારના મુસ્તકીમપણા માટે તો હવે મને સપુર્ણ ભરૂસો આવી ચુકયો હતો, પણ જાણે તે વાતથી તે પાકજાદ નિર્દોષ ને નિષ્કલક મધુરીના કાનને કમ-કમાવા હુ હીમત કરી શકયો નહી.

તેણીએ, એમ છતાં, એ દુખી યાદથી માહરો ચેહેરો દર્દમદ થયલો જોયો, અને ચિતાથી કહયું, "વળી શું છે? આએ રીતે ખુશીની વચમા ગમગીન થતા મે તમોને ઘણી વાર જોએલા ને પકડેલા છે હવે આજ પછી આએ પ્યારા ચહેરા ઉપર હુ એક બી ઉદાસી ઉતરેલી જોઇ શકવાની નથી હુ એ ચેહરો સદા હસતો ને સુખીજ રાખશ"

અને એના જવાબમા કશુ બી હોઠ ઉઘાડી કેહવાને બદલે મે પ્યારથી તે પ્યારીનો હાથ માહરા હાથમા લઇ દાબ્યો

હ્યા માહરે જણાવવુ જોઇએ કે એ ગીલાકાત દરમ્યાન વાતચીત કરતા અમો અમારી સેહેલઘાહમા ઘોરી રસ્તા ઉપર ઉતરયા હતાં, ને ફરીને ધીમે કદમે હવે ઘર તરફ પાછા ફરતા હતા, એવામા સામેથી મસ્તાન ઘોડાની જોડીની એક 'મેલકોચ' આવી, અને મે તે તરફ જાયુ તો તે સર એલેકની ગાડી હતી તે પોતેજ તે હાકતો હતો,

અને ઘોડાઓ જોડે ઘણા મસ્તીમા હતા ને તેમને મેનેજ કરવાનુ તેને કાઇક મુશ્કીલ થતુ હતુ, છતા મે જોયુ કે તેણે અમને બેઉને જોયા, ને તે કાઇક અચરત થયલો દેખાયો તેણે તુચ્છકાર અથવા નફ્ટાઇથી અમને ધારીધારીને જોયા

મે સલામમા માહરી ફરજ મુજબ માનથી, અલબત, માહરી ટોપી ઉચકી

"તમો એ ઉમરાવને ઓળખોછ શુ?" મેએ તે ગાડી નિકળી જવા પછી મને પુછયુ.

"હા, એજ માહરો શેઠ છે," મે કહ્યુ, "જે પથ્થરની ખાણમા હુ કામ કરૂછુ તેનો એ માલીક છે તુ બી એને ઓળખેછ શુ?"

"હા, એક બે વખત એ પપા પાસ અમારે બગલે આવ્યો હતો ખરો"

"શુ કામ?"—અને અદેખાઇએ જોતા જોતામા મને ઉશ્કેરી મેલ્યો!

"કાઇ દેવગને લગતી વાત કરવા," તે મીઠી મધુરીએ માહરો ગુસ્સો જોયા વગર કહયુ

'એ આદમી તુને ગમેછ?"

"જરા બી નહી," તેણે જોસથી કહયુ "હુ તો એને પુરો પાધરો જાણુતી કે ઓળખતી બી નથી એક બે વખત લાબે લાબે તફાવતે જોયલો તેજ એ કોઇ સારો માણુસ હોએ એમ જણાતુ જ નથી."

મે વળી તેનો હાથ હેતથી ને હેસાનથી દાબ્યો.

"કસમ ખા, માહરી મીઠી મે, તુ કસમ લે કે માહરા સિવાય હવે પછી કોઇનો બી ખ્યાલ તુ કદી કરશેજ નહી," મે માગી લીધુ

તે મીઠાસથી હસી

"મને એવા કસમ આપવાની કશીજ જરૂર નથી, વ્હાલા," તેણીએ જવાબ કર્યો, "ને તે છતા એ કસમ આપવાથી તમોને સુખ થતુ હોએ તો તેમ કસમ ખાવા મને કશી અડચણ બી નથી"

છેલ્લે, અમો અમારા સુખમા ગીરફતાર ઘર પોહચ્યા

હવે તે પછી મેં તેજ સાહજે ઘરડા પાદરી મી૦ મીડલટન આગળ તેણીની દીકરીના હાથ માટેની માહરી પ્રમાણીક ઉમેદવારી હીમતથી રજુ કરી, અને સુદર મે પોતે મને કબુલ કરી ચુકી હતી તે વાત મે ખુશીથી છળાછળ થતા જીગરે તેને કહી, મગર મે જોયુ કે તે પાદરી માહરા એ એકરાર તેમજ ખુનાસાથી કાઇ ઝાઝો ખુશ થયલો દેખાયો નહી

"એ વિચાર કાઇ મને ઘણો ગમતો નથી," તેણે કહયુ. "માહરા બચ્ચાનુ સુખ માહરે સમાલવુ જોઇએ તમે પરણવા નિકળ્યાછ એ તો ખરૂ, પણ આજવેર માહરા ઘરમા માહરી છોકરી પૈસા ટકા બાબે પુરતા સુખસગવડ સાથે ઉધરેલી છે તેમજ તમો એને રાખી શકશો એમ શુ તમો મને કેહવા માગોછ ?"

હુ ઝખવાણો પડી ગયો હુ એનો જવાબ તે શુ દઇ શકુ ? આજવેર મને કે મેને એ માહરી નાચારીનો તો કદી ખ્યાલ બી થયો નહી હતો! પૈસા તો પ્યારને મુકાબલે અમે તુચ્છ જાણતા

હતા, પણ સંસારમા પૈસાનુ સર્વોપરીપણુ, તે ડોસાએ તે વાસ્તે માહરૂ ધ્યાન ખેચ્યા પછી, માહરે મનથી એકદમ સ્વિકાર્યા વના મને ચાલ્યુ નહી હુ ગમે તે પણ એક મજુર વર્ગનો અને મુફલેસ હતો— એક વાર કેળવાયલો અને સુખી ઘરનો હતો તો શુ થયુ ? હુ ફક્ત પથ્થરની ખાણમા કામ કરતા મજુરોનો ઉપરી હતો, અને માહરૂ ભવિષ પુરતુ શીહા હતુ, કે જ્યારે સુદર મે સુખમા ઉછરેલી એક એવી મધુરી હતી કે જેના ઉપર તો દુખનો એક દુરનો ઓળો વટીક ઉતરવો જોઇએ નહી !

અમોએ ઘણો લાબો વખતવેર અરસપરસ એ વિશે પુરતી ગભીરતા વચ્ચે વાત કરી તે પાદરી કશી રીતે માહરી સાથે તોછ-ડાઇથી કે ઘાટકીપણે વરત્યો નહીં તેણે મને પોતાની દીકરી માટે ધસીને ના પણ કહયુ નહી. તેણે ફકત એટલુજ કહયુ કે હાલના માહરા પગારમા સબડયા કરવાથી માહરો દહાડો કદી બી વળવાનો ન હતો, અને હુ જો એને ચાહનો અને માગતોજ હોઉં તો માહરે મનપર લઇને માહરી હાલત સુધારવા માટે કાઇ બી નવી નોકરી જોઇ કાઢવી જોઇએ

“ મને તમારે પોતાને વાસ્તે કશો વાધો નથી, મી૰ ગોરડન,” મી૰ મીડલટનને કહ્યુ “મને તમારામા પુરતો વિશ્વાસ છે, અને તમારી ચાલચલગત અને સ્વભાવ વિગેરેથી હુ સપુર્ણ સતોષ પામ્યો છુ, મગર વાધો તમારી મુફલસી ને ગરીબાઇનોજ છે તમે કાઇ સારૂ પેદા કરો, પુરતી નામના કરો, અને પછીજ પરણવાનો વિચાર કરો એવી માહરી તમોને મજબુત સલ્લાહ છે.”—અને

અલબત હું એ સઘળી ભલી સલ્લાહોનુ વાસ્તવિકપણુ કશુ એ નામજુર કરી શકયો નહી ખરેખર તો સુદર મેને પોતાને પણ તેના ભલા પીતાની એ તકરારનુ વજુદ બાહલ ગણતા કશીજ આનકાની થઇ નહી તે હસ્તે ચેહરે અમો વચ્ચેની થયલી એ વાત-ચીતનો રીપોર્ટ સાભળતી મારી પડખે થોભી હતી.

"પપાએ બીચારાએ માહરે વાસ્તે ઘણી ઉમેદ બાધેલી હતી," તેણીએ હસીને કહ્યુ "એવણ તો કોઇ મોટેજ ઘેર મને પરણા-વવાનો અભખરો રાખતા હતા, અને તેથી પોતાની નાઉમેદી વચ્ચે એવણ જે આપણને કેહછ અને સમજાવેછ તે તદ્દન ગેરવાજમા બી નથીજ આપણને, તેથી, એવણ સાથ ઘણી નાખતીથીજ કામ લેવું જોઇશે "

"અને તુ, મે—તુ બી કોઇ પૈસાવાલાનેજ પરણવાની ઉમેદ કરતી હતી ખરી કે ?"

"કદી બી નહી," તેણીએ જુસ્સાથી કહ્યુ. "માહરે મન હુ તો દુન્યામા સૌથી શ્રીમત આસામી સાથે પરણવાની છુ"

ઓ, એ સાભળીને મને કેવુ સુખ થયુ ! માહરી તદન ખાત્રી થઇ કે તે અબળા મને ફકત માહરા પોતાવત માટેજ ચાહતી હતી

હવે એ વાતને વળી બે ચાર દિવસ ગુજરવા પછી એક દાહાડો સર એલેક હુ કામપર હતો ત્યા પોતાના કાઇ કામને મસે આવ્યો, અને આવીને માહરી અજાયબી વચ્ચે આટલી લાબી વખતે મને પેહલીજ વાર એકાતમા મલવા માગ્યુ, જેથી અમો વાત કરતા તે ખણ આગળથી થોડેક છેટે આગળ ચાલ્યા

' માહરે તુને થોડુ ક ચેતવણીનુ કહી દેવુ છે," તેણે મુરબ્બી-ગીરીના દરેક ગેબથી કામકાજની બીજી ત્રીજી ઉપર ટપકેની થોડીક વાત કીધા પછી વાતમા વાત મેળવી કહયુ "મે તુને એક બે વાર એક ઘણી ખુબસુરત છોકરી સાથે ફરતો જોયલો છે, અને હુ ધારૂછ કે તું એ ઘણુ ખોટુ કરેછ એ તુ તો નહી મોહતનું મોહત શોધેછ! હાલ પરણવા જોગી તાહરી હાલતજ કયા છે જે?"

"પણ તમો સાહેબને એ માહરી ખાનગી વાતમા એમ વચ્ચે મત આપવાનો કાઇ હક નથી," મે ગુસ્સાથી માથુ ફેરવીને કહયુ

"તે બરાબર છે," તેણે ખભા ચઢાવી જવાબ કર્યો, "પણ હુ તાહરી માયનો સગો છેઉં માટે માહરે તો એક મુરબ્બી તરીકે મને જે સારૂ ને ખરૂ લાગે તે તને કહી દેવુ જ જોઇએ તે છોકરી ખરેજ ઘણી સુદર છે, અને ખરેખર કોઇ સારે ને મોટે ઘેરજ જવી જોઇએ એ તાહરા જેવાને માટે સરજાઇજ નથી, ને તુ એ બિચારા નિર્દોષ બચ્ચાને એમ ભમાવે ને ભોળવે તે માહરે મનથી તો તાહરા પોતાના પાર્ટ પર ઘણુ શરમભરેલુ છે"

"હુ તુમો સાહેબ સાથે, ત્યારે, એ વિશે કાઇ બી વધારે વાત કરવા માગતોજ નથી," મેં ઘણા ગુસ્સાથી તેને ઠઠગાવીને કહયુ 'તમો ફકત માહરી પાસે કામ લેવો, અને તમારા કામનીજ વાત કરો હુ બીજી કોઈ વાત કરવા કે સાભળવા ચાહતોજ નથી"— અને મે, એમ કહેતા, એકદમ તેની આગળથી ચાલવાજ માડયું, એટલે તે બા મોટા તુચ્છકાર અને દેખીતા કપટથી મોટે સ્હાદે હસતો તુરત વેળા તો માહરી પાસથી ચાલતો થયો.

# પ્રકરણ ૬ ઠું.

તે પછીથી દરદીન વધતો આવતો મેને માટેનો માહરો પાક પ્યાર ખરા સુખનોજ જાણે માહરી જીંદગીના બાગમા એક સ્વપ્નો થઇ ગયો, અને તે સુખી દિવસોના તેટલાજ સુભાગ્ય કલાકો હુ માહરી જીંદગીના છેક છેલ્લામાછેલ્લા દહાડા સુધી ભુલી જઇ શકવાનો નથી મને માહરા પ્યાર સિવાય બીજા એવા મોટા કોઇ બી પ્યારનો માહાવરો થયો ન હતો માહરી માતાનો પ્યાર તો સમજ્યા જેવો હતો, અને માહરે ભાઇ બેહેન કે એવા અંગત સગા વાહલા કોઇજ ન હતા કે જેમના ચાહની હુ ઉમીદ કરી શકું એટલામાટે માહરી પ્રેમવત મેનો એ મોહબતમય પ્યાર મને બેવડો સુખકારક સિદ્ધ થતો હતો, અને પછીથી તો તેજ જાણે માહરી જીંદગીનુ એક જરૂરી જીવન થઇ પડયુ !

પણ એમ કયા તક ચાલે ? મેના પાદરી પીતાનો વાધો માહરી છાતીમા સસરતો રહયો હતો મેને માહરે જીતવીજ હોય તો માહરી કમાઇ ધમાઇથી ને જાહેરાતજોગી નામનાથી મેને લાયકનો થવા તેણે મને તાકીદ ફરમાવી હતી, અને ત્યારે જો કદી મેને માટેના માહરા પ્યારના એ સુખી સ્વપ્નાની મોજમાજ માહલતો હુ ત્યા પડી રહુ તો આકેબત ફેજ શુ થાએ ?

એટલામાટે તે મધુરીથી એક વાર તો ફરજયાત અલગ થઇ જવાનુજ મે તુરત વેળા માહરા મનથી નક્કી કરયુ તે જ્યા હોએ

ત્યાં રહીને હું કશું બી જીવ જેવું કરી શકું એમ હતુંજ નહીં. એ ઉપરથી મેની હરસે માહરા મરહુમ પીતાના એક મિત્ર જેઓ લશ્કરમાં વડા હતા તેમને મેં એક દિવસે અચણુચ દીલમાં [illegible]રૂ આવી જવાથી કાંઇ નોકરીની આરજુમાં લખી વાહ્યું. તે કે [illegible] માણુસ હતો તેનું નામ જેનરલ ઓસ્ટીન હતું.

તેણે ઘણીજ માયાથી તે કાગળનો તુરત જવાબ કર્યો, આ એક ઘોડેસ્વાર રીજમીટ કે જે "રૅડ લાનસર્સ" ને નામે [illegible] ઓળખાય છે તેમાં તેણે મને શરૂઆતની એક જગ્યા અપાવ[illegible]ણે, વળી, માહરે કઇ કઇ પરીક્ષા પસાર કરવી જોઇએ તેનો મ[illegible]પુર્ણ ખ્યાલ આપ્યો, અને શરૂઆતના માહરા મોટા ખરચ ને [illegible]વ માટે સો પાંઉન્ડનો એક ચૅક વટીક પોતાની ગીરેનો તે કાગળમા બીડી મોકળ્યો

હુ, તેથી, તેની એ ભલાઇ ને ઉદારતા જોઇ છક થઇ ગયો આજે ભલાંની દુન્યાજ કયાં છે? 'સાંઇ ગયા—સાઇની શરમ લેતા ગયા' જેવો આ બેમરવત ને બેકદર જમાનો છે, અને તેથી જેનરલ ઓસ્ટીનની આ અપવાદરૂપી ભલાઇએ મને ખરેખર અજબ કરી નાખ્યો.

"તાહરા બાપે તેના ચાલતા વખતમાં માહરી સાથ ઘણી કીમતી ભલાઇઓ કરેલી છે," તે ઘરડો સરદાર મજકુર કાગળમા મને લખતો હતો, "અને તેથી તેનો બદલો તેનાં મુવા બાદ તેના બેટા મારફતે અદા કરી શકવા માટે મને ઓર બી મોટી ખુશાલી હાસલ થાએ છે. હવે તાહરામા જે પાણી હોએ તે બતાવીને પાયરી

# જુદાઇ.



"હુ તુને પાક ખુદાની સમક્ષ પુકારીને માહરી પ્યારી
પરણેતર કહીને જાઉ છુ"

[ જુઓ સફા ૬૨ ]

દર પાયરી ચઢવા ને વધવાની અહીં તુંને પુષ્કળ તક મળશે. સારા નસીબે એ રૅડ લાનસર્સ રીજમીટને હિંદુસ્તાન જવાનો હુકમ થઇ ચુકયો છે, ને ત્યાં કાંઇ ને કાંઇ ઝપાઝપીમાં તું નામના કરવાજ બેસશે તો જરૂર ઝલકી નિકળશે મને તાહરી ઉલટમાં વિશ્વાસ છે તેં એ નોકરીની આરજુ એવી કાકલુદી ને ઉલટમદીથી કરેલી છે કે માહરી ખાત્રીજ છે કે ખંતથી ને ખુશીથી કામ લેઇ તુ જલદીજ વધી જઇ શકશે, ને "કરનલ ગોરડન"ની માનવત પદ્દી પાંમી તુ યુરપ પાછો ફરશે ત્યારે હુ જીવતો હોવશ તો હુ જ તને સલાંમ કરવા બદર ઉપર હાજર થવશ"

એમ તે ભલા આદમીએ મને તે કાગળમા લખ્યું હતુ, ને તે કાગળે માહરાં જીગરમા એક અજબ જેવી ઉલટનુ એવુ તો જોશ જમાવ્યું કે વ્હાલી મેને મુકીને એ નવી જીદગીમા યાહોમ જીપલાવા મને કશીજ આનાકાની થઇ શકી નહી. નહી કે હુ મેના પ્યારથી ધરાઇ ગયો હતો; તે તો દાહાડો ઉગે તેમ જાણે માહરા દીલમાં ઓર વધતોજ આંવતો હતો, પણ હુ જે જીવપર ખેડતો હતો તે એજ વ્હાલીને ખાતર—બલ્કે અમો બન્નેના ભલાં ખાતરજ હતું તો પછી હુ હારી કેમ ખાઇ શકું?

એમ કાંઇબી તનપર ખેડવા કે જીવપર કરવા વના તો બીજો કોઇ ઉપાયજ ન હતો. મી૦ મીડલટને માહરી હાલની નોકરી ને હાલની સ્થિતીપર નિધાહ પોહચાડી વ્હાલી મેનો હાથ મને સપુર્દ કરવાની ચોખ્ખી નાજ કહી હતી, અને ત્યારે અમો બન્ને અરસપરસના પ્યારની બુલંદી ને ઓસ્તવારીની હુ ફમાં નાહક કુટાઇ મરયે

તેમા કશી એ શાણપન ન હતી. એટનામાટે મે જવાનુ નક્કી કરયું હતુ. તેણીના સકળ ગુણુસ પન્ન પ્યારમા મને દરેક ભરૂસો અને સપુર્ણ વિશ્વાસ હતો, તો બીજુ શુ જોઇએ?

તે મોહોત સુધી મને સાચ્ચીજ નિવડશે એમ મને હદ વનાની ખાત્રી હતી તે કેમ મને માહરી ગમે એવી જુદાઇ દરમ્યાંન બેવફા થશે? તે નીતી, નેકી, લાયકી, પ્યાર અને અશોઇનીજ એક પુજ્ય પ્રતિમા હતી

હું જઇને તુરતજ મેના બાપને મલ્યો, ને તે વરડા પાદરીને માહરી મકસદોથી માહીત કર્યો તેણે, તે ઉપરથી, મને ચાપીને શેક-હેન્ડ કરી, અને મને સાબાશી આપીને મુબારકબાદી ચાહી 'હવે તુ પૈસા ને પદ્વીને પોહચ્યા વગર રહેનાર નથી," તે ઘરડાએ કહ્યું, "ને હુ તુને દરેક ખાત્રી આપુછ કે પછી માહરી મે તાહરીજ થશે"

પણ મીસીસ મીડલટનને માહરો એ એરાદો જરા થઇને ગમ્યો નહી હુ તે કુટુબનો એક હોઉ તેમજ ત્યા હળી ગયો હતો, માટે મેની માતા ઠેઠ હિદુસ્તાન જવાનો માહરો એરાદો સાભળી હબતી ગઇ, અને તદન નાખુશ થઇ ગઇ "તાહરી ઘણી નાદાની છે, દીકરા," તેણીએ મત ઉચાયુ, "નસીબમા હોય તો ઘરના આગ-ણામાજ નાહી મળે? દરયો દોહાવતો દુર દેશાવર જવાની તને જરૂ-રજ શુ છે?"

અને મે પોતે? માહરો ભાગ્યોદય થાએ તે જોવાને તે અત્યત ખુશી હતી, પણ વિયોગના ત્રાસથી તે પણ થથરી ગઇ અમોએ તે નાહલા બાગમા ઉતરીને તે દાહાડે તે વિશે કલાકો તક વાતચીત

કરયા કીધી. તેને જાણે કોઇ ભય યા ખરાબીનો ખટકો થતો હતો ' તે એ જુદાઇ ખમવાને માટે મે ધારયુ હતું તેટલી હીંમતથી તૈયાર થઇ શકી નહી, અને મને ને મધુર લાડવીને હીમત આપતાં છેક માહરા જીવનેજ પુછવુ પડયુ. આખર ફરે પણ તે એક બે મહીના નહી પણ બે ચાર વરસની ક્રમમાક્રમ જુદાઇ પુરવાર થવાનો દરેક સભવ હતો, અને ત્યારે મધુરી મે હડબડી જાએ તેમા અજાયબી શી ?

" માહરો જીવ તો બધો તાહરામાજ ભરી મુકીને હું જવશ, મીઠી મે," મેં કહયુ. "મને તાહરા પાક એતેકાદમા દરેક એતબાર છે. વરસો વહી જશે તોબી તું તાહરા પાક વચનોને સાચ્ચીજ સાબીત થશે."—અને એના જવાબમા વ્હાલી મેએ જે તમામ ખાત્રી આવી જાએ એવો વિશ્વાસુ અને હીમત આપનારો જવાબ મને કર્યો તે અત્રે ઉતારવાની કશી બી જરૂર છે ?

ખરેખર તો અમો છુટા પડતા હતાં અને છુટા પડવાને એક મત થયા હતા તેજ અમારા પરસપરના પૌઢ પ્યારનો એક મુસ્તકીમ પુરાવો હતો. એ પ્યારને ખાતરજ—જેમ બને એમ જલ્દી પરણીને સદા સુધીના એક થવાની મતલબથીજ—આ વિયોગનુ દુખ અમોએ અમારા તનપર ઉઠાવી લીધુ હતું.

"હિંદુસ્તાન એટલુ દુર છે!' મે માહરી છાતીપર માથુ નાખી દચકા ખાતી રડતી હતી, "વળી લડાઇની નોકરીમાં મોહોનનો જોખમ કેટલો બધો માથે રહે છે! ઓ હેન્રી વ્હાલા, હુ કેમ માહરા જીવને ધીરજ આપીને એ જુદાઇ ખમી શકશ ?"

"કીરતાર તુને તે ખમવાની હીમત ને યારી આપશે," મે

હીમત આપીને કહ્યુ, 'ને તેજ દયાળુ ખાવીદ તાહરે ખાતર મને ગમે એવી મુસ્કેલીમા બી જીવાડશે માહરો તાહરે માટેનો પ્યાર માહરાં જીગરમા હૈયાત હોશે ને રેહશે ત્યા તુલક માહરો જીવ માહરા ખોલ્યામાથી કદી જુદો થઇ શકવાનોજ નથી એમ મને લાગેછે."

હુ મોટી ઉમીદો દીલે વસાવી છુટો પડયો કરનલ, કેપટન કે જેનરલની માનભરી પદવીઓ પામી મોટો નામદાર, વગદાર ને જરદાર પાછો ફરવાની ઉમીદો માહરા દીલમા ઘર ઘાલી બેસી ગઇ હતી, અને તેથી તેજ મકસદના તે મહાબુમને સખ્યારાઓ આપીને હુ જવા તૈયાર થયો.

સર એલેક, જ્યારે મેં તેની નોકરી છોડી જવાની તેનાથી રજા માગી ત્યારે, માહરા મોહ સામે જોઇને તુચ્છકારથી હસ્યો

"વળી એ શુ તાહરા ભેજામા બ્હારૂ આવ્યુ ?" તેણે કહ્યુ. "લશ્કરમા તે વળી તુ શુ નવુ ઘોલીને ઘચ કરવાનો છે ? એવી તાહરામા લાયકાતજ શુ છે ?"

મે કાઇ જવાબ કર્યો નહી તે કમીનાના એ તુચ્છકાર માટે માહરો મુગો ધીક્કારજ બસ હતો તેણે મને શેકહેન્ડમા અમો છુટા પડતા હાથ વટીક આપ્યો નહી, ને મે તેનુ નીમક ખાધુ હતુ તેમ પ્રમાણીકપણે તેના બદલામા માહરી ખડતલ નોકરી આપી હતી, તો પછી તેનુ ખાસકરીને માહરા ઉપર હેસાન જેવુ શુ હતુ ?

અમારી રીજમીટને મુબઇ જવાનો હુકમ આવ્યો હતો, જ્યાંથી કલકતા થઇ ફોર્ટ માઇડોમા અમારે મથક કરવાનુ હતુ, અને તે

મુજબ છુટા પડવાની છેલ્લી સહાજની અમારી મીલાકાતનુ સુખ દુ ખ બ્યાન કરવાની આએ કલમમા જાણે તાકાત નથી અમો કેવા હેતવતા તોબી કેવાં ઘાએલ જીગરે મલ્યા, કેવા સાચ્ચા તોબી કેવા નાઉમેદ હાલે છુટા પડયા, અને છુટા પડતા સેવટ સુધી એક-મેકને સાચ્ચાજ રેહવાના સતવત એરાદાના કેવા મુસ્તકામ વચનોથી અમો જુદા થયા તે બધુ બ્યાન કરી અત્રે કેહવાની કશી જરૂર જણાતી નથી

"હુ તુને પાક ખુદાની સમક્ષ પુકારીને "માહરી પ્યારી પરણેતર" કહીને જાઉછ," મે કહ્યુ, "ને એક પરણેતરના પવિત્ર હક ને દાવાથી હુ તાહરો હાથ માગતો આયંદા અત્રે પાછો ફરવાની ઉમીદ રાખુંછુ." !

ઓ તે ફીકકો, દુ ખી, આજોર્દ ચેહેરો! હુ તેને મુકીને અલગ થયો તે વખતનો તે પ્યારો રડતો ચેહેરો માહરી આખમા તે પછી સદા રડમસ રમ્યા કીધો જાગતા કે ઉંઘતા તે ચેહેરાની મીઠી મધુરી યાદ માહરા મનથી એક ઘડી બી ખસ્તી નહી કેવા તેણે મને આશિષ આપ્યા હતા, કેવી રૂડી બદગીઓ કરી લીધી હતી, કેવા હેતથી તેના પાક પ્યારમા સદા વિશ્વાસ રાખવાનાં વચનો આપ્યા હતા! આહ, ઓરત! ઓરત! હુ કેમ નહી કહુ ને કાએ નહી માનુ કે તુ મોહબત અને મરવતનુજ એક હુબહુ મદાર છે!

મે જવા આગમચ માહરી માતાને પણ માહરો એરાદો લખી વાલ્યો હતો, અને તેનો જવાબ તુરતજ પાછો ફરી વલ્યો હતો, જે જવાબમા તેણે મને માહરા એ ઠરાવ ને હીમત માટે ઘણી સાબાશી

લખી હતી, અને વળી લાલચમા વધારયુ હતુ કે એ નોકરીમા જરદાર ને નામદાર થઇને તુ જો પાછો ફરે તો તરત માહરી આગળ આવજે, અને હુ તુને ત્રણે સારે ને મોટે ઘેર તેમ હશે તો પરણાવી બી આપશ, ને પછી આપણે બધા પાછા સુખી થઇ શકશુ. ભોળીભાળી તે! તે બિચારી શુ જાણે માહરા પ્યારની પવિત્ર કાહાણી?

## પ્રકરણ ૭ મુ.

અમો મુબઇ સલામતી સાથે પોહચી ગયા, ને ત્યાથી પછી કલકત્તા જઇને ફોર્ટ માઇડો ચાલુ મુકયુ તેજ માહરી ધીરજની પેહલી કસોટી પુરવાર થઇ તાપનો તપોતો, તરસ ને ભુખથી એ મુસાફરીમા અમો ઘણાજ હાડમાર થયા, મગર તે બધુ માહરી મેને ખાતર! તેના બેહેસ્તના બાગ જેવા બુલદ પ્યાર આગળ એ હાડમારી શી ગણત્રીમા?

ફોર્ટ માઇડોમા પેહલી શરૂઆતમા તો ઘણુક સુધી નવરા બેઠાને ખીચડો ખાયા કરવાનુ થયુ, ને તે દરમ્યાન દરેક મેલમા હુ માહરી વ્હાલીને એકેક લબાણુ કાગળ લખતો, ને તેમજ દરેક આવતા મેલમા તેણીનુ તેવુજ હેતવતુ ને વીગતવાર કાગળ પગર ખાચો ખાવે માહરીપર આવતુ હતુ. વળી હુ માહરા કામમા બી સુસતી નહીજ હતો મે માહરી લાઇનનો શોખથી અભ્યાસ કરવા

માડયો, ને દરેક વર્તણુથી માહરા ઉપરીઓનુ રૂડુ મત જીતી લેતો ચાલ્યો સારાશ, તે રીજમીટમાં સૌ કોઇ માહરા ખયરખ્વાહ અને મિત્રોજ હતા

મધુરી મે મગર, એ દરમ્યાંન, માહરા મનમાથી જરા એ ખમ્તી નહી ગરમ રાતોમા ચુપકીદીમા ચકચક કરતા તારાઓ નિહાળતો હુ માહરી મીઠી મેનાજ વિચારો કરતો ચોધારાણુના ઘાસ ઉપર લાંબા કલાકો તક એકલો પડી રેહતો હુ કામ ચાહતો, કે જેથી મને કાઇ બી નામના કરવાનો પ્રસગ મળે, ને ખુદાની દયાથી અતે તેવો કાઇક જોગ થયો ખરો આસપાસની ટેકરીઓપર કઇ બેદીલી જેવુ થવાથી હલ્લા બખેડા થતા રેહવાના સમાચાર અવારનવાર આવ્યા જતા હતા, અને તેવામા તેજ તરફની એક દેશી રીજમીટે મોટુ માથું ઉચકી બલવો કર્યો અમો કાઇ તેપર ધ્યાન આપતે નહી કેમકે ત્યા બીજુ દેશી લશ્કર પુરતુ હતુ, પણ એક સહવારે અચબુચ સમાચાર આવ્યા કે બડખોરો ઇગ્રેજે સામેજ છેડાયા હતા તે મુજીઓએ જાસ્તી માથુ ઉચક્યુ હતુ તે તરફ રેલ્વેની એક નવી લાઇન નખાતી હતી તેના મેનેજરો ને ઉપરીઓ મળી ઘણાક ઇગ્રેજ કુટુબો અમારા કોર્ટ માઇડોથી થોડાક માઇલને છેટે રેહતા હતા. રાત ભર તેઓ તે મથકોપર ધસારો લઇ ગયા, ઘરબાર લુટી લીધા, સ્ત્રીઓને સતાવી અને ઉપાડી ગયા, અને બચ્ચાઓને કાપી નાખવા ઉપરાત મરદોને બી રેહેસી નાખ્યા અથવા કોઇ કોઇને બચાવીને કેદ પકડી ગયા!

અને એ સમાચાર સાભળતા કેડ લાનસરોનુ ગરમ લોહી

એકદમ તપી આવ્યુ તે પાકજાદ મોહોરદારોની બેઇજ્જતી ને નિર્દોશ બચ્ચાઓની બેરેહેમ કતલના દેહેસ્તનાક સમાચારથી અમારા લશ્કરનો એકેએક ઇંગ્રેજ ઉશ્કેરાઇ ગયો, ને પછી વડાઓના હુકમ મુજબ અમારે તુરત મેદાન પડવાનુ નક્કી થયુ

જોતા જોતામા એ પછી ત્યા બધો લડાયક મામલો જાહીર થઇ પડયો ! બ્યુગલો ફુકાવા માડયા, પરગમો વાગવા માડયા, તલ-વારો સુરજમા ચમકવા લાગી, ને ઉશ્કેરણીની આગ તે શાતીના મેદાનમા એક લહેજામા ભડકો લઇ જલતી થઇ ગઇ ! કોઇને બી મોહોતનો ભય કે ખટકો તો જાણે થયોજ નહી એક બી ઇંગ્રેજ-બચ્ચાએ એવી નામર્દીનુ કાયરપણુ દેખાડયુ નહી જે પવિત્ર બાનુઓ ખુહાર થઇ હતી અને જે લાઇલાજ બાળકો કતલ થયાં હતા તેમ-નોજ ખ્યાલ અમને ઉશ્કેરણીથી ઘેલા કરી દેવા બસ હતો !

વળી રસ્તે જતા પણ આગલી રાતની ખરાબીની અમને અનેક નીશાણો મલી એક બચ્ચાનો પગ, એક મોતીની તુટેલી નેકલેસ વિગેરે વિગેરે જે મલતુ ગયુ તે આગલી રાતના તે કરપીણપણાના પુરાવામા અમને વધતુ ઉશ્કેરતુ ગયુ ખરેખર, તે કોઇ પશુ બચ્ચાનો પગ મળેલો જોવાથી તે શુરવીર-સિપાહબચ્ચાઓની આખોમા બે-અટકાવ આસુ પણ ઉભરી આવ્યા

" માહરા શુરવીરો," અમારા કરનલે એ દરમ્યાન પુકારયુ, "આપણને સરખેસરખા હરીફો સાથ લડવુ નથી પણ કમીનાઓ-પર કીનો લેવો છે જે કરપીણોએ નિર્દોશ બચ્ચા ને બૈરાઓને રેંહમી નાખ્યા છે તેઓ દોજખી દેવોજ સમજવા ઘટે છે, ને તેવા-

ઓને વગર દયાએ તેમજ થાર મારવામા કશુજ પાપ નથી"

અમને ઘણો લાંબો ટપો તે હેરેમ દોની ભાળમા રખડવુ પડયુ, પણ અ તે પત્તો મળી ગયો. એક ખીણુને નાકે તે કરપીણો પડાવ નાખી પડેલા હતા, ને ઘણીક ઇગ્રેજી અબળાઓ તેઓ વચ્ચે કેદીની હાલતમાં કકલાત કરતી રહેલી હતી અને એટલુ જ અમને ગુસ્સાથી ઘેલા કરી દેવા બસ હતુ !

પણ તેમને મારવા કેમ ? અમારા ધસારાની તેઓને બાતમી મલી ગયલી હોવી જોઇએ, કેમકે ને અબળાઓને બચાવની ઢાલ તરીકે એવી રીતે તે મુજીઓએ ગોઠવી દીધી હતી કે અમો જો ગોળીઓનો વરસાદ છોડયે તો તે બિચારીઓ પેહેલા થાર મરયા વના રહેજ નહી "અદર ધસી જાઓ ને પેહેલે બાનુઓને બચાવો," અમારા કરનલે તે જોઇ તરત પોકારયું, ને તે ખચ્ચીત એક માહા મુસ્કીલ કારજ હતુ. તે કાઇ સો બસો આદમી ન હતા. "ફીરગીઓ" ના રાજને ધીક્કારનારા સેહેકડો દેશીઓ તે રીજમીટમા ભળી ગયલા હોવાથી તે હથ્યારબધ દેવોની સખ્યા હજારોની થઇ ગઇ હતી, પણ કરનલનો હોકમ મલતાંજ, ફરતી તલવારોથી કપાઇને કડકા થઇ જવાની દરેક ફીકર છતા, માહરી મેની યાદ કરી હુ યાહોમ ઘોડો દપટાવતો પેહલો આગળ વધ્યો, ને માહરી પુઠે બીજા નજદીક સો ઘોડેસ્વારો તેમજ હીમત કરી ધસી આવ્યા. આથી ઘણાક શત્રુઓ અમારા ઘોડાઓના પગ તળે કચડાઇ ગયા, અને અમાનામા ઘણાકો એક લેહેજામા કપાઇ ગયા

મને તો કીરતારેજ બચાવ્યો, ને મે જઇને એક કોઇ અબળા !

બચાવીને મારી જીન પર નાખી કે હું તરત પાછો બાહેર પડયો બુમાતા, ચીચારાઓ ને કાપાકાપીથી તે આખુ મેદાન ધમધમી રહ્યુ માહરા ઘોડાની રેકાબ પર બી કુડીબધ હાથો હતા, ને મને કાપી નાખવા બી કાઇક તલવારો હવામા ઘુમતી હતી મે એટલી તો ગીફતથી હવામા માહરી તલવાર ફેરવી કાપાકાપી વચ્ચે માહરો રસ્તો લીધો કે તે ખુનરેજીનો ખ્યાલ બી હુ જાણે આજે કરી શકતો નથી!

એ રીતે ઘણીખરી બધી અબળાઓને બચાવી લેવામા આવી, ને પછી ગોળીઓનો મારો તરત શરૂ થયો એવામા મે જોયુ કે એક ઠેકાણે નજદીક એક દજન બડબ્ખોરો અમારા એક હમશગીકને ઘેરીને થાર મારતા હતા.—હુ તેઓ વચ્ચે ઘુમી ગયો, ને મેં તેને બચાવ્યો—પણ હુ મુવો! હુ એક ફટકાથી જમીનપર ગબડી ગયો, ને બધાઓએ જોયુ ને માન્યુ કે હુ એકદમ ખલાસ થઇ ગયો હતો!

મને તે ફટકો આખની આગલ કપાળ પર લાગ્યો, ને લોહીની નદી વેહવાથી હું ખરેખર તો બેસુદ્ધ તુટી પડયો હતો, પણ માહરા મિત્રોએ તેમજ શત્રુઓએ મને બેજાન થઇને ઘોડા પરથી પડેલો માની લીધો ને પાછળથી તેજ સમાચાર ઠેઠ ઈગ્લાડ સુધી પોહચવા પામ્યા! ખરેખર, ત્યાના પેપરોમા માહરૂ મોહોત નીચે મુજબ છપાએલુ પાછળથી મે વાચ્યું છે —

"જવાન હેનરી ગોરડન રૅડ લાનસર્સમા ફોર્ટ માઇડો ખાતે કપાઇ મુવો તેની ભારે બાહાદુરીની તેના ઉપરીઓ જાબજા વખાણ કરે છે, ને સરકાર ઘણીજ દીલગીરી સાથે એવા એક શુરવીર જવાનના અકાળ મોહોતની પોતાના દફતરમા નોધ ઉતારે છે"

અને પ્રિય વાચનાર, એ રીતે મને ઓળખતી આલમ જ્યારે મને મરણ પામેલો માનતી હતી, ત્યારે ખરેખર તો હુ જીવતો હતો!

તે માહની બેફામી વચ્ચે તે રણક્ષેત્રપર હુ કયા સુધી પડી રહયો તે હું જાણતો કે કહી શકતો નથી પછીથી મને એટલીજ ખબર મલી કે બળવાખોરો મારયા જવા, કેદ પકડાવા ને ન્હાસી જવા પછી જ્યારે લડાઇ બધ પડી, ને રેડ ક્રાસસર્વાલાઓ પોતાના કપાઇ મુએલા ગોદ્દયાઓના સબ ઠેકાણે પાડવા શાંતીને વખતે ત્યા પાછા આવ્યા ત્યારે તે તરફ માહરી લાસ હતી નહી માહરામા જીવ હતો એમ જોઇ ભારે રકમ માગી માહરો છુટકારો આપવાની ધ્યાનતથી મને એક ટોલકી ઉપાડી ગઇ હતી, અને તેઓને ત્યા મહીનાઓ સુધી કેદીની સ્થિતીમાં પણ કેવળ અશક્ત ને બિમાર હુ પડી રહયો હતો તે ટોલકી ભમાતુ હતી ને જ્યા જતી ત્યા મને સાથેજ લઇ જતી એક ગોરો કેદી તેઓની ટોલકીમા હતો એ તેઓ પોતા માટે મોટું માનભરયું સહમજતા હતા! તેઓ માહરી સાથ કાઇ ઘણા ઘાતકી ન થતા, પણ ગામેગામ મોટી ઉકમાઇથી તેઓ પછીથી પોતાના દેશીઓ આગળ માહરૂ પ્રદરશણ કરતા

એમ બે આખા વરસ વહી ગયા

બે આખા વરસ કેદીની હાલતમા—કે જ્યારે હુ કયા હતો ને ક્યાઆ દેશોમાં ફરતો હતો તે વટીક હુ જાણી શકયો નહી માહરી-પર સખતમા સખત ચોકીપેહરાનો જાપતો રેહતો, એટલે માહરા દુખની કોઇ માહરા લાગતાવળગતાઓને ખબર આપવી કે તે છાવણીમાથી નહાસી જવાની ઉમીદ કરવી તે તો વાતજ બેજા હતી!

એમ છતા, આયદે ફીરતારે મને એક રાત્રે અણધારેલ્રી ન્હાસવાની તક મેળવી આપી, ને ત્યારે હુ માહરો જીવ બચાવી ન્હાઠો હુ કયા હતો તે મને ખબર ન હતી, મગર પાહાડો, ટેકડીઓ, નદી નાળા ને ખીણ કુદાવતો હું જ્યા જવાયું ને જેમ ચલાયુ તેમ યાતોકળ પાઉપ્યાદો ચાલ્યાજ કીધો પાછો પકડાવાની ફીકરથી દિવસોની વખતે હુ ઝાડીઓમા છુપાઇ રેહતો, ને રાત્રે ધક્કાપછાડા ખાતો પાછો મુસાફરી કરતો હુ ભુખ્યો પેઆસો કેવો હેરાન થયો તે વાચનાર દયાથી ખ્યાલ કરી લેશે, અને વળી માહરા કપાલ પરનો રૂઝ આવેલો જખમ વટીક મને રહયોસહયો નવેસરથી તે વખતે સતાવતો હતો એમ ઘણીક હાડમારીઓ ને અત્યંત હાદેસાઓ વેઠી ઘણે ઘણે દાહડે હુ મદ્રાસ પોહચ્યો, અને ત્યા પોહચી મેં છુટકારાનો દમ એટલા માટે ખેચ્યો કે માહારાથી હવે કાંઇ બી ઘર પોહોચવાનો માહરો રસ્તો થઇ શકે એમ હતુ

ઘર ? વતન ? સ્વદેશ ? હા, તે પ્રિય યાદ ! મને તે બધુ હદ વનાનુ વ્હાલુ લાગતુ હતુ, અને તે કોણને ખાતર ? મે આ બધું ખમ્યુ તે પણ કોણને ખાતર ? મે, તહારે ખાતર ! તહારી એક મીઠી યાદને ખાતર !!

# પ્રકરણ ૮ મું.

મદ્રાસમા મને ખબર મલી કે ગેડ લાનસર્સ તો વેલાત ઉપડી ગઇ હતી, અને ત્યારે હું બી તેજ તૃષ્ણાથી એકદમ તણાઇ ગયો મને બી માહરે ઘરજ પાછુ ફરવુ હતુ માહરે ફક્ત મેને મલવુ હતુ તે શૂ કરતી હશે—તે શુ ધારતી હશે—તે કેમ જીવતી હશે એજ છુપ્પો રહી અને છુપ્પો જઇ તપાસવાની તાપથી હુ જળી ગયો તે વ્હાલીને રૂબરૂ જોવા-વરસો પછી તે મીઠો મધુર અવાજ કાનોકાન પાછો સાંભળવા-ઓ તે પવિત્ર મુરતીને માહરી ગોદમા દાબવા હુ ઉમીદઘેલો થઇ ગયો

હુ જઇને મદ્રાસની એક રીજમીટના વડાને મલ્યો, ને માહરી કાહાણી કહી માહરા પોતાવત માટે મે તેની ખાત્રી કરી આપી તે ઉપરથી તે અત્યત અજાયબ તેમજ ખુશ થયો, ને પછી યુરપ પાછો ફરવાની માહરી ધારણા જાણી તેણે એક મોટુ ફડ મને એક હ્હેજામા કરાવી આપ્યુ અને હુ નિકળ્યો

હુ તો જરદાર ને નામદાર થઇને પાછો ફરનાર હતો, કે જ્યારે હાલ તો હુ બીમાર, કાહેલી, કગાલ ને જ્યાદા ખાખાવરખો હતો, પણ તેની બી મે પરવાહ કરી નહી માહરો એકજ લોભ—એકજ આરજુ—એકજ મોજ તે મીઠી મેને હર્ષીત જીગરે મલવાની માત્ર હતી !

તે સુખી ઘડી પાસે ને પાસે ખેચાતી આવતી હતી અભાગી

બોટ પાણીની પીઠપર પવનના વેગે દોડતી ચુરપ જતી હતી દરેક મોજો, દરેક વાદળી, દરેક ચલકાતવાલુ સુરજનુ કીરણ મને તે પ્રિયાને પડખેજ પોહોચાડવામા જાણે મદદ થતુ હતુ ઓ ને તરસ! રેતીના રણમા પાણી વગર તરસતો એક મુસાફર વટીક પોતાની પ્યાસથી એટલો અધીરો નહીજ પડયો હશે!

તે મને સાચી તો હોવી જોઇએ તે મોહોબત ને મરવતનુ માહરૂ મદીર મને બેવફા થાએજ કેમ? બોજ કેમ? તેના વચનના સુવચનો માહરા કાનમા આજે બી જાણે તેમજ ગણગણ વાગી રહયા હતા તે વાતને ત્રણ વર્ષ વહી ગયા હતા તો શુ થયુ? ત્રીસ વરસ થતે તોબી હુ માહના વિશ્વાસમા દગમગતે નહી— માહરી મે હનીજ તેવી ભલી પ્રમાણીક ને પાક!

મને યાદ આવતુ કે અમો છુટા પડવાની આગલે દાહાડે તેણીએ મોહોતનાજ વિચાર કરયા હતા "હું શુ તમારી આગમચ મરવાની હોવશ?" તે પુછતી હતી, 'ખુદા કરે ને તેમ થાએ!"

"કારણ?" મે પુછયુ હતુ

'કારણ કે તમારા પછી તમારા વગર હુ જીવી શકુ એમ મને લાગતુજ નથી," તેણીએ જવાબ કર્યો હતો, "ઓ હેનરી વ્હાલા, જો તમારી આગમચ હુ મરી જાઉ તો બેહેસ્તમા બી તમારાજ પાક પ્યારનીજ આરજુ કરતી હુ તમારે સારૂ ખોટી થાશ, અને જો ખુદા માહરી આગળ તમોને તેડી લીએ તો તમો બેહેસ્તના બારણામા માહરી વાટ જોતા વિશ્વાસથી સદા માહરે સારૂ ખોટીજ રેહજો!"

આએ રીતે તેણીએ મને સધ્યારો હીમત ને ખાત્રી આપી હતી, તો પછી તે પ્યારીના પ્યાર માટે હુ બેવિશ્વાસ કશો બી લાવીજ કેમ શકું ?

હુ ડીસેમ્બર મહીનાની અધવચ્ચે માહરી સફરમા હતો, ને ક્રિસમસ ટાકણે માહરી પ્યારીની પનાહમા પુગી જઇ ક્રિસમસ વણી મોજથી ગુજારવાની દરેક ગણત્રી કરી રહયો હતો જાણે હુ પુગ્યો બી--મે મેનુ બારણુ થોકયુ બી--મે મને મલી બી--ને અમે આગલી પાછલી વાતો કરી બી ખરી ! હ માહરા સ્વપ્નાઓ વચ્ચે આ રીતે એકરાર એકરાર ને એકરાર બની ગયો અને અમો કિનારે ઉતર્યા

હુ બદલાઇ ગયો હતો ને બદસુરતી બની ગયો હતો તેનુ તો મને ભાનજ ન રહ્યુ માહરા ખુબસુરત મોઢા ઉપર એક મોટી દાઢી ઉગેલી હતી, ને માહરો પોશાક વિગેરે કંગાલ ને હાલહવાલ હતો વળી પેલા કપાળપરના ઉડા જખમનો લાન સરેનો તે જખમની યાદ ને ઇધાણી સદા સુધી માટે છોડી ગયો હતો તે મને જ્યાદા બદસુરત બનાવતો હતો, પણ તેની બી મને પરવાહજ ન હતી તે બધા વિચારો મને થયાજ નહી થાયજ શુ કામ ?

હુ લંડનથી પાધરો કોર્નસોર ગયો ને ત્યાથી ગ્લેન પુગ્યો તે ક્રિસમસ ડેની આગલો દિવસ હતો

ગ્લેન જતા તે ફાસ્ટ ત્રેન બી મને જાણે ધીમી જતી લાગતી ને હુ ડ્રાઇવર પર ખુબ ખિજવાતો ઓ, હુ મોહોન સાથે બાથ ભીડી જીવ્યો હતો ને તે ફકત માહરી મધુરી મેને મલવા થકી હતુ,

નો પછી માહરા અધીરા જીવને છેલ્લી ઘડીઓમા ધીરજ તે કેમ ને કેટલી રહી શકે ?

મે ગ્લેનમા ઉતરી વણાક ઓળખીતા ચેહેરા જોયા, પણ કોઇએ બી મને તો ઓળખ્યોજ નહી ને તેથી બોલાવ્યો નહી, ને મે થોભાને જાહીર થવાની દરકાર બી પણ કરીજ નહી મને વખતજ કયા હતો ? મને નો, અલબત, ને તરફ સર્વ કોઇ મુએલો માની ભુલી ગયાં હતા—અને વળી મોહોત પાછળ યાદ કેવી ?

હુ મેના ઘર તરફનો ઉતાનલો રસ્તો લેતો હતો, અને ગરમ આસુઓથી માહરા ગાલ ધોવાતા હતા તે હર્પના ને શુગરગુજારીના આંસુ હતા ઘણે વરસે મલવા ને એકઠા થવાની મોજનોજ એ માહરો હરખ હતો

તે ન્હાનો, સાદો, સુઘડ બગલો અતે નજરે આવ્યો, ને માહરૂ હૃદય ઉછલીને મારે હરખથી માહરા ગલામા આવી ખુટયુ હુ હવે જાણુ ચાલી બી ન શકયો. વધતી ઉતાનળ કરતા હુ વિશેપ પાછો પડતો !

ફકત પાચ મિનીટ ! વચ્ચેનુ એક ખેતર ઉતરી આડકતરો તે બગલાપર પોહચ્યો કે મે મને મલનાર ને માહરી ગોદમા દબાડનાર હતી એ ખુશાલી !

હુ તે બગલાના દરવાજાપર અને પુગ્યો

આગલુ બારણુ બધ હતુ, ને મે તે નરમ અવાજે થોકયુ, કે જયારે બારણુ ઉઘાડવા આવતા મે કોઇ નરમ પગલા સાભળયા માહરૂ તનબદન બધુ એ વખતે ધ્રુજતુ હતુ માહરૂ હૃદય ધપકતુ

હુ પોતે સાભળી શકતો હતો. માહરૂ મગજ ઘુમતુ હતુ, ને ગાલ ગરમ ગરમ થઇ આવ્યા હતા.

તે બારણુ ઉઘડયુ, પણ અરે, તે ઉંઘાડનાર માહરી તરસાતી આંખો જોવાની ઉમીદ કરતી હતી તેમ મે ન હતી, તે તો કોઇ ચાકરડી છોકરી હતી

તે મને જોઇને કાઇક બીહીઘેલી ને તાજુબ થએલી દેખાઇ

"તમો કોણ છેઓ ને અહી કોણને પુછોછ ?" તેણીએ બારણુ પકડી રાખતા પાધરો સવાલ કર્યો.

મેં જવાબ આપવા માગ્યુ, પણ માહરી જબાન સીવાઇ ગઇ! હુ કશુ બી બોલીજ ન શકયો.

"બોલોની ?" તેણીએ તરત પાછો તકાજો કર્યો, "તમો અત્રે શુ માગોછ ?"

"મી૦ મીડલટન ઘરમા છે ?" અ તે મે માહરી વાચા મેલવી જવાબ કર્યો–ને મને માહરો પોતાનો અવાજ નવતરો લાગ્યો!

"મી૦ મીડલટન ?" તે પોરીએ તાજુબીમા ચીસ પાડી કહ્યું, "તેત્રણ તો બિચારા મરી ગીયા, ને તે વાતને તો બે વરસ બી થઇ ગીયા!"

હું સ્તબ્ધ થઇ ગયો!

"મરી ગીયા ?" મેં હેરત થઇને પુછ્યુ; "શાથી ?"

"હાર્ટડીઝીઝથી, બેઠા બેઠા બિચારા અચણુચ ગુજરી ગીયા."

"વારૂં મીસીસ મીડલટનને મલી શકાશે ?" મે જરા વારે પાછુ પુછ્યુ.

"તેવણુ કોઇને મલતાજ નથી," તેણીએ જવાબ કર્યો "તદ્દન બીમાર ને કાહેલી થઇ ગયા છે બિછાણેજ પડેલા છે"

હુ વધતો થથરી ગયો. હવે મેને માટે કેમ પુછુ ને શું પુછુ? તે કયા હતી? તે અત્યાર સુધી બારણા આગલની આ ગરબડ સાભળી બાહેર કેમ ન દોડી આવી? શુ તે તેની બીમાર માની પાસે હતી?

"હુ એ બધા માઠા સમાચાર સાભળી દીલગીર છુ," મે જેમતેમ શાતી રાખી વળી જરા વારે જવાબ કર્યો "વારૂ મીસ મે કયા છે? તેવણુને જરા બાહેર બોલાવો તો?"

તે છોકરી જરા હસતી દેખાઇ

"મીસ મે?" તેણીએ હસીને કહયુ, "તે બાનુ તો દોઢ વરસ થયુ સર એલેકને પરણીને લેડી ગ્લેન થયલા છે તેવણુ તો મેહેલમા છે, અહી કાહાથી હોએ?"

આટલુજ ઘણુ હતુ, ને તે ઘાટકી શબ્દોએ મને જબેહજ કરી નાખ્યો! આખી દુન્યા એકજ પલમા ભાગીને ભુકો થતી માહરી આખ સામે દેખાઇ. તલવારની તીણી ધારથી બી વધારે કારી જખમો સાથે તે છોકરીને એમ બોલતા સાભળીને હુ આરપાર કલેજાથી વીધાઇને કતલ થયો. ઓ ગજબ! તેણીએ કહ્યુ ને શુ ખરૂ હતુ? તે શુ બનવાજોગ હતુ? તે શુ માનવાજોગ હતું?

"તાહરી કઇ ભુલ તો નથી, છોકરી?" હુ ઘોરમાથી બોલતો હોઉ તેવા ઘારા ખોખારા અવાજે બોલ્યો, "તુ મશ્કેરી તો નથી કરતી?"

તે છોકરીએ ગુસ્સાથી ડોકું ફફડાવ્યું.

"જાઇને જોઇ આવો," તેણીએ ટણકાથી કહ્યુ, "એથરસ્ટન હૉલ અહીથી કાંહા ઘણો દુર છે જે તેની વાત? લે ચાલો, મને બારણું બંધ કરવાનું છે"—અને હું તમ્મર ખાતા મગજે બે કદમ પાછો હટયો, એટલે તે દયાહીણે માહરા માથામાં ધપ દેઇને વેગે તેમજ વગર દયા કે દરકારે તે બારણુ બધ કરી લીધુ

હુ કકલાત કરતો મેદાનના ઘાસમા પડયો યા ખુદા, શુ વફા-ઈની આ જેહાંનજ નહી હોએ? શુ સ્વર્ગ સિવાએ વફાઇ કેઠે વસ-તીજ ન હોએ?

પણ નહી મનાએ મનાએજ કેમ? મેં તે ચાકરડી પોરીની તે કરપીણ વાત માનીજ નહી તે પરણે અને તે બી વળી સર એલેક જેવા કપાત્રનેજ પરણે?

હું કક્લાત કરતો ઉઠયો, ને માહરી પુરી ખાત્રી કરવા સીધો "એથરસ્ટન હૉલ" તરફ ગયો

તે દમામદાર મેહેલ જોતા મને ત્રાસ થયો શુ માહરી મે ત્યા રહેએ? શુ મે લેડી ગ્લેન બની હોએ?

તે હૉલના દરવાજાપર મને કોઇ અબળા મલી, ને તે માહરો દખાયલો ભીખારી જેવો અવતાર જોઇ બીહી ગઇ. "તમો કોણને ખોળો છો?" એમ છતા તેણીએ મને કાઇક માયાથી પુછયુ. "તમો કોઇ પરદેશી જેવા દેખાઓછ?"

"હા બાઇ," મે જેહેમતથી કહ્યુ—અને પછી સર એલેક ક્યારે ને કોણ સાથે પરણયો હતો તે મે બેપરવાહીના દેખાવથી

આસ્તે આસ્તે સઘળુ તેને પુછી લીધુ

તેણીએ બી બધા તેજ જવાબ દીધા. ટુકમાં, પેલી પોરીની કહેલી દરેક વાત સાચીજ સિદ્ધ થઇ.

અને તે હું હાલ બેહાલ ત્યાથી નિકળી ગયો, ને ભટકી ભમીને તે રાત માહા કકલાત વચ્ચે પુરી કરી. તે પછી બીજે દિવસે ક્રિસમસ ડે પડયો, ને ત્યારે મે માહરી મધુરી મેને દેવળના ભિક્ષુકોમાં ભળી જઇને રૂબરૂમા જોઇ તે આ વારતાની શરૂઆતમા આપણે વીગતવારે વાચી આવ્યા છીએ તે પછી શુ થયુ તે વ્હાલા વાચનાર તમે જોયુ. હુ બેહોસ ને બીમાર થયો, ને સર એલેકના બાગબાન એમ-લના ઘરમા મને આશરો મળ્યો, કે જ્યા સાજો થવા પછી વળી તેજ ભલા આદમીએ સર એલેકનેજ ત્યા પોતાના હાથ નીચે એક માલીની જગ્યા આપવાની મને ઑફર કરી!

અને ત્યારે હવે? શુ માહરે એ નોકરી કબુલ કરવી? માહરી મેનો વાલી નહી તો શુ માહરે તેનો ખીદમતગાર ને માલી થવુ? તેણીની રૂબરૂમા રેહવા, તે કાએ મને એમ બેવફા થઇ તેની બાતમી મેલવવા શુ માહરે આએ નીચ નોકરી મંજુર કરવી? મગર એજ ખરો રસ્તો હતો!

## પ્રકરણ ૯ મું.

ઓ ઓરત! ઓરત! તુ શુ માયા અને અશોઇનીજ એક મુરતી છે? તુ શું મોહબત અને મરવતનુજ એક મદીર છે? કેમ બને! માહરો અનુભવ, જે મે ગયા પ્રકરણમા વીગતવારે બ્યાન કરી કહેલો છે તે તો, વ્હાલા વાચનારાંઓએ જોયુ હશે તેમ, બીલકુલ જુદોજ સારાશ સમજાવી આપે છે! એ શુ બનવાજોગ હતુ? એ શુ માનવાજોગ હતુ? જે માહરા મુવા પછી જીવીજ ન શકવાની વાત કરતી હતી– જે અશોઇ ને નેકીનીજ એક પ્રતીમા ને પુતલી હતી, જેના કરારો ને વિશ્વાસમા સરબસર પાકીજગીજ વસેલી હતી, ને જેના બદનના એક સ્પર્શથી પણ તે રેહતી ને વસતી હતી તેની આસપાસની હવા જાણે પવિત્ર થતી હતી તે બાવફા અતે એટલી બેવફા થઇ કે માહરા જીવતાજીવત મને હીણનાર ને ધિક્કારનાર માહરા એક શત્રુનેજ પરણી ગઇ?

માહરી મધુર મે! તે શુ કરવા સર એલેક જેવા એક શ્રીમત કમીનાને પરણી ગઇ હશે તેજ મને સમજાયુ નહી તેને શુ કોઇએ જોરજુલમથી પરણાવી હશે? શું તેને એ દુખભરી ફરજ પાડયામાં આવી હશે? દેખીતી રીતે માહરાં મોહોતના સમાચાર ફરી વલ્યા પછીથી થોડુંએક તે એમ પરણી હતી, તો શુ માહરા મરવાની તેણીએ વાટ જોઇ હશે? તે તો માહરા મુવા કેડે જીવીજ નહી શકવાનું કેહતી હતી? તે તો મોહોત સુધીની ફીદાગીરી ને પાક ઓરત-

વારીનાજ કસમો લેતી રહી હતી? શુ તે માહરા મુવા બાદ થોડુ ક સુધી માહરી યાદને બી વફાદાર રહી ઇજ્જત આપી નહી શકી?

પણ તે ખુશીથી પરણેલી હોએજ નહી સૌ કેહતા હતા ને મેં પોતે પણ નજરોનજર જોયુ હતુ જે તેણીની અદા સદાની શોકાતુર ને ગમખ્વાર હતી તેને મોટે સાહદે કદી બી કોઇએ હસતી સાંભળી ન હતી તે હમેશ એકાત સાધતી તે એકલી પડવા ને પોતાના વિચારો સાથે એકલીજ બેસવા ઘણી રાજી થતી કેહેવાતી હતી, તો તે બધાનો બાએસ શો? ખરેખર, આ એક ભેદી ઉખ્યાણુ હતુ આ હીણાયલા લગ્નમા કાઇ બી મોતેબર મોટો ને ઉડો ભેદ હતો, ને મેને માટે સેવટનાં અનુમાનપર આવવા પેહેલા તે માહરે ખોહોધી કાઢવા ને તે નિર્ણય કરવા માહરી ફરજ હતી, તો તે બધા સામટા વિચારો કરીને માહરી વ્હાલીના બગીચામા એક ખીદમતગાર (માલી) ની નોકરી મે નામજુર નહી કરી તે પ્રત્યે શુ માહરા વાચનારાઓ કશી બી રીતે તાજુબ થશે?

વળતે દિવસે હુ એબલ ભેગો ધડકતા જીગરે ને જલી જતા હ્રદય સાથે માહરી એ નવી નોકરી પર ગયો માહરી ઓશક અને હભતધસક, અલબત, પાર વનાની હતી આ માહરે માટે એક તદન નવાજ તોરનો કાઇ જુદોજ અનુભવ હતો, અને તેમ છતા ભલો એબલ તો માહરા મનની મુજવણુ જરા બી સમજ્યા વના તેની પટપટખોર રવેસે આખે રસ્તે ખુશમિજાજી બકવાત કરતોજ ચાલ્યો તે જોતો ન હતો કે હુ તેની એ બેજાદુખણુ મુતલગ સાભળતો ન હતો!

' પેહેલે જરા તુને અસીકુ લાગશે તો ખરૂ, સ્મીથ," તે કેહતો હતો—કેમજે મે તેઓને ત્યા માહરૂ નામ સ્મીથ કરીનેજ અડાવ્યુ હતું "પેહલા જરા તુને અસીકુ લાગશે, પણ ગમ પડી જશે તો પછી મુસ્કીલ થવાનુ નથી તુ ગમે એટલુ છુપાવે, પણ મે તુને કહ્યું તેમ હુ આદમીની જાત પારખી શકુ છ, ને તેથી હુ જોઇ ને કહી શકુ છ કે તે આગલ સારા દાહાડાઓ જોયલા હોવાજ જોઇએ, વાસ્તે માહરા દોસ્ત, તુને એ મજુરીનુ ને હલકુ કામ કરવા પેહલી હરોલમા ભાવશે તો નહીજ, પણ એક વાર તબેહ થઇ જશે તો પછી કઇ નહી"

"તે હુ કબુલ કરૂછ," મે તેને રાજી રાખવા એકમત થતા કહ્યુ, "પણ આજ ને આજ મેહેરબાનીકરીને મને મોટા બગીચામા લેઇ જતા ના."

"તેની ફીકર નહી," એબલે હીમત આપી, "આજે તો હુ તુને મેહેલના બાવરચીખાનાની આસપાસની તરકારીની વાડીમાજ કામ બતાવશ, ને પછી મામલો જોઇને આગલ વધશુ"

મે તેનુ હેસાન માન્યુ, ને બાગમા પોહોચવા પછી તેણે તેજ બાજુએ મને થોડુ ક કામ સોંપ્યુ એ રીતે જે આદમીને માહરા કરપીણમાકરપીણ શત્રુ તરીકે હુ માહરા જાનોજીગરથી ધિક્કારતો હતો તેનીજ નોકરીમા બીજી મરતબા હુ તેની જમીનની ખેડણીની નોકરીમા ઉતરી ગયો એ શુ સરજતની થોડી અજાયબી હતી ?

મે ખરા દીલની મેહેનતથી ત્યા કામ કીધુ, અને હુ એ રવેસે ત્યા રાકાયલો હતો તેટલા સર એલેક તે બાજુએ આવીને માહરાથી

થોડેક છેટે એબલ સાથ વાત કરતો હતો  તે પોતાના ઓરડાની બાજુની "ફ્રૂરનરી' વિશે તેને કાઇ કેહેતો હતો મે કાઇ તેના ભણી જોયુ નહી પણ તેણે મને જોયો, અને એબલને પુછ્યુ, "એ આએ ઝાડ જેવી મોટી દાહરીવાલો ઞાહરૂસ કોણ—પેલોજ કે ?"

એબલે હા કહી.

તે ઉપરથી તે માહરી પાસે આવ્યો, અને મને ઊભો થઇને માહરી ટોપીને આગલી લગાડવીજ પડી. ઓ, તે દુખભરી સરજત!

તેણે સીગારનો મોહમાથી ધુમાડો કાઢતાં, ડોકુ હલાવી, મુરબીગીરીથી માહરી સલામ મજુર કરી.

"હુ તમોને સાજા થયલા જોઇને ખુશી છેઉ," તેણે દમામથી કહ્યુ, 'એ માહરો બાગબાન ઘણો સારો માણસ છે. લેડી ગ્લેન બી તમારા પર ઘણા મેહરબાન હતા  તેવણ તમારી ઘણી દયા ખાતા હતા"

"લેડીશીપનુ માહરાપર અતીઘણુ હેસાન થયુ, સર એલેક," મે માહરી નાઉમેદી જેમ તેમ છુપાવી જેહમત સાથે જવાબ કર્યો, અને પછી માહરા મોટા છુટકારા વચ્ચે તે પાટલુનના ઉડા ગજવાઓમા હાથ નાખી ત્યાથી બીડીનો ધુમાડો ફુકતો આગળ ચાલ્યો.

"કાએ, એ કામ તુને ઠીક પડશે કેની ?" તે રસ્તાજે અમો ઘરે ગયા ત્યારે એબલે પુછ્યુ

મે હા કહી, ને બીજે દિવસથીજ લેડીશીપના બગીચામા કામપર જવાની મહારી ખ્વાહીશ જાહીર કરી. તે એબલને ઘણુ ગમ્યુ, અને, તેથી, માહરી માગણી અનુસાર બીજે દિવસે મને લેડીશીપના ખાસ બગીચાનો હવાલો આપવામા આવ્યો.

તે એક ઘણોજ દીલપઝીર બાગ હતો તેની આસપાસ ઉંચી દીવાલ ભરી લેવામાં આવી હતી કે જેથી તે બાંનુને પ્રિય થઇ પડેલા તેણીના એકાંતમા કોઇ બેઅદબ નજર જરા એ હરકત ન કરે તેણીના પોતાના ઓરડાઓના બારણા બારી એ બગીચામાજ ખુલતા હતા, અને મોટા ઝુમખાદાર વૉલનટના ઝાડોથી તે બગીચાને છાયડાવાલો ને ઠડક આપનારો કરવામા આવ્યો હતો તે એક તમામ તરોતા-જગીભરી જગ્યા હતી, અને એવી એક અસાધારણ ખુબસુરતીના તેજને બેસતી આવે અથવા વધતી ઝલેહ આપે એવુ જ તે એક ખુશનુદ ધામ હતુ. તેમા બેઠકો જગેજગ હતી, પણ એક મોટા સીડાર ઝાડને છાયડે લેડીશીપ માટે એક ખાસ ટેબલ અને થોડીક ખુરસીઓ ગોઠવેલી હતી તે એ લેડીશીપનુ ઘણુજ માનીતુ ખુણુ હતુ, અને નોકરનફરો કાનપર પડીને એકમેકને અવારનવાર કેહતા સ ભળાયા હતા કે એ ખુણામા એકલી એકલી રડતા ને મોતી સમાન આંસુ ખેરવતા તેઓએ અચાનક કામેકાજે તેની નજદીક જઇ લાગતા તેને ઘણી વાર પકડી કાઢી હતી! તેજ બાજુએ, વળી, તે ટેબલ ખુરસીની બોરદુમા તેણીની ન્હાની બેબીને માટે એક ન્હાનુ સ્ટુલ ગોઠવેલુ હતુ, જે પર હાલમાં બી હાથ પગ છુટા ફાંધેલી દેખીતી મોઘી કીમતની એક "ડૉલ" મોજુદ પડેલી હતી.

ત્યાં અમો દાખલ થયા ત્યારે તે બગીચામા કોઇ ન હતુ, અને તે છતા જાણે સ્વભાવિક અદબની ફીકરથી અમો ઇજજતથીજ ત્યા દાખલ થયા. લેડીશીપનો રોબ ને ટેકજ એબલ કેહતો હતો કે તે ફીસમનો હતો તે બધા સાથે નમાની માયાળુ ને મીઠી હતી—

તે ધીમેથી બોલતી ને તાણીને તો કોઇને કદી કશુ કેહતી બી પણ નહીજ, અને તે છતા નોકરનફરો તેનાથી દમેલા ને થથરેલા રેહેતાં! તેણીની હાલચાલની ગભીરતાજ ગોયા એ અદબ ને ઇજ્જત તેણીને માટે સૌને ફરજયાત કબુલ કરાવતી!

"આએ લેડીશીપની ઘણીજ માનીતી જગ્યા છે," અમે અંદર દાખલ થવા કેડે એબલ માહરે કાને લાગી કેહતો હતો. "એ બાજુની બેઠક આગળનુ ઘાસ અવારનવાર ત્રીમ કરયાજ કરજે, ને ટેબલ ખુરસી સર્વે કાઇ ઘણુ જ સફા રાખવાનુ વળી તેઓ અહી વાચવા આવે ત્યારે ત્હારે બનતા સુધી તેવણની નજરે નહી આવે તેમ દાંએબાએ થઇ જવુ કોઇ વખત ચોપડી કે સીવવા ભરવાનુ અહીજ મુકીને ભુલી જાએ તો પછીથી તુ મેહેલમા જઇને તેઓને તે હાથોહાથ પાછુ આપી આવજે—પણ એ લેઓ, અહી આએ ચીનઇ કુડાનો ખુરદો થયલો દેખુ!"—તેણે સીધી વાત પરથી આડો ઉતરી જતા કહયુ "એ પેલી બેબીના કારસ્તાન, પણ ખબરદાર, સ્મીથ, બેબી ગમે એવો બગાડ ક નુકશાન કરે પણ તુ કઇ જરા બી ચીરડાતો કે તેને ધમકાવતો ના લેડીશીપને તે ગમશે નહી એ લેડીશીપનુ ઘણુ લાડકુ ને વહાલુ ફરજદ છે તે જ્યારે બી બાગમા કઇ ભાજફોડનો બગાડ કે ઝાડપાનનુ નુકશાન કરેછ ત્યારે લેડીશીપ સામાં હસેછ કોઇજ વખત તેને જરા ધમકાવેછ, વાસ્તે તે બચ્ચાને ધમકાવાનું આપણુ કામ નહી!"

હુ ધમકાઉં?—માહરી મેના માનીતા ફરજદને હુજ ધમકાઉ! કેમ બને? ભલો એબલ-તે શુ બિચારો જાણે માહરા દીલમા દર·

યાવ ઉભાતા હોવાની વાત।

"અહી દેખીતુ ઘણુ કામ છે," એબલે જારી રાખ્યું. "આઠેક દાહાડા તક તો ચાલશેજ ચાલશે—હાલમા આએ લૉન ઉપર ફુલો રોપવાનુ જારી કર એ બધુ પુરૂ થશે પછી તો રોજ તું એકેક કલાક એ બગીચાપર લેશે તો બસ થશે"—અને એમ કેહતાં મને માહરૂ કામ બતાવી અને થોડુ આગળ રહીને શરૂ કરાવી છેલ્લે તે ત્યાથી પોતાને કામે લાગવા બાહેર જતો રહયો

હું હવે તે બગીચામા એકલો પડયો

એકલો પડીને "ઍથરસ્ટન હૉલ"ને તેના પુર બાહારમા હું જોવા લાગ્યો. તે એક દમામદાર અને ઘણો કુશાદે મેહેલ હતો તેના ઉંચા મિનારાઓ, કુશાદે બારીઓ, ફરતા બગીચાઓ વિગેરેથી તે એક ખરેખરી સુશોભીત ઇમારત નજરે આવતી હતી

એબલ શુ બકવાત કરી ગયો હતો તે મે ભાગ્યેજ સાભળ્યો હોએ। તે બોલતો હતો ને હુ પાનછેરયો હલાવ્યા કરતો હતો માહરૂ તો ધક ધ્યાન બધુ માહરી મીઠી મેમા ભરાયુ હતુ તેને એક વાર ફરીને ધીરજથી ને ધ્યાનથી રૂબરૂમા જોવા માહરી તસતમ થઇ રહેલી ચશ્મો તરસતી હતી હુ તેનાસે હોઠ ઉંચાડીને એ વાત કરવા પામશ અથવા તો ગાયનના મીઠા સરોદ જેવો તેનો મધુરો સુસ્વર પાછો માહરે કાને સાભળવાને ભાગ્યશાળી થવશ એવી મને કશી ઉમીદજ ન હતી, પણ એક વાર રૂબરૂ ધીરજથી ને ધ્યાનથી ફક્ત તેને જોઇને માહરા આજોર્દે જીવને કરાર આપવા હુ ઉસ્કેરાઇ રહયો હતો તે હવે બીજાની થઇ હતી—મને હીણનાર ને ધિકકારનાર માહરા તુમાખી

સગા સર એલેકની પરણેતર થઇ હતી, અને તે છતા હજી બી મને તે પોતે તો માહરા જાનથી જયાદા હતી એ માહરા બેનસીબ નસીબની કેવી કારમી સરજત હતી !

તે છેક બપોર પછીજ તે બાગમા આવી તેના ઓરડાને લગતુ બારણુ એક મોટા ખખડાટ સાથ ખુલ્યુ મે જાણ્યુ કે તે માહરી વ્હાલી મે હતી તેના વગર કોઇ બીજુ તે ખુલે ને એ તરફ આવે એમ હતુજ નહી

માહરૂ જીગર હવે હુ સાભળી શકું તેટલા જોરથી ધપકવા લાગ્યુ ! હુ જીરેન્યમને ફરતો એક કયારો કરતો હતો તેવામા તે આવી

તે આવી

તે આવી જાણે એક ફિરેસ્તાની ત્યા આમદ થઇ હોય તેવી તેના આવવાથી તે આસપાસની હવામા વટીક એક લેખે અશોઇની ખુશનુદી પસરી રહી તેના નરમ ફુલ જેવા પગલા મે બાગમા આવતા સાભળ્યા, અને તાજુબ કે જે પ્યારો, પનોતો, માનીતો મીઠો ચેહેરો જોવાને માહરી ચશ્મો આ ફીસમે તરસતો રહી હતી તે હવે આખ ઉચકી જોઈ લેવાની હું કેમે કરતા મુતલગ હીમત કરી શકયો નહી ! એ મને એકાએક શુ થયુ હતુ ?

મિનીટ પર મિનીટ ગબડી ગઇ, પણ મે આસપાસ જોયુ નહી મે તો નિચી મુડીએ ને ધુજતે હાથે માહરૂ કામ કરયાજ કીધુ તેણે મને જોયો નહી, ને જોયો હોય તો કશી પરવાહ કરી નહી ફકત તે એ તરફ હતી એ વાતની માહરી માહીતી ને ખાત્રી ઉપતરા તેણીની હાજરીની બીજી માહરા કને પુરવારી એક બી નહી

હતી! અને તે છતા તે હતી એ માહીતીજ જાણે માહરી રગેરગ ને નસેનસમા ખુશાલી ફેલાની રહી હતી!

પણ એમ કેમ ચાલે? અતે મે બાડી આખે જોયુ તે મેજ હતી તે હાલમા લીલીના કયારાઓ વચ્ચે ફરતી હતી તેનો ચેહેરો ખરેખરો શોકાતુર ને અદા ગભીર હતી, અને તે છતા આહ, તે ચહરાની ચમક! ને ખુદાઇ નુરનુ ખરી રીતે બ્યાન કરવાને કદી કોઇ કલમ સમર્થ થનાર નથી

તેણીએ જમીન પર પડતો એક સફેદ મજલીનનો ડ્રેસ પેહેડયો હતો, અને તેની ઉપર કીમતી ક્રીમ કલરની રીબન અને સફેદ લેસ હતી એ પોશાકમા તે જાસ્તી શોભતી હતી

તે એમ ફરતા ફરતા એક કમળના ફુલ ઉપર વાકી વળી, અને ત્યારે તેનુ મુખકમળ તે ખરા કમળની અસલ્યાતને વટીક જાણે શરમાવતુ રહયુ તે એક દીલકસ મુકાબ્લો હતો, ને તે મને જોતી ન હતી તે તકનો લાભ લેઇ મે તે મુકાબ્લો એકાગ્ર ચિતથી જોયો ને તપાસ્યો

## પ્રકરણ ૧૦ મુ.

તે આગળ કરતા વધતી ખુબસુરત થઇ હતી હુ તેને છોડી ગયો ત્યારે તે એક જવાન છોકરી હતી—હાલ તે તેની ચાલ ઢાલ

ને શરીરની પુષ્ટીમા એક સપુર્ણ અબળા થઇ દેખાતી હતી તેનામા હવે વધારે થસ્સે, એક રાણીને શોભાવે એવો દમામ, અને કોઇ બી કુળીન ઘરને જેબ આપે તે તોરનો બધો દબદબો જોવાનો હતો

હુ પેલા જીરેન્યમ તો એ મેહેમારમા ભુલીજ ગયો ! જીરેન્યમ તો જીરેન્યમની જગાએજ વા ખાતા રહી ગયા હુ તો તે મધુરા પીકચરને લગતા સ્વપ્નામાજ ગીરફ્તાર ગરક થયો !

તે એ પછી પેલા સીડારના ઝાડ હેઠલ આવી, અને એક બેઠક ઉપર બેસીને તેણીએ એક ચોપડી ખુલ્લી, પણ તે કાઇ તે વાચતી જણાઇ નહી તે તો હવામા ટીકતી કાઇ ઉંડા ખ્યાલોમા ઉતરી ગઇ હતી તે શુ માહરી યાદ કે માહરેજ માટે કાઇ વિચાર કરતી હતી ?

ને વિચારો વચ્ચે અચબુચ તેની આખમા આસુ ઉભાઇ આવ્યા તે ફીકકી પડી, અને તેના તે મીઠા પ્યારા લબ કોઇ ઉશ્કેરણીથી દેખીતી રીતે ધુજતા નજરે આવ્યા—અને જરા વારે એક મોટુ દચકુ વટીક માહરે કાને આવ્યુ !

ઓ, એ બધુ હુ કેમ સહન કરૂ ? એ કોણને માટે એમ ગમ ખાતી અને રડતી હતી ? તે શા સારૂ એમ મનથી કલ્પાત કરતી હતી ? તે ધનને ઢગલે અને ઉમરાવપદની પ કતીએ પોહચી હતી, ને તે છતાં તે શુ એટલી અસુખી હતી ? કેમ ? કાએ ? શા માટે ?

હુ કેવુ ચાહતો હતો કે હુ એકદમ જાહીર થાઉ ને તેને માહરી ગોદમા લઉ, પણ નહી મે માહરી લાગણીના તે પવિત્ર જુસ્સાઓ જેહમતથા દીલમાં દબાવ્યા તે હવે બીજાની માલીકીની

મીલકત હતી—માહરી નહીંજ ! માહરો હવે એકે હક એ મીલકત પર રહયો ન હતો

પણ એ માહરી હીણભાગ્ય સરજત સામે હુ ટકી શકયો નહી મે જોયું કે એ દુખનો દેખાવ જે મને એટતાજ કારી જખમો મિસાલનો હતો તે જોયા કરતો હુ માહરો અદબ, ફરજ અને દાનાઇ એ સઘળુ ભુલી જવશ—તેને ભેટી પડવા, તેને દિલાસો દેવા અને ચુમીઓથી તેના આસુ ધોહી નાખવા માહરો જીપ તલ પાપડ થતો હતો, અને તેથી હુ ત્યાથી ઉઠીને એકદમ બાહેર જતો રહયો

તે આખો દિવસ માહરો એક દીવાનાનોજ અવતાર હતો તે વ્હાલો રડમસ ચેહેરો માહરી આખ આગલથી જરા થઇને ખસ્યો નહી તે કાએ એટલી દર્દમદ ને દુખી હતી તેજ મને સમજાયુ નહી તે જો માહરે માટે એમ હજી સુધી વીતાપ કરતી હોએ તો એવી તે બાવફા દીલરૂબા મને અને માહરી યાદને બેવફા થઇ એવા એક કપાત્રને પરણીજ કાંએ હશે તેજ મને મુતલગ સહમજ પડતુ ન હતુ !

મગર સંજોગ ને સરજત જે કરે તે કોઇ નથી કરતુ માહરી ખુશાળી ને અજાયબી વચ્ચે બીજેજ દાહડેથી લેડી ગ્લેનને પોતાના એ માનીતા બગીચામા કઇ કઇ ફેરફારો કરાવી લેવાનુ મન થયુ, ને તેથી નજદીક એક મહીના દાહાડાનુ ખાસ્સુ મજાહનુ ત્યા કામ નિકળ્યુ તેણીને ઘણાક કયારાઓ ફેરવાવી લેવાનુ અને ચોક્કસ ઠેકાણે નવીન કયારાઓ કરાવી લેવાનુ સુઝયુ અને ગમ્યુ, અને એ રવેમે હવે તેણીની નજીક ને નજીકજ રેહવાનો જાણે માહરે માટે એક

સુભાગ્ય સંજોગ બની આવ્યો

તે ઘણું કરીને એકજ તોરથી કામ લેતી થતી -સિવાય કે કોઇ દહાડે તે સહવારે નાસ્તા આગમચ જો બાગમા આવી જતી તો પછી આખો દહાડો ત્યાં પાછી ફટકતીજ નહી તેના નરમાસભરયા પગલામાં હુ તો હમેશ એક જાતની અશાની જોતો, અને તેની સ્વપ્નવત આખ્યો, બીડેલા હોઠ, મુઠ્ઠી વાલેલા હાથ અને એ વતરોગે એકથી અનેક શાહદતો પુરવાર કરવાને મોજુદ અને બસ હતી જે તે મધુરી બાળા તે પરણ્યા સંસારમા પુરતી અસુખી હતી

વળી કોઈ કોઇ બપોરે પોતાનુ સીવવા ભરવાનુ કામકાજ અને ચોપડીઓ લઇને તે બાહેર આવતી, ને પેલા ગીડાર હેઠલની પોતાની બેઠકપર બેસતી એ વખત હુ કાઇ ખસુસ તેણીનુ ધ્યાન ખેચાય તેમ તેના રસ્તામા આવતો નહી, પણ દુરથી જેમ એક કાલજીવંત માવતર પોતાના પ્યારા બચ્ચાની પાસબાની કરે તેમ તેને જોયા કરતો, ને તેની ચોકી કરતો!

એક દાહડે તે છેક સાહજે બાગમા આવી એ વખતે ઘણાક ખરી પડેલા પાતરા ને કરમાઇ ગયલા ફુલોના ઢગનો બોજ ઉપાડીને હુ બાહેર લઇ જવાની તૈયારીમા હતો, અન તે વખતે તે આવી ત્યારે તે તેણીના ઇવનીગ ડ્રેસના ઠઠેરાથી મોહ પામી હુ જાણે છેક બેબા-ખરો—ભાણભુલો થઇ ગયો! તેની ગોરી નગ્ન ગરદન ઉપર હીરાનો એક હાર ઝલઝલ થતો હતો, ને સફાઇથી બાધેલા તેના સુવાલા ચલકતા ભરાવદાર બાળમાં હીરાનો એક સ્ટાર રોશણી મારતો હતો તે આએ વખત પાધરી માહરી પાસે આવી

"જરા જોવાની," કાંઇ બાગમાં સારી રીતે ખીલેલા ગુલાબ છે ?" તેણીએ પોતાના વાસલી જેવા મીઠા મોહક શબ્દે સરેસ્તાની નરમાસ ને મીઠાસથી કહ્યુ—અને આહા, છેલ્લાં અમો મોહોત સુધીની ખીદાગીરીના અરસપરસનાં વચનોની આપલેથી છુટા પડયાં હતા તે પછીના આ તેનાં પહેલાજ સુવચનો હું શ્રવણ કરતો હતો !

હું તે ગુલાબો સોહધવા દોડતો હતો, કે જ્યારે તેણે મને થોભાડી કહ્યુ, "તમોને નહીં મલે તો એબલને પુછજો તે માહરો ટેસ્ટ જાણેછ મને કેવા ગમેછ ને જોઇએછ તે તેને ખબર છે. તે તમને સોહોધી આપશે."

હુ જવાબમા નમ્યો

એબલ કે બીજો કોઇ બી એ માહરી માનીતીનુ કામ કરે તે માહરૂ અદેખું જીગર કેમ રજા આપે ? મેં પોતેજ, તેથી, તેને ગમતા ગુલાબોનો એક ઝુમખો એક તડાકે તૈયાર કર્યો, ને તેનો એક દીલ જીત તુરો બનાવી તેની નજદીક લઇ ગયો, જે તેણીએ હસીને એક મધ જેવા મીઠા "ઠે ક યુ" સમેત પોતાને હાથ લીધો તાજુબ એટલુજ હતુ કે એ દરમ્યાન હમણા કે એ આગમચ તે મુતલગ માહરા ચેહેરા ભણી જોતી ન હતી ! તે વાત કરતા બી બનતા સુધી નજર મારાપર ઠેડવતીજ નહી

તેણીને તે ગુલાબોની ગોઠવણ ઘણીજ ગમી "ઘણી સરસ રીતે તુરો બનાવ્યોછ," તેણીએ મીઠાસથી કહ્યુ, "તમેજ બનાવ્યો કે ?"

મેં નમીને હા કહી. ઓ, જો તે જાણતે કે એ તેની ખીદમત કરનાર અને તેને હા કેહનાર પોતે કોણ હતો !

મેં જોયુ હતું કે તે દાહડે હૉલમા કાઇ ખાણીપીણી હતી, ને તેથીજ તે સ્હાજે તે માહરી વ્હાલી એટલી બણીઠણીને તૈયાર થઇ હતી, અને તેથી તે રાતના તેના ઠઠેગમા ભભુકદાર રોશણીના ભરાવામા તેને એક નજરે જોઇ લેવાનો માહરો લોભ હુ માહરા દીલમા સમાવી શકયો નહી એ ઉપરથી તે રાત્રે હુ એમલ અને નેલીની નજર ચોરાવી છુપાછુપ પાછો હૉલ તરફ એક હેરયુ લઇ આવ્યો

નસીબે મને યારી આપી હુ જઇને બાગમાંના એક મોટા ઝાડને ઓથે અધારામા એવી રીતે છુપાયો કે ડ્રાંઇગરૂમને લગતા ફરતા વરદાની બારીઓમાથી અદરનો તમામ દેખાવ હું ખુલ્લેખુલ્લો જોઇ શકતો હતો, અને ત્યા છુપ્યો ઉભો રહી મે તે માહાણુબને તે મેલાવડાનાં પ્રમુખસ્થાને એક રાણીના રોબ અને દમામમા માહલતી જોઇ, કે જયારે માહરો આપેલો પેલો નાખલો ગુલાબનો મઘમઘતો તુરો તેણીએ પોતાની છાતીમા ખોસ્યો હતો એમ જોતા માહરા જીવમા ઓર બી મોટા સતોશનું નવુ જીવન બરપા થયુ તેણીના કાનમા અને ગલામા ઝગઝગીત હીરાઓ ઝલઝલી રહયા હતા, અને દીવાની રોશણીમા તે કાઇ એટલી બધી તો મનોહર નજરે આવતી કે જુવાન્યાઓના ટોળેટોળા તેની પુઠેપુઠ ભમતા હતા, અને તે જયા જતી ત્યા નજર દોડાવતા રહયા હતા તે જોઇ હું કશીજ રીતે તાજુબ થયો નહીં

તાજુબ થયો નહી મગર અદેખો તો થયો અરે, એ માહરો હક—એ માહરી નજરનો શીકાર—અને તેની ને માહરી વચ્ચે

સરજતે કેવો દયામણો ને ડરામણો ફેરફાર કરી મેલ્યો હતો ! મે એક ઉડો નિશ્વાસ નાખ્યો.

તે બધાંસે મલતી ને નરમાસથી વાતચીતો કરતી હતી–પણ આહા, પેલી તેની આંખની હેઠાણમાંની ગમી તો તે ભમુકદાર રોશણીમા બી એક રોશણ ચેરાગ જેવીજ પ્રગટ જણાઇ આવતી હતી તે શું ત્યારે આ બધી ખુશીના ઢોગ માત્ર કરતી હતી, ને બાતેનમા જખમી અને દુખીજ હતી ? બીજી અબળાએ જુઠા જુદા ઢોગથી હસવુ ન આવે ત્યારે બી ચીચ્યારીએ પાડી હસતી સભળાતી હતી, પણ મીઠી મેને તે રાત્રે વટીક કોઇએ જરા બી મોટે સ્હાદે હસતી સાભળી નહીં !

તેને એ દરમ્યાન કોઇએ ગાવા કહ્યુ, ને તે જઇને ત્યારે પ્યાનાપર બેઠી; પણ આહા, ત્યારે બી શોકાતુર શરોદે "ગુમ થયલુ ગોહર" એ નામનો એક "પીસ" તેણીએ વિજળીની ઝડપે પોતાના નરમ ફુલ જેવાં આગળાઓ પ્યાનાની ચાવીપર દોડાવીને એવુ તો એક દીલજીત ગાયન વગાડયુ ને ગાયુ કે હુજ નહીં પણ તે આખી મિજલસ ખરા દીલની આફ્રીનમાજ હલમલી રહી.

ઓ, મે જોયુ કે તે માહરેજ માટે ગાતી હતી ! માહરૂ હૃદય શાખ પુકારતુ હતુ કે તે મને મુતલગ ભુલી જઇ શકીજ ન હતી, ને એકથી એક હજાર પ્રત્યક્ષ પુરાવાઓ તેણીના સમાગમમા આવ્યા કેડે હુ હાલતાં ચાલતા એ બાબે જોઇ શકતો હતો એથી વધારે શુ જોઇએ ?—અને ત્યારે મે કકલાત સાથે માહરા જીગરને પાછુ ને પાછુ પુછયુ કે તે સર એલેક જેવા એક અધરમીને ત્યારે પરણીજ

શુ કરવા હશે? તેના પૈસા કે પદવી માટે તો હોયજ નહી? કદી નહીં તેણીને પૈસા કે પદવીની તુભા હતીજ કયારે? અને એ લગનમા ત્યારે કાંઇ બી બીજો જુદોજ છુપોજ ઉંડો ભેદ હોવો જોઇએ, ને તે શો હોવો જોઇએ તે જાણવા માહરૂ જીગર ચીસ પાડી કલ્પાત કરતુ રહ્યું હતુ.

બીજી સહવારે હુ સકાલે માહરી નોકરીપર પાછો હાજર થયો મને તે આગલી આખી રાત જરા જપ વળી કે ઉંઘ આવી ન હતી. માહરી માનીતી મને મુવેલો માનવા છતા હજી મનેજ ચાહતી ને માહરે માટેજ શોક કરયા કરતી હતી એ વાતની ખાત્રી ને માહીતીથી માહરૂ તો જાણે બસ હવે માથુંજ ફરી ગયુ હતુ ખરેખર હુ ઘેલોજ ન થઇ ગયો એ એક મોજેજો થયો!

તે દાહાડો ખુશનુમા અને તડકાવાલો હતો, મગર ગઇ રાતની જેહેમત ને પરોણાગતની થાક પછી વ્હાલી મે આજે બાગમા આવે એ વિશે હુ ઘણો શકાશીલ હતો કદાપી નહીજ આવે, પણ નહી બપોર પેહેલા પેલું માહરૂ તે માનીતુ બારણુ પાછુ ખુલ્યુ, ને માહરી માનીતી મે પોતે બાગમા આવી હતી તે વાતની માહીતીથી માહરે માથેનો સુર્ય, વાદલાં, હવા અને ફૂલો વટીક જાણે વધતા ખુશનુદ ને તેજસ્વી બનેલા મને લાગ્યા

તે પેલા સીડાર નિચેની પોતાની બેઠક પરજ ગઇ નહી તે બાગમા લટાર લેતો રહી, ને માહરી ઘણી અજાયબી, ખુશાલી ને ગભરાત વચ્ચે ફરતી ફરતી તે આજે પણ પાછી માહરી પાસે આવી હવે? હવે મને લાગતુ હતુ કે માહરે સદા છુપ્યો રેહવામાજ મારી

સલામતી અને તે વ્હાલીનુ સુખ સમાયલુ હતું. માહરે જાહીર થવા માટે હવે ખરેખર ઘણુ મોડુ થયું હતુ. હવે તે બીજાની થઇ ચુકી હતી તો માહરે જાહીર થઇ શુ સાર કાઢવાનો હતો? ઓર તેથી કોઈ નવો અનર્થ ઉભો થવાનુ સભવતુ હતુ! તે મને મુવેલો માની આટલી દુખી હતી તો મને હૈયાત સાભળી કેટલી વધારે રંજ પામે? મે, તેથી, માહરો ભેદ છુપાવવાનોજ પવિત્ર કરદ કરી મેલ્યો

## પ્રકરણ ૧૧ મું.

તે માહરા પાસે આવી

મે, એમ છતા, આખ ઉચકી તે દીલછુત મુખડા સામુ જોવાની હીમત કરી નહી. હુ હીમત કરી શકયોજ નહી મે નિચી મુડીએ કામ કરયા કીધુ, કે જ્યારે મુરબીગીરીના દયાળુ તોરથી તે માહરૂ કામ જોતી ને તપાસતી એકાદ પલ ત્યાં થોભી

"ક્રીસમસ ડેને દાહડે દેવળમા બીમાર થયા હતા તે તમેજ?" તેણીએ તે પછી મને ઘણીજ માયાથી પુછ્યુ, "મને ખબર નહી મેં તો આજેજ સાંભળ્યુ"

હુ હવે તાબરતોબ કામ પડતુ મેલી ઉભો થયો, ને અદબથી માહરી ટોપી હાથમા લઇ તેના સમક્ષ ખડો રહયો.

"હુ તમોને સાજા થયલા જોઇ ઘણી ખુશી છુ," તે માહા-

બુએ મમતાથી કહ્યુ, "હવે તમોને કેમ લાગેછે?"

"હુ સારી પેઠે છુ, માહરા લેડી," મે ધીમે ધ્રુજતે અવાજે જવાબ કર્યો.

"તમોને દેવળમા બીમાર થયલા જોઇ માહરો જીવ બલી ગયો હતો," તેણીએ પાછુ કહ્યુ, "તમાગ શુ અત્રે કે કેઠે કોઈ સગા વાહલા છેજ નહીં?"

ઓ તે દયાલુ દીલ! તે મીઠા હોઠ કે જે એક દેખીતા મુફલીસ નાવારીસ માટે પણ આટલી બધી કદરદાની જાહીર કરતા હતા!! એવી એકના પગપર નિસાર થઇ મરવામા બી મને લાગ્યુ કે મોજ હતી!

મેં ના કહી, અને માહરા કોઇ સગાં વાહલા ન હતાં એમ સાંભળી તે ઘણી અજબ અને દીલગીર થઇ

"તમે આટલી મોટી બીમારીમાથી તરતનાજ ઉઠેલા છેઓ તો ઘણી મેહનત કરતા ના," તેણીએ કહ્યુ "હુ એબલને બી એ વિશે કેહવશ"

આએ કેટલી બધી મેહરબાની! મે માહરી શોકાતુર આખો ઉંચકીને, તેથી, તેના ભણી આતુરતા સમેત જોયુ, ને અમારી આખમે આખ મલી એ વખત તે ચોકી. તેણે માહરી આખમા અચબુચ એ શુ જોયુ?

"તમે મને બીહીધરાવી," તે વ્હાલીએ ફીકકુ હસીને કહ્યુ, "તમારી આખમા આગલ હું એક ગ્રહસ્થને ઓલખતી હતી તેવ-ણુનીજ આખનુ કંઇ એટલુ બધું તો એકમલતાપણુ હું તો

જોઉછ! તમારૂં નામ શુ ?'

"જૉન સ્મીથ, માહરા લેડી," મે માનથી પણ મનથી કાંઈક ગભરાતા જવાબ કર્યો

"તમે હમેશ આએ તરફનાજ રહીશ છેઓ ?"

"નહી જી, હુ કઇ જાથુકનો આએ તરફનો રેહવાસી નથી"

"ઘણુ અજબ જેવુ," તે અરધુ મોટે પટપટી,—"આખ-માજ નહી પણ અવાજમાં વટીક હુ તે હુબહુ એકમલતાપણુ જોઉછ! તેવણુ બિચારા બેહેન પામ્યાછ જાણે તેજ આખ ને તેજ અવાજ!'

હુ શો જવાબ દઉ ? હુ ચુપ ઉભો રહયો. હુ જો બોલતે તો માહરૂ પ્યારથી ઉભાતુ દીલ ખાલીજ કરી દેતે!

"દુન્યામા કેવા અજબ જેવા એકમલતાપણા બી બાજે વખત થઇ શકેછ," માહરો ચેહેરો કાઇક વધારે ધારી ધારીને જોતા તે બોલી—અને પછી પેલો કપાળપરનો કાપ જોઇ તે જરા વધતી ચમકી

"તમે શુ લશ્કરમા કેથે નોકરી હતા ?" તેણીએ વધતી તાજુબીમા પુછયું

મને હા કેહવા ફરજ થઇ પડી!

"કેઇ રીજમીટમા ? આએ કપાળપરનો જખમ શુ કોઇ લડાઇમા થયો હતો ?"

"હા જી"

"કાહા ?"

"હિંદુસ્તાનમા"

"હિંદુસ્તાનમા ?" તેણીએ વધારે ગભરાતથી કહ્યુ, "ઓ, મને કેહો કે તમે કેઇ રીજમીટમા હતાં ? માહરા એક ફ્રેન્ડ એક રીજમીટમા હિંદુસ્તાનમા કપાઇ મુવેલા છે તેથી પુછુ છુ"

મે જોયુ કે આમ તો ભડકો ફુટી જયા વના રેહનારજ નથી, માટે વળી પરીણામો સારૂ કુજી મે ફક્ત ઉડાવનારા જવાબ આપ્યા તે પોતાનો ટેક, દમામ અને દરજ્જો એ દરમ્યાન માહરા જોડે વાત કરતા જાણે ભુલી ગઇ હતી, પરંતુ તે તરતજ પાછી હોશમા આવી. તેણીને લાગ્યુ કે એક ન્હાના બાગબાન જેવા સાથ આટલી બધી હદ સુધી ને આટલો લાબો વખત તક વાત કરતી થોભવાનુ તેના દરજાની એક લેડી માટે નબોજુ હતુ, માટે તેણીએ હવે ટુંકુ કરતા કહ્યુ, "હુ તમારે માટે ઘણી દલગીર છુ. તમે દેખીતી રીતે ઘણી હાડમારીઓ ખમી છે"—અને પછી પોતાની 'પર્સ" કાઢી તેણીએ એક સોનાનો સૅાવરીન માહરા હાથમા મેલ્યો "તમોને તમારી બીમારીથી ઘણો ખરચ થયો હશે," તે મીઠી માહાણુએ કહ્યુ, "આએ લેઓ"—અને તે ચાલી ગઇ

તે ચાલી ગઇ, કે જયારે માહરા જીગરના ઉંડાણથી નિકળેલી એક હાએ સુભાગ્યે તેણીના સાભળવામા આવી નહી

તેનો આપેલો તે "સૅાવરીન" આજે બી હુ માહરા ઘડયાળના છેડામા પેહેરુ છુ તે એ વ્હાલીની નરમાસ ને માયાના એક મુસ્તકીમ પુરાવા તરીકે માહરી જીંદગીના છેડા સુધી સાચવી રાખવાનો મે કસ્દ કર્યો છે.

તે મને ને મનેજ ચાહતી હતી ! મને નહીં ચાહતી હોતે તો

માહરા એકમલતાપણાંના સબબે એટલી ઉશ્કેરાતેજ શું કામ? એટલી દયાથી મને 'સૉવરીન" આપતેજ શી રીતે? ખચ્ચીત, તેણીના પ્રમાણીક પ્યાર માટે મહારી ખાત્રી થવા કેડે તેણીના સમાગમમા એમ છુપ્પો ને અલગ રૈહતા મેં જે કાઇ ખમ્યુ તે એકલા માહરા ખુદાનેજ રોશન છે!

બીજે દાહાડે હુ બાગમા કામ કરતો હતો ત્યારે નર્સ બેબીને લઇને બાહાર આવી. તે ઘણુંજ ખુશમિજાજી ને રમતીયાલ બચ્ચુ હતુ. તે તેની માતાનીજ મુરત હતી. હુબહુ બીજી મે! માહરૂ દીલ, તેથી, તે ન્હાના ફુલ તરફ હેતથી ખેંચાઇ ગયુ

તે બાળકી માહરી સાથ રમવા ને મને બોલાવતી આવી, ને મે બાજુમાના ઝાડ પરથી તોડીને એક પાકેલુ પીચ તેને ખાવા આપ્યુ. તે તેથી માહરા જોડે વધતી હળી ગઇ, અને તેના નિર્દોશ ચેહેરાપર મેં લીધેલાં ચુબને જાણે માહરા આગમાંની તેની માતાને લગતી બેકરારીની બોખારને એકદમ હેઠે પાડી. મને ઘણી શાતી થયલી લાગી!

વળી થોડાક દિવસ પછી મે ત્યા બાગમા વાચતી બેઠેલી હતી ત્યારે 'નર્સ' એ ભુલકીને બાહેર લાવી, ને તે તેની માતા આગલ હતી તે દરમ્યાન મેએ નર્સને ઘરમા કાઇ કામેકાજે મોકળી. એ તકનો લાભ લઇ મને જોતાં તે પુતલી પાછી માહરા ભણી હેતથી દોડી આવી

"એ તમે શુ કરોછ?" તેણીએ તોતરી જુબાને પુછ્યુ, "ફુલ બનાવોછ કે?"

"નહી મીસી," મે સમજાવ્યુ, "ફુલ તો ખુદા બનાવેછ, પણ હુ તો તેને ઉગવામા મદદ કરૂછ"

તેવામા કોઇનો તે ફુલો પર ઓળો પડયો, ને મે પોતે ત્યા આવી ઉભી

"એ પટપટયુ વળી તમોને શુ કટાળો આપેછ, સ્મીથ?" તેણીએ હસીને પુછયુ

"ફુલોને વાસ્તે પુછેછ, માહરા લેડી," મે અદબથી જવાબ કર્યો

ત્યા તે બચ્ચાએ પેલો માહરાં કપાળપરનો મોટો લાલ સરેતો જોયો, અને આગળી કરી પુછયુ, "એ આએ તમોને શુ થયુછ?"

હુ ગીઠાસથી હસ્યો

"એ તો કેની, દીકરી, તે એવણુની બાહાદુરીની નિશાણી છે," તે માતાએ સમજ આપી, "તે બધી વાત સમજવાને વાસ્તે તું હજી ઘણી નાધની છે"

"તમોને દુખેછ?" વળી તે ભુલકીએ પુછયુ

"હવે નથી દુખતુ," મે તે બચકલાને હાથમા લેતા ને ખરા દીલના હેતથી તેના હાથપર ચુમી લેતા કહ્યુ—અને પછી તેને મે પાછી ઉતારી એટલે તે રમતયાળ રમકડુ ખુશીમા રમતુ ને હસીને ચીસ પાડતુ આગળ દોડી ગયુ, અને તે વહાલથી વીહલી પડતી માતા પણ ત્યારે તેની પુઠે ગઇ

પણ એમ કયા સુધી ચાલે? મે જોયુ કે માહરા દીલની ઉશ્કેરણીઓ હવે કેવળ અસહ્ય થઇ પડી હતી તે બાજે વખ્ત તે માહબુબ સાથ વાત કરતા એટલી બધી જોરાવર થઇ પડતી કે સઘળુ

જાહીર કરી કબુલ કરી દેતાં હું પોતે પોતાને માહા મુશ્કેલીથીજ રોકી શકતો એટલામાટે એક ગંભીર ખરાબીનો જોખમ નિવારવા માહરે જલ્દીજ આ નોકરી હવે છોડીને કેથે જતો રેહવુ જોઇએ એમ મને લાગવા માંડયુ આ બળતી ચેહમા જીવનાજીવત જલતો રહીને હુ કયા તક એમ ભસ્મ થયા કરૂ? તેણીને અવારનવાર રડતી હુ જોતો અનેકવાર તેની આંસુઓથી ભીજાયલી અને રડેલી આખો હુ પોતે જાતે જોતો ને પકડી કાઢતો તે ઉડા નિશ્વાસો ચાલતા હાલતા હમેશ નાખતી. પોતાની સ્થિતીથી તે કોઇ રીતે જરા બી સતોશી કે સુખી ન હતી. તેની જીંદગીમાં જાણે એક દેખીતી એવી ખાચ પડી ગઇ હતી, કે જે તે ગીઠી મધુરીને ઠડીને રેહવા કે શાતીથી જીવવા દેતીજ ન હતી!

તેનો સાથી ( ભરથાર ) વળી તેને કશીજ રીતે સુખનુ સાધણ ન હતો તે સારો આદમી હતોજ નહીં તે કાઇ ઘણો બુરો કે પાપી ન હતો, સારા નસીબે તે છાકટો કા જુગારી બી ન હતો એવા પાપી વ્યસનોનો તે કશી રીતે જવાબદાર નહી હતો, પણ તે તામસી ને તુમાખી હતો તે વાત કરતા ઉશ્કેરાઇ આવે ને લડી પડે તે ક્રાસમનો એક લડાકવહરાક આસામી હતો તેનો મિજાજ જાય ત્યારે સગા બાપનો બી નહી થાય તે ક્રાસમનો તે ગુસ્સાબાજ હતો—અન તે માહરી મેને કઇ થોડો સતાપ હતો ' તે જરાજરામા તેણીની સાથે લડી પડતો, અને મે તેને મનાવતી પટાવતી જાએ નહી ત્યા તક રીસાઇ રેહતો આદમીઓને તે મારફાડ કરતો, ને તેથી જયારે નોકર નફરો મે પર મરી પીટતા ત્યારે તેઓ તેને ( સર એલેકને ) એકકેએક

ખરા જીગરથી ધિક્કારતા હતા તેઓ તેનાથી તદન ડરીને ચાલતાં ને થથરેલાજ રેહતા એ તો સુભાગ્ય માહરા કે માહરા જોડે તે એટલો બી મીલનસાર ને મેહેરબાન થયો હતો! તે તેના જેવા એક નાલાયકથી વકી રાખી શકાય તે કરતા બેશક ઘણુ વધારે ને વિશેષ હતુ તે મગજનો માહા ફેરાવન હતો. નોકર નફરોને જે હાથમા આવે તે ચીરડાયલો હોય ત્યારે છુટુ મારતો, અને વાત કરતા પોતાના ઘોડા કુત્રાઓને ગોલી મારી મારી નાખતો! તે વળી સ્વભાવમા અગરગરચો બી ઘણોજ જ્યારે વકી રાખવામા આવે કે તેને ગુસ્સે થવાને કારણ મલશે ત્યારે તે ગુસ્સે મુતલ્લગ ન થતો, ને તદન નજીવી વાતમા નહો ધારેલો તે દીવાન્યત હદ સુધી એક દમ ઉસ્કેરાઇ આવતો! ટુ કમાં, એ મુજબની તેની એ બધી સતાવણીઓનો મોટો હીસ્સો, અલબત, ગાય ગુલાબ જેવી મેનેજ સોસવો પડતો મોટો ફાળો તેનેજ ફાળે આવતો તે હેમક ચીરડાય ત્યારે મોહમા આવે તે બેઅદાજ કીસમે બકી દેતો, ને તે બાપડીને મનભાવતી ને મોહછુટી ગાલબેલ વટીક કરતો!

તેને એવી એક ગરીબ કહાગરી બૈરી મલવી સજાવારજ ન હતી તેને તો જરા બી તેને માથેની થાએ એવી કોઇ બોલીદરાજ પરણેતર મલવી ઘટતી હતી, કે જે તેને જેર કરતે, ને તેના તામસીપણામા જરા બી તેને નરમ બનાવી શકતે આ તો એક ગરવી ગાય હતી કે જે એકાતમા રડી રડીને સઘળુ મુગે મોઢે ખમ્યા કરતી ને લઇ ચલાવતી હતી તે ઘઘેડાને મોટુ દુખ એજ હતુ કે તેની મોહરદાર હમેશ શોકાતુર રેહતી. તે તેને ગમતુ નહી ને

તેથી તે તેના જોડે ચાલુ ચીઠડા ફાડતો ને વેચતું લેતો તે એ તે-ણીની ગમીના સબબે શુ હજી બી માહરે માટે અદેખો પડતો હતો ?

હુ ઘણીક વાર બાગમા કામ કરતો હોઉ તે વેલાએ મેહેલમા લડાઇ ટટો ને ઝઘડો બખેડો થતો સાંભળતો હતો, કે જેમા કોઇક વાર નોકરનફરો પર, પણ ઘણે મોટે ભાગે માહરી મે પરજ તેને હુ બખાલતો સાભળતો મે તો તેને કદી બી કશો જવાબ કરતી સંભળાતી નહી, પણ તે પોતાનો જીવ જીકાતી નાખતો, અને તે વખને મને એવુ ઝનુન છુટતુ કે અંદર દોડી જઇ તેનો ટોટો ભચડી મુકવા માટે માહરા ચવડસવડ થતા હાથોને હુ એક અસાધારણ જેહમ-તથીજ રોકી શકતો ! તે પછી મે બિચારી તુરત બાહેર બાગમા આવતી, ને હાથોની હથેલીમા માથુ નમાવીને તેણીનુ હૃદય તુટી જાએ તેટલુ બધુ રડી પોતાની ઉભાતી છાતીને તે ખલાસી આપતી એો, તે વખતે હુ તેને રડતી કેમ જોઇ શકતો હતો તે બયાન કરી કેહવાની જરૂર છે ?

એમ દિવસો વહી ગયા, અને ઉનાળો આવતા સર એલેક સ્કૉટલેન્ડમા શિકારે જવાનુ નક્કી કરયુ તેણે લેડીને બી સાથે લઇ જવા ચાહ્યુ, પણ બેમીની તબ્યતને સ્કૉટલેન્ડની હવા માફક આવશે નહી એવુ બાહણુ કાઢી તે પાછળજ રહી તેને તો એકાનજ ગમતુ હતુ માટે ખાખસુસ આમ કરીને તે ગઇ નહી, ને પાછળ રહી એ જોઇ લેવાનુ પુરતુ સ્હેલ હતુ.

સર એલેક, તેથી, કંપની સારૂ લેડી હોપ નામની એક તેઓની ફ્રેન્ડને તેની જોડે તેની ગેરહાજરી દરમ્યાન હૉલમા રેહવા

ઇજન કરીને બોલાવી, અને તે આવ્યા પછી તે પોતે એક સહવારે ઉપડી ગયો.

તેના જવાથી જાણે બધાના જીવમા જીવ આવ્યો બધાને મન તેનુ જવુ ભલે-ભલે થયુ સૌ છુટકારાનો દમ ખેચતા દેખાયા મોટામાયો કહે તેમ તેના જવાથી જાણે 'ઘર ચોખ્ખુ થઇ ગયુ !'

તાજુબ તો એ હતુ કે હુ હજી એના એજ બગીચામા માથુ ફોડયા કરતો હતો તે લેડી ગ્લેનને જરા બી અસાધારણ કે અજબ કરનારૂ લાગ્યું નહી હવે કાઇ તેટલુ બધુ કામ હતુ જ નહી એ તો હુજ નહી કામના કામ ઉભા કરી ત્યા ને ત્યા દાહડો તોડી પાડવાનું કરતો હતો વળી માહરી મતલબ સમાલી લેવાની મતલબથી એ મલને પણ હુ કોઇ કાસમે નારાજ નહી થવા દેતો તેની જોડેજોડ બડી બામદાદથી ઉઠીને હુ કામે વલગતો, અને તેણે સોપેલુ આટોપી લઇને હુ પરવારતો એટલે બ્હાદી મેના બગીચામા થરનો અમલ, તેથી, તે માટે જરા બી વાધો કરતો નહી ઉલટો તે એ માહરો ઉજમ ને ઉદયમ ઘણો વખાણતો ને સૌ આગલ માહરી તારીફ કરતો

મે પણ તેનીજ મેહેરબાન રહી માહરા અવાજ ને આખોના તેના આગલા વ્હાલા સાથના મલતાપણાથી તેના ઉપર એટલી બધી અસર થઇ હતી કે તે હમેશ મને જોઇને ખુશીથી હસતી અથવા હેતથી બોલાવતી તેને જાણે માહરા ચેહેરાનો સહવાસ થઇ ગયો હતો તે જરા બી માહરો મોટી દાઢીવાલો ને બાલથી ભરાયલો ચેહેરો જોઇ સુગાતી કે કમકમતી નહી

તે માહરી સાથ ઘણુકરીને હિંદુસ્તાન વિષે વિશેષ વાત કરતી,

ને મને ત્યા દટાયલો સમજતી હોવાથી તે દેશ વિશે વાત કરતા હમેશ લાગણીઓથી ધ્રુજતી. એક વખત તેણીએ શરમાઇ શરમાઇને કહ્યુ–

"રૅડ લાનસર્સ નામે એક રીજમીટ હિંદુસ્તાનમા હતો તેને લગતુ તમો કાંઇ જાણોછ વારૂ? તેમા એક ઑફીસર અમારો દોસ્ત હતો તે બિચારો ત્યાજ બેહેસ્ત પામ્યો "

"તે રીજમીટમા માહરો એક દોસ્ત હતો ખરો," મે ધીમે સ્હાદે કહ્યુ

તેનો ચેહેરો, એ સાભળતા, ખુશીમા ખીલી રહયો

"તેને મેહેરબાની કરી પુછાવશો કે હેનરી ગોરડન નામે એ રીજ-મીટમા જે એક લેફ્ટનન્ટ હતો તેને તે ઓળખેછ?" તેણીએ લગભગ માગી લેવાની ઢબે કહયુ, "મને એ મરનારને લગતી જેટલી મલી શકે એટલી બધી વીગતો જોઇએછ તમો એટલી મને જરૂર મેલવા આપશો? તમારી ઘણી મેહેરબાની થશે"

મે દુખથી એ સાભળતા માહરૂ માથુ નમાવ્યુ

"તેવણ —તેવણ માહરા ઘણા દેસ્ત થતા હતા," તે વ્હા-લીએ અચકી અચકીને કહયુ, "તમો એ વીગતો મને મેલવી આપશો?"

"હુ તે મગાવી લેવશ, માહરા લેડી," મે વળી ધીમે સ્હાદે જવાબ કર્યો

"ઠીકસ," તેણીએ કહ્યુ,—અને પછી તે માહરા પાસથી ખસી ગઇ, પણ તે ફકત માહરી યાદથી તેની મીઠી ચશ્મોમા ઉભાઇ આવેલા આસુઓનો એક દરયાવ છુપાવા કાજેજ ગઇ, કે જ્યારે

તે માહરી આગતથી દુર થાય તે પેહલા તેની છાતીમાથી એક મોટુ દચકુ અવાજ કરતુ બાહેર પડયુ તે વટીક મે આબાદ સાભળ્યુ !

માહરી આખો, તેથી, તેજ મુજબ આસુઓથી ભરાઇ ગઇ શુ તે સાચી, ઇમાની અને બાવફા નહી હતી ? અને, પરવરદેગાર, ત્યારે તે છતા તે કાએ સર એલેકને પરણી હતી ?

## પ્રકરણ ૧૨ મુ.

લેડી હોપને પણ સારા નસીબે હુ ગમવા લાગ્યો હતો તે પણ જયારત્યાર બારણુ ઉંઘાડી એ બગીચામા ઉતરી આવતી, ને મને જોતી ત્યારે મીઠાસથી હસતી ને માયાથી વાત કરાવતી દેમીતી રીતે વ્હાલી મેએ તેને માહરે વાસતે કાઇ સારૂ જ કહયુ હતુ, જેથી તે એ રવેસે માહરા પક્ષમા મનાઇ ગઇ હતી તે કેહતી હતી કે તેને લેડી ગ્લેનનો એ ખાનગી બગીચો આખી વાડીના બગીચા કરતા જયાદા ગમતો હતો હુ, અલબતે, તે ન્હાનો બાગ રાખનો બી તેવોજ સુઘડ અને સફા

"મે," એક વખત લેડી હોપે પુછ્યુ — કે જયારે હુ એક મોટા ઝાડની ઓઠે તરતનોજ દાખલ થઇ કામે વળગેલો હતો તે વાતની તેઓને માહીતી નહી હતી–"આએ તાહરો બાગબાન કોણ છે ?"

"કેમ ?"

" કારણ જે મને તો એ કોઇ દેખીતો ખાન્દાની ને કેળવાયલો આસામી નજરે આવે છે," લેડી હોપે કહ્યુ, "સાધારણ માળીઓના વર્ગથી એ દેખીતી રીતે અતી ઘણો ચઢયાનો આસામી છે તુ ને નહી લાગતુ ?"

" મને બી એમ લાગેછ ખરૂં," મેએ શાતપણે કહ્યુ

' હુ તો કેહુછ જે આએ બીહીક લાગે તેવી દાહારી છે ને નહી હોને તો એ જવાન ઘણો ખુબસુરત લાગતે!"

" તુ પ્યારમા તો નથી પડીની ?" મેએ ધીમુ હસીને કહ્યુ, ને લેડી હોપે ટપકાની ઢપે તેના હાથપર પાસે પડેલી એક ચોપડી ઉચકીને મારી

" માહરી બી ખાત્રી છે કે એ આસામીએ આગળ વધારે સારો વખત અનુભવેલો હોવોજ જોઇએ," માહરી મેએ એ પછી ગભીરતાથી કહ્યુ "એ કોઇને પોતાનો ભેદ કેહતો નથી મને લાગેછ કે એ જાણી બુજીને તે છુપાવેછ"

" એને એ જખમ શાનો હોશે ?"

" આગળ એ લડાઇમા હતો એમ સભળાયછ, ડૉરીસ, " મેએ કહ્યુ

" ને સોલજરો તો તાહરા ઘણા માનીતા સદાનાજ છે," લેડી હોપે (ડૉરીસે) જવાબ કર્યો.

" હા, માહરો વ્હાલો જે હિદુસ્તાનમા કપાઇ મુવો તે એક સોલજરજ હતો," મેએ ગમખ્વારીથી કહ્યુ

" તેથીજ," લેડી હોપની સમજમા ઉતર્યુ હોય તેમ તેણીએ

કહ્યુ. "હું હમેશ જોતી હતી કે તુ કોઇ બી સોલજરની વાતમા ઘણી ઉલટ લેતી હતી તેને શુ તુ ઘણો ચાહતી હતી ?

"ઓ, મને પુછતીજ ના !" તેણીએ જુસ્સાથી જવાબ કર્યો "તેના મરવાથી માહરી આખી દુન્યા માહરે મન મરણ પામી ચુકીછ માહરી જીદગી, માહરૂ તેજ, માહરી આશા સૌ તેની સાથેજ ઘોરમા ગયલું છે "

"ત્યારે તુ ફરીથી પરણી કેમ શકી ?"

"લાચારીથી, ફરજ્યાત," તેણીએ ગમ ખાઇને કહ્યુ, "પણ મે માહરા ભરથારને પરણ્યા આગમચ ને પરણ્યા પછી બી હમેશ કહેલુ છે કે તે માહરા શરીરનો માલીક થશે, મગર માહરા પ્યાર કે માહરા જીવનો નહીજ તે તો એવિ હુ તે વાહલા મરનારને સદા સુધીના સ્વાધીન કરી ચુકીછ"

"તાહરી ભુલ છે," ડૉરીસ કેહતો હતો "હવે તેને તાહારે ભુલી જવો જોઇએ આવા પૈસાટકાના સુખમા તને કોઇ વાતની કમી છે ?'

લેડી ગ્લેન ફીકુ હસી

"એ વાત જવા દે, ડૉરીસ," તેણીએ કહ્યુ, "તુ એ વાતમા નહી સમજે એટલુંજ જાણ કે તેના મરવા સાથે તે વખતનીજ હું તો મરી ગયલી છેઉ માહરી કાયા જીવેછ પણ મહારો આત્મા તો પેલી જેહાન તેને મલવા તેજ દાહાડાનો જઇ ચુકેલો છે !"

હુ જયાદા સાભળી શકયો નહી તે પાકજાદ મધુરી—તે અશોઇની મુરતી—તે પાકીજગીના ફિરેસ્તાની માહરા દીલથી જાબજા

વખાણ કરતો હુ તેઓ મને જોય અથવા સાભળે તે આગમચ ત્યાથી ગુપચુપ નિકળી ન્હાઠો

અને એ રીતે, વ્હાલા વાચનારાઓ, સઘળો ભેદ પકડાયો હતો !

તે ઓરતે અતની ઘડી સુધીનુ પોતાનુ ઓરતપણુ પુરવાર કર્યું હતુ ! તે ઓરતોને શોભા આપનાર એક ખરી પાકીજગીનો ખરો ફિરેસ્તાઇ અવતાર હતી, ફક્ત તે સર એલેકને કાએ પરણી હતી તેજ એક ભેદનો ખુલાસો મળવો હવે બાકી રહી ગયો હતો.

અને તે પણ જલ્દીજ મળ્યો તે માલીક જાણે દરેક વાતે માહરા મનનુ સમાધાનજ કરવા ચાહતો હોય તેમ ખરા ખુલાસાના પુષ્ટો એકેક પછી હવે માહરા સામે ખુલ્લા થતા ને પ્રગટ પડતા જતા હતા

ડૉરીસ હોપ અને મેની વચ્ચેની માહરે કાને આવેલી વાતચીત પછી માહરા મનનુ હદ વનાનુ સમાધાન થયુ હવે મને વ્હાલી મે એક ધર્માવતાર તરીકે—આ પૃથ્વીની રહીશ નહી પણ પેલી દુન્યાના એક પાક ફિરેસ્તા તરીકેજ દેખાતી હતી, અને તેથી માહરો આત્મા પણ જાણે તે પાકીજગીમા મલી ગયો એથી મને ઘણો કરાર ને શાતી થઇ, ને માહરા મનનુ એક સદા સુધી માટે વણ સમાધાન થયુ હુ જોતો હતો કે ને દીનપર દીન ગળાતી જતી હતી, અને તેથી હુ કોઇ રીતે દીલગીર ન થતો હતો. અમો બને મોહોતના ઉમર ઉપર મોહોતના આશિરવાદની તલબ કરતા હાલમા ખોટી થઈ રહયા હતા !

એ દરમ્યાન સર એલેકની ગેરહાજરીનો લાભ લઇ ભલી મે પોતાની

બીમાર ને દુખી માતાપર ઘણી હેતાતી કાળજીથી પુષ્કળ ધ્યાન આપતી હતી તે રોજ પોતાની ટટુની ડૉગ કાર્ટ જોડાવી તેને મળવા હાકી જતી, અને તેને બરની અનેક ખોરાકી અને દવાદારૂની સામગ્રી પોતાની સાથે લેતી જતી

એ પછીજ મે કહ્યું તે મને બાકીના ખુલાસાની ચાવી એક દિવસે અનાયસે હાથ આવી વ્હાલી મે બાગમા એક બે કલાક વાચતી બેઠી હતી તેની આસપાસ ટેબલ પર બેચાર ચોપડીઓ પડેલી હતી, પણ તે હાલમા એક ચામડાના કવરની હાથની લખેલી બુક વાચતી હતી તે મે ડોકાવીને જતા આવતા જોઇ લીધુ હતુ કે તેના પોતાના હાથે મોતીના દાણા જેવા સુઘડ હરફે લખેલી એક નોધપોથી હતી તે શી હતી ?

એતેફાક તેણીને અદર જવુ પડ્યુ, ને જરા વારે આવી ઉતાવળમા તે બુક સભાળથી રૂમાલમા વીટાળી લઇને અદર જતી રહી તે પછી તે પાછી આવીજ નહી પછી વરસાદનુ એક ઝાપટુ આવ્યુ માટે પેલી ચોપડીઓ બિગડી જવાની ફીકરથી મે ઉપાડી લીધી, ને ત્યારેજ મે જોયુ કે પેલી ચામડાના કવર વાળી હાથે લખેલી નોધપોથી તો બાહેર રહી ગઇ હતી મે તદન દેખીતી રવેમે તે બુક ઘરમા લઇ જવાની મકસદથીજ પાછી બાહેર આવી હતી, પણ નજરચુકથી ભળતીજ બાધી લઇ ગયલી હોવી જોઇએ, કેમજે બેદાન પડેલી બે ત્રણ નાવેલો વચ્ચે તે તો હજી બાહેરજ હતી !

મેં, તેથી, તે સઘળી સભાળથી માહરે કબ્જે લીધી,—અને પછી—હુ કેહવાને શરમાઉ છુ પણ ખરૂ કબુલ કરવા વગર ચાલતુ

નથી કે માહરી મીઠી મેની પોતાને હાથે લખેલી ને નોધપોથી વાચી લેવાની માહરી તરસ હું કેમે કરતા છીમાવી શકયો નહી મને તેમાં અયોગ્ય આચરણુ કશુજ લાગ્યુ નહી એક અવાજ છુપો માહરા હૃદયમા સાખ પુરતો હતો કે તે કાઇક માહરે લગતીજ બાતમી હતી, તો પછી તે માહરે વાચી લેનામા વાધો શુ હોએ ? કદાપી પોતાના મુવા પછીથી તે ખુલાસો વચાએ ને તેની પાક વફાને ઇનસાફ મળે તે મકસદથી એ યાદો તે પોથીમા વીગતવારે તે પવિત્ર મધુરીએ ઉતારી હોએ—ત્યારે તે હુ કા ન વાચુ ? માહરી વ્હાલી મે માહરીથી જો તે મને હંયાત જાણતે તો કેઇ વાત છુપાવી રાકતે ?

મે પેલી અલફાતુ નૉવેલો બાગમાની માહરી પેટીમા બધ કરી, ને પેલી પોથી હુ માહરી સાથે છુપાવીને સભાળથી ઘેર લઇ ગયો, કે જ્યા સઘળાના સુવા સારૂ વગેસગે થવા પછી દીવા આગળ તે રાત્રે માહરા ઓરડાના એકલા એકાતમા તે નિચે મુજબ મે સઘળી વાચી લીધી —

## પ્રકરણ ૧૩ મું.

"હું આએ માહરી એકજ મોટા દુખની કાહાણીની યાદ એટલામાટે આ નોધપોથીમા સાચવી રાખવા માગુછુ કે માહરા મુવા

પછી માહરી વફાઇ અને વચનને કોઇ બી કશી રીતનો અપજશ આપી શકે નહીં," તે પાર્શીજેહ માહાજુએ લખ્યુ હતુ "લોકો કહે છે કે ઘણાકોની જીદગીમા એક દાહેકો એક વરસ કે કદાપી એકાદ મહીનોજ માત્ર એવો આવે છે કે જેમા એક આખી જીદગીનુ સુખ સમાઇ જાએ, અને હુ માહરા પોતાના અનુભવથી તે વાત તદન બનવા અને માનવાજોગ તરીકે સાચી સ્વિકારૂ છુ મે એજ જાતનો એક ટુક અનુભવ આએ માહરી ટુક જીદગીમા મેળવી લીધો છે હુ માહરા વ્હાલા હેનગીના સુખમા એક થોડા મહીના એટલી બધી સુખી હતી કે જે સુખની જાણે સિમાજ ન હતી, અને પછી એક દાહાડે મ્હાજે અચાનુચ એક પેપર સ્હેજ વાચવા સારૂ ખોલના મે તેમા જે સમાચાર વાચ્યા તે સમાચારે ત્યા ને ત્યા ને તે ને તે વડીએ માહરૂં મરણ નિપજાવ્યુ માહરૂ સુખ, માહરી આશા, માહરી ઉલટ સઘળુ એક તડાકે નાશ પામ્યુ તે પેપરમા તે માહરા એકનાએક માનીતાના મરણના મહા દુ ખભર્યા સમાચાર હિદુસ્તાનથી ફરી વળવાના તારસમાચાર છપાઇ આવેલા હતા તે ટુક તારસમાચારમા પણ તે વાહલાના માહા કીર્તીવત મોહોતની વખાણ સાથ નોધ લેવામા આવી હતી રૅડ લાનસર્સ રીજમીટ બળવાખોર દેશીઓપર પોતાના કપાઇ મુએલા જાતભાઇનુ વેર લેવા ગઇ તે વેળા એ માહરો વ્હાલો પેહેલવાન પુરતી બાહદુરી બતાવી છેલ્લે અતે પોતે કપાઇ મુવો હતો જો તે જીવતે તો ઘણી નામદારીની પદવી ને પદવીએ તે એક તડાકે પોહચી જઇ શકતે. એ નામદારી મેળવવા સારૂજ તે દેશઅદર થઇ ઠેઠ હિદુસ્તાન ગયો

હતો,—પણ કીસમતે યારી આપી નહી, ને તે શુરો જવાન પુગ્તી નામના કરીને કગ્પીણોની તલવાર હેઠળ અચાનક કપાઇ મુઓ તેની લાશ પછીથી તેના ગોઠયાઓ ભુમીદા કરવાની મકસદથી સોહોધવા ગયા ત્યારે અફસોસ કે તે વ્હાલા જવાનનુ તે શબ બી પણ હાથ લાગ્યુ નહી તે હેરેમદ શત્રુઓ યા તો તે પોતા સાથે ઉઠાવી ગયા હતા, અથવા તો ખાડો ખોદીને પોતાના કપાઇ મુએલા ગોઠયાઓ સાથે તેને બી જમીનમા ગારતાજ ગયા હતા, મગર તે માહરા હૃદયમા તો જીવતો હતો ને સદા જીવશે તેની માહરા તન મનમા છપાઇ રહેલી સબી કોઇ માહરાથી અલગ કરી જમીનમા ગારી શકવાનુ નથી તેઓએ તેની યાદમા તે કપાઇ મુવો તેજ જગ્યે હિંદુસ્તાનની સરકારની વખાણુ અને રજા સાથનુ એક મોન્યુમેટ ઉભુ કરેલુ છે, પણ ઓ, હુ કેવુ ચાહુ છ કે તે અહીજ કેઠે હમેશગીમા સુતો હતે કે જેથી તે વાહલાની કબરપર માહરે હાથે મરતા સુધી પમરતા ફૂલો રોજ જઇને મુકી આવવાનો મને થોડો ઘણો બી સધ્યારો રેહતે!

"તે જીગર ચીરી નાખનારા દેહેસ્તનાક સમાચાર વાચતા હુ સ્તબ્ધ થઇ ગઇ માહરા હાથમાથી તે પેપર સરી પડયુ નહી, ઉલટુ પીસેલા દાતના ઝનુનથી હાથમા તે પકડી રાખી તે શીહા હરફો ઉપરથી હુ માહરી આખ એક પળ પણ ખસાડી શકી નહી હેનરી ગોરડન કપાઇ મુવો હતો એમ તેમા ખુલ્લેખુલ્લુ છાપેલુ હતુ, પણ જાણે હુ તે માનીજ ન શકી એ .શુ માનવા જોગ હતુ કે પૈસા ને પદવીની સોહોધમા સિધારેલો તે માહરો

વ્હાલો જવાનીના જોશમા જોતજોતામા આ જેહાનથી એમ ઉમીદભર સદા સુધીનો ચાલતો થયો હતો ?

"હું કલાકો તક માહરી ખુરસીમા બેફામ-બેહોસ બેસી રહી. વખત કેમ ગયો ને કેટલો ગયો તે જાણવાનો બી મને હોસલો રહલો નહી આસુ માહરા સુકાઈ ગયા, ને હુ એક ટીપુ બી રડી શકી નહી તસ તસ આખે હુ બાહાવરી ભખાયલી જેવી બેઠી હતી ત્યા બેસીજ રહી

"છેલ્લે હુ ઉઠીને માહરા બાપના ઓરડામા ગઇ 'પપા,' મે કહયુ, 'આપણો હેનરી લડાઇમા કપાઇ મુવો'

"તેઓ તાજુબીની એક ચીસ સાથે બેઠા હતા ત્યાથી છલાગ મારી ઉઠયા. મેં તેમને તે નખ્ખોદના તારવાલો પેપરમા પ્રગટ થયલો પેરેગ્રાફ વ ચાવ્યો તેઓએ તે વાચ્યો, અને પાછો અને વળી પાછો વાચ્યો

" 'ગરીબ છોકરો ! ગરીબ બચારો !' માહરા પીતા દયાથી પટપટંયા, 'કેવુ ખરાબ થયુ, છેકરી !'

મેં આજેજીમા માહરા બને હાથ ઉચા ધર્યા ને તેમને ચુપ રેહવા અસારત આપી માહરૂ દુખ દીલાસા જોગુ હતુ જ નહી એમ મને લાગ્યુ એ દુખમા દીલાસો તે લોહીલુહાણ જખમપર તપાવેલા લોખડના ડામ દેવા જેવુજ મને પુરવાર થયુ

" 'માએજીને કહજો, પપા', મે કહ્યુ. 'તેવણુ બી એ બિચારાને કેવો ચાહતા હતા !'—અને પછી હું પાધરી માહરા ઓરડામા લપેડા ખાતી ચાલી ગઇ જાણે હુ છાકટજ થઇ ગઇ હતી !

"હું માહરા ઓરડામાં બારણું અંદરથી બંધ કરી માહરાં દુખે દીવાની એકલીજ માહરા વાહાલાના મોહતનો કલ્પાંત કરતી બેઠી. તે કાંઇ જેવો તેવો વાહલો જવાન ન હતો તે સાચો, શુરો, હેતવંતો ને વફાદાર હતો તે રંગેરંગ ઉમરાવ હતો તે બચ્ચાં જેવો નિર્દોશ અને હ્રદવનાનો ભોળો તેમજ ભલો હતો અવગુણ તેનામા એક બી નહી હતો લાખ નેકમા એક એવો તે છેક એક પેહલી પંકતીનો લાયક ભરથાર હતો !

"હુ તો તેને પરણી ચુકી હતી ! બતાવાની ક્રિયાથી નહીં તો વચનથી વરીને હુ તેનીજ થઇ હતી અમો જાણે એકબીજાંને માટેજ સરજાયાં હતા. ખુદાએ અમને એકબીજાંને માટે લાયક કરયાં હોએ તેમજ અમો મળ્યા હતા, ને તેવાજ સાચા પ્યારની દ્રઢતાથી એકમેકને અમો ચાહતા શીખ્યા હતા તેણે પહેલવેહલી છોકરાઓના ઓચ્છવને દાહડે મને ઝાડ હેઠળ અળેટાઇ પડેલી જોઇ હતી તે જાણતો હતો કે મે તેને જોયો નહી, પણ તે છુપાયલો મને ધ્યાનથી ધારી ધારીને જોતો હતો ત્યારે હુ બી તેને બાડી આખે બધો વખત જોતી હતી મેં તેને જોયો ને જોયો તે મીઠા મર્દાના ચેહેરાપર હુ મોહીન થઇ ગઇ હતી તે માહરી પુઠેપુઠ ઘેર સુધી આવ્યો તે પણ મને ખબર હતી, ને માહરા ઘરે ગયા પછી માહરી આખમાથી બી તે મીઠો મુખડો કદી ખસ્યો નહીં એ પાપ હોએ તો ખુદા મને માફ કરે, પણ તે રાત્રે સ્વપ્ના વડીક તેજ પ્યારી સુરતના મને થતા રહયા હતા !

"તે પછીથી તે માહરા ઓલા પેઠે માહરી પુઠે ને પુઠે રહયો.

તે વ્હાલો જવાન! તે જાણતો હતો કે હુ જાણતીજ નથી, પણ હુ તેને માટે તેટલીજ વીહીલી પડતી ને તેના આવવાની તેટલીજ ઉલટ ને કાળજીથી વાટ જોતી હતી! અ તે સરજતે તેની માહરા પીતાજી સાથે એક ચોપડીવાલાની દુકાંણે ઓળખાણ કરાવી, ને માહરા પીતાએ પોતેજ તેડ બોલાવથી તેને અમારા ઘેરમા આવતો જતો કીધો તે પછીથી અમારા મન વધારે મળી ગયા તે અમારા મોટાં સુખનો એક ખરોજ સ્વપ્નો હતો, ને તે સુખી સમો માહરી જીદગીમા ફ્કત એકજ વખત આવી હવે સદાનો વહી ગયો છે!

" માહરા પીતાને, મગર, એ માહરૂ અદરાવાનુ ગમ્યું નહી 'ત્હારે વધારે સારે ઘેર જવાની ઉફ રાખવી જોઇએ, છોકરી; હેનરી ઘણો લાયક ને સારો છોકરો છે તે હુ એક ઘડી ભર બી ના પાડતો નથી, પણ તેના પાસ ખાવાની કે ખવડાવાની ખાખ નથી વળી નથી તેનુ ખાન્દાન કે નથી સોસાયટીમા જાણ પીછાણ. તે એક ટુંક પગારનો ગરીબ છે એ આપણા ઘેર લાયકનો કદી બી કેહવાએજ નહી'

'પણ આગળ જતા કદાચ એવણનુ કઇ સારૂજ થવાનુ હોશે?' હુ બચાવ કરતી.

'ગમે તે હોય પણ માહરી ખાત્રીજ છે કે વાહલા હેનરીના આડકતરી રીતે માહરા બાપજ ખુની થયા. તેવણે જો તેને ઉશ્કે-રયો નહી હતે ને માહરો હાથ આપવાની ના નહી કહી હતે તો બિચારો કરપીણ દેશીઓને હાથ જખેહ થવા કદી હિંદુસ્તાન જતેજ નહી. તે પોતે તો બિચારો હોંસ ઉમીદભરજ ગયો હતો. મને જતા

જતાં હજારો જાતના સધ્યારા તેણે આપ્યા હતા. તે તો એમજ ધારીને ગયો હતો કે થોડા વરસમા માહરા દાવાદાર તરીકે નામદાર ને જરદાર થઇ તે એ પુર્વ તરફના મુલકોમાથી પાછો આવનાર હતો!

"માહરી માતાને એ છોકરો ઘણો ગમતો હતો, ને તેઓ માહરી એ પસદગી માટે પોતાના મનથી પુરતા સુખી ને સંતોશી હતાં. ખરેખર તો તેવણે તેને જતો રોકવા ને નહી જવાનુ સમજાવા જોગુ બી ઘણુક કહયુ હતુ—પણ મોહોત તે બિચારાને માથે ઘુમતુ હતુ તે કેમ તેનો પીછો છોડે?

"હેનરીને એમ અલગ કરવામા માહરા જૈફ બાપની કાઇ વધારે ઉંડી મતલબ હોએ એમ બી મને તે સિધારયો તે હરોલમા વેહેમ થયો હતો સર એલેક તે આગમચ બે ત્રણ વાર અમારે ઘર આવી ગયો હતો, ને માહરા પીતાએ તેની સાથ તે દરેક વખતે ગભીર ગુફતોમા નજદીક એકેક કલાક ગુજારયો હતો વળી તે મને પોતાની સાથે વાતમા ઉતારવા બી ઘણુ માગતો, પણ મે તેને હમેશ મુતલગ કોઠુ આપવાનાજ અખાડા કર્યા હતા મને તે ઉમરાવ જરા થઇને ગમતો ન હતો તેનામા કાઇ એવુ હતુ કે જેથી તેને જોતા સાથેજ મને તેના સામે અભાવ ઉપજતો.

"માહરા પીતાએ હેનરી હતો તે દરમ્યાન તો ખુલ્લુ કરીને મને કદી કશુ કહયુ ન હતુ, પણ તે અવારનવાર એમ બોલતો કે માહરે વધારે સારે ઘેર જવાની ઉંફ રાખવી જોઇએ, ને હુ ચાહું તો એક મોટે ઘેર પરણી જઇ શકુ

"અમો છુટા પડયાં. અ તે અમો છુટાં પડયાં, અને છુટાં

પડયાં ત્યાં સુધી એકમેકનાં હેત ને વિશ્વાસમાં એટલી હદસુધી સુખી હતા કે હું તો હવે તેનું બયાન બી પણ આપી શકતી નથી. મેં તેને ને તેને એકલાનેજ સદા ચાહવા ને મોહોત સુધી તેને ને તેનેજ વફાદાર રેહવાનો કોલ આપ્યો, ને તે સખ્યારા પરજ પુરા એતબારથી તમામ સતોશ માની માહરો વ્હાલો હેનરી—અફસોસ કે સદા સુધીનો–તે રાત્રે માહરાથી છુટો પડયો!

"તે ગયો તે ગયો, પણ હુ તેને એક ઘડી બી માહરા મનથી દુર કરી શકી નહી તેની યાદના સતોશપરજ હુ જાણે જીવતી હતી તેના વગર જાણે માહરી આખી દુન્યાજ ખાલી હતી હુ દર મેલે નિયમીત તેને લખતી, ને તેજ મુજબ દર મેલે તે વ્હાલાનુ એક કાગળ મને મલતુ હતુ

"તેના હિંદુસ્તાન સિધારવા પછી સર એલેક, માહરી ઘણી અજાયબી અને વસવસા વચ્ચે મેં જોયુ કે, અમારા ઘેરમા અચ-બુચ ને એકદમ આવતો જતો થયો તેને માહરા બાપજ પોતાની સાથે લઇ આવતા તે માહરા પર એ વખતે ઘણુ ધ્યાન આપતો, પણ હુ તેને કશુજ કોઠુ આપતી નહી મને તેને ખાસ કરીને ધિક્કારવા કશુજ કારણુ ન હતુ, અને તે છતા કેહવાને અજબ જેવુ છે કે તેને હુ મોટા અણગમા ને અભાવ વગર કદી બી જોઇ શકતીજ નહીં! મને એમજ ખટકો થતો હતો કે તે માહરા વ્હાલાનો હરીફ અથવા શત્રુ હતો. એક બે વખત તે માહરા જાની માટે મેં તેને માહરા પીતા સાથે વાત કરતા બી સાભળ્યો, ને ત્યારે પણ તે તેને માટે મોટા તુચ્છકાર ને ધિક્કારથીજ બોલતો હતો એટલુજ

નહી મે જોયુ કે માહરા પીતા પોતે પણ તે વહાલા જવાનને માટેની તેની હાસીમશ્કેરીમા હવે શામીલ થતા, ને તે બે વચ્ચે તેને સર એલેકજ વધતો ગમતો હાએ એવુ ખુલ્લેખુલ્લુ દેખાઇ આવતુ હતુ !

"સર એલેક માહરા પીતાને રાજી રાખવા ને રાજી કરવા જોગુ ઘણું કરતો તે અમારે માટે લગભગ રોજ કીમતી ખાદ્યખોરાકી તેમજ વપડાસની વસ્તુઓની ભેટસોગાદો મોકળતો થયો, અને માહરા પીતાને વાચણનો શોખ હતો તે જાણવા પછીથી ગમે એવી મોઘી કીમતની ચોપડીઓ તે ખરીદી ખરીદીને તેને મોકળતો રહયો તે દેવળમા પણ જાથુકનો આવનાર થયો—ખુશામદથી એવુ કહીને કે માહરા પાદરી બાપના ધરમબોધથી તેના મનપર ઘણી ઉડી અસર થતી હતી, અને માહરો ભોળા પીતા તે બધી તેની અનેક મતલબી ઠગાઇઓનો ભાવાર્થ જરા બી સમજ્યા વગર તે જે બધુ કેહ તે ખરૂજ માનતા રહ્યા ! એટલામાટે હુ તેને કશુજ વજન ન આપતી હતી ને માટે અમો બાપ બેટી વચ્ચે જીદગીમા પેહલીજ વારનો મતફેર ને કજીયો શરૂ થયો તે હોએ ત્યારે જો ટેબલપર સાથે જમવા જવા હુ માથુ દુખવાનુ બાહણુ બતાવી ના કહી મોકળતી તો માહરા પીતા ભાભરા ભુત પેઠે ગુસ્સે થયલા મા.રી ઝાટકણી કાઢવા ઉપર માહરા ઓરડામા તાબરતોબ દોડી આવતા !

"'ત્હારે નીચે આવવુંજ પડશે, ફુકતી,' તેવણ ઘણા ગુસ્સાથી કેહતા, 'માહરા દોસ્તોને માહરા ઘેરમા માહરી આખ હેઠળ તુ અપમાન કરે તે કદી બી ચાલવાનુ નથી"

"'પણ હુ નિચે આવીને શુ કરૂ, પપા? માહરૂ શુ કામ

છે' તે થોડો મને મળવા આયોછ જે તેની વાત! તે તો તમારો ફ્રેન્ડ છે ને તમારી સાથે ખાવાજમવા આવેલો છે '

"' તોબી માહરી મરજી ને હુકમ છે તો તાહરે આવવુંજ જોઇશે '—અને, પરીણામમા, મને માહરી મરજી ઉપરાંત એમ સેહેં-કડો વાર જોર જુલમથી ફરજ પાડવામાં આવતી.

" તે દેખીતો માહરી સાથ પ્યારમા પડયો હતો, પણ મને નો તેની રીતભાત, તેનો ચેહેરો, તેનો અવાજ એ કશુજ જરા થઇને ગમતુ ન હતુ. ઉલટુ, સરખામણીમા તે એટલો નિચાણમા ગબડી જતો ને માહરો હેનરી માહરી આખમા એવો કુલે મરદ જાતના સરદાર જેવો દેખાતો કે આદમી આદમીમાં એટલો ફેર હોઇ શકે તે માટેની માહરી તો અજાયબીજ જાણે નહી ભાગતી! તેના વિચારોમા પણ કશુ વજુદ કે વાતચીતમા એક બી સલુક ન હતુ. તે પોતાના પૈસાને ઓલેબોલ ઘણુ વજન આપતો, ને તે ઉપર તે છલ-કાઇ મલકાઇને ઉચકાઇ ઉફણાઇ જતો તે પોતાના પૈસાથીજ મને છક કરવા ને આજવા માગતો હતો, કેમજે તે પોતે બી પોતાના મનથી સારી રવેસે જાણતો હતો કે તેનામા બીજી તો એકે લાયકાત નહીજ હતી હુ છીવપર જોરાવરીના તેના સવાલોના જવાબો કરતી, ને પપા નહી હોએ ત્યારે નો તોચ્છડાઇથી તેને અપમાન વટીક કરતી માહરી મતલબ કે જયા ત્યાથી તે માહરો પીછો છોડે ને મને પડતી મુકે,—પણ નહી!

# પ્રકરણ ૧૪ મું.

"તેણે માહરા બીમાર માતા માટે એક દાહાડે ઉંચા "ઇન-વેલીડ પોર્ટ" ની એક ડજન બાટલીનો બૉક્સ ભેટ મોકળ્યો, અને ત્યારે માહરા પીતાએ એક ઉંડા નિશ્વાસથી કહ્યુ, 'મે, તે તો પેલા પોરચાર્નો પ્રૉમીસ થઇને અમારો કચરડોજ કાઢી નાખ્યો જો! મને કાહા સેહતાન સુઝયો જે હુ તેને ચાલી ચલાવીને ઘેરમા લાવ્યો!'

"'કાએ, પપા, એમ કાગ્રો બોલોછ?"

"'તો બોલુ નહી?' માહરા બાપે બખાળ્યુ, 'આએ ઘણેતર સાસરૂ આજે તો તુ ચાહે તો તાહરૂ થાએ, ને તે તાહરૂ થાએ તો અમારા બુઢાપામા અમે બા બેઉ કેવા સુખી ને ઠેરવાયલા રહીએ! કેમ, કઇ ધ્યાન પુગેછ?'

"'એવે સાસરે જવા આગમચ ખુદાને ઘેર જવાનુ હું જાસ્તી પસદ કરશ, પપા,' મેં ઠરાવથી કહ્યુ–ને મને લાગણીના ભારથી બોલતી જોઇ માહરા બાપ ચુપ કરી ગયા

"'તમે શુ મને પૈસા બદલ વેચવા કાહડીછ?' મે તેઓની એ ચુપકીનો તરત લાભ લીધો, 'તમે એક સાચા ક્રિસ્ચયન અને વળી પવિત્ર ધરમગુરૂ થઇને ભુલીજ કેમ જઇ શકયા, પપા, કે હુ તો એક બીજાને વચનથી વરી ચુકેલી પરણેતર છુ?'

"હું તો માહરા વરયા વચન પર જાન સદકે કરી મરવા-વાળીજ હતી, ને હુ તે વહાલાના વચનના મુસ્તકીમપણા અને

પવિત્રાઇ માટે બી તેટલીજ ખાત્રીપુર્વક હતી. હુ તો જાણુતી ને ખરા જીગરથી માનતીજ હતી કે જો કદી તે માહરી આગમચ બેહેસ્તમુકામ પામે તો બેહેસ્તના સોનેરી મેહેરાબમા તે માહરી વાટ જોતો આશાવત ને ધીરજવત સદા ખોટીજ થવાનો; અને ત્યારે એવા અમારા પ્યારના પૌઢપણુા ને મુસ્તકીમપણુાને મુકાબલે સર એલેક શા હસાબમા? તે કેવળ તુચ્છ પુરવાર થનો હતો!!

"પણુ સર એલેકે માહરો પીછો મુકયોજ નહી દીન ઉગે તે રોજ પોતાની મુરાદમા વધારે ખતીલો ને તલમગાર થતોજ ચાલ્યો

"એક વખત તો અમો અનાયમે એકલા પડી ગયા તે તકનો લાભ લેઇ તેણે મને પુછયુ વટીક 'તમો મને ચાહી નહી શકો તો ખયર,' તેણે કહયુ, 'પણુ મીસ મીડલટન, હુ તમોને જરા ગમતો થાઉ એવી તો કાઇ તમારા દીલ સાથ કોશેશ કરો?'

"'તે માહરાથી થઇ શકે એમ નથી, સાહેબ,' મે દમામથી કહયુ, 'તમો ભુલી જાઓછ કે હુ તો મી૰ ગોરડન સાથ અહરાયલી છેઉ'

"તે એ સાંભળી માહરા વહાલાને માટે કાઇક બુરૂ બબડયો, કે જે સારા નસીબે મને સભળાયુ નહી સારૂજ થયુ જે નહી સભળાયુ, નહી તો તેની તે બુરાઇ હુ સાખી જતે કે લઇ ચલાવી શકતે નહી.

"તે પછી ઉપર કહવા મુજબ તે વહાલાના અકાળ મોહોતના છાની ફાડી નાખનારા દેહેસ્તનાક સમાચાર હિદુસ્તાન ખાતેથી ફરી વલ્યા, અને તેની સાથેજ જાણે તે વાચતાં ભેગી હુ બી મરણુ

પામી. હું તેની વીધવાજ મને પોતાને ખરા દીલથી માનવા લાગી, અને મોહત સુધી તેને ને તેની યાદનેજ સાચી રેહવાને મેં દાદારને બાર કસમ નોધાવ્યા જીવતા હુ જો તેને સાચી હતી તો તેના મુવા પછી તો એવડી બાવફા પુરવાર થવાની માહરે માટે કેટલી વધારે જરૂર હતી ?

"દુખભર્યાં તે મહીનાઓ ધસડાતા ગબડવા લાગ્યા હવે મને ઉલટ શુ ? આશા શુ ? હરખ શુ ? સુખ શુ ? સઘળુ—ઓ સઘળુ તે આથમી ગયું હતુ સઘળુ—ઓ સઘળું તે તેના મોહોત ભેગુ સ્વર્ગવાસ પાંમી ગયુ હતુ !

"'મે માહરી દીકરી,' માહરા પીતાએ એક સહવારે મને પેટમા ચાપી સમજાવી સમજાવીને કહ્યુ, 'કયાં તક તુ એમ કેલ્પાત કરયા કરશે ? બનનારી બની હવે તે કાઇ નહી બનાર થનાર છે ? હવે એ દૂખી ગઇગુજરી તુ ભુલી જા તુ તજી જવાન છે—હજી તો તુ બાળક છે! માહરૂ માન ને મને માહરી ગોઠવણો કરવા દઇ સુખી થા ને અમારો એટલો બુઢાપો ઠેરવ!'

"તે બિચારા શુ જાણે માહરા જીગરના ચમટાની વાત ? મેં કશો જવાબ દીધો નહી, ને હુ ત્યાથી રડતી ચાલી ગઇ.

"તે પછી સર એલેકે પાછી મને સતાવવા માડી, ને હવે વધતી હીમત ને બેવડી ખતથી માહરા બાપ બી ધરયા ધરાતા ન હતા. તેઓ ગુંસ્સે થતા, ધમકાવતા અને વળી નરમાસથી સમજાવતા બલ્કે કાલાવાલા પણુ કરતા તેઓ માહરા કરતાં પોતાનાં સુખનો સવાલ આગળ લાવી લાવી મને ઘણી વધારે વીણુવતા. 'તે પોરયો

જીવતો હતો, ત્યા વેર તને ફરજ પાડવાનુ અધરમી જાણી હુ ખામોશ રહયો હતો,' માહરા બાપ કેહતા હતા, 'પણ હવે તેને ખુદાએ પોતે તાહરા રસ્તામાથી દુર કીધો છે તો તું હવે તાહરી પોતાની શત્રુ પુરવાર ના થા એમા કશીજ શાણપન નથી'

"પણ મે નાજ કહી, ને ગુસ્સાથી તેઓનો ચેહેરો કાળો ઠણક મારી ગયો તેવણ જાણે દુન્યાઇ લોભને મુકાબ્લે પોતાનું પવિત્ર પાદરીપણું બી ભુલી ગયા—ઓ અધર્મી દુન્યા!

"'મીસ મીડલટન, શુ હજી તમો મને ના પાડશો ને હફાવશો?' વળી સર એલેક એક દિવસ પાછો મને સતાવતો આવ્યો.

"'સર એલેક, મને માફ કરો,' મે માગી લીધુ "આએ જીદગીમા હુ હવે કદી બી કોઇને ચાહી શકનારજ નથી'

"'પણ કાએ?'

"'તે કારણ હું આપી શક્તી નથી.'

"'જુઓ—માહરૂ માનો, હુ તમને એક રાણીનાજ રાજ ને સુખમા રાખી શકશ—માહરી એટલી બેશુમાર દોલત છે, અને—'

"'તમારી દોલતને આગ લગાડો,' મે ધીરજ ખોહી દઇને કહ્યુ 'મેં કેટલી વાર તમોને સમજાવ્યુ કે મને તમારા પૈસાની એક બી તુભા નથી, ને તે વાત માહરી આગળ કદી બી કરતાજ ના?'

"તે ગુસ્સાથી લાલ થઇ ગયો

"'તમે એક કમીનાને ખાતર મને એટલુ અપમાન આપી શકોછ?' તેણે ગુસ્સાથી ધ્રુજતા કહ્યું, 'વારૂં ઠીક છે, આપણે હજી બી જોઇશુ. મે તો કસમ લીધા છે કે કદી બી પરણુતુ તો તમ-

તેજ ને બીજી કોઇને નહીં એમ તો માહરા મોંહમાંથી મરજીનો એક બોલ બાહેર પડતા મોટામોટા ઉમરાવોની બેટીઓ માહરો સ્વિ-કાર કરવા એકે પગે ને આતુર છે!'

"'ત્યારે ત્યાંજ કાંએ નથી જતા? તેઓનેજ કાએ નથી પર-ણતા? મને ગરીબને શું કામ સતાવેછ?'

"'સબબ કે ત્હારાપરજ માહરૂં દીલ લાગુંછ, ને હું તો તુનેજ જીતવાનો!' તેણે પક્કા એરાદાથી બોલતો હોય તેમ કહયું-ને ગુસ્સા વચ્ચેજ તે મને છોડી ગયો

"ત્યાર પછી મેં સખકરારનો એક દાહાડો બી જાણ્યો નથી માહરા બાપ એક દીવાનાનીજ ફીસમે વરતવા લાગ્યા, ને યાતો આપઘાતથી માહરી દુખી જીદગીનો છેડો લાવવો કે નહી તો તેની મરજી માન્ય કરી એક મુડદા જેવી જીવ વગરની ફીસમે પેલા ના-લાયકને પરણવુ એવોજ માહરો હાલ થઇ રહયો સુળી વચ્ચે સોપારી જેવી માહરી દશા થઇ હતી!

'પણ તેટલા તદન નહી ધારેલુ બની ગયું. માહરા બાપ લક-વાના ફટકાથી પટકાઇ પડયા. ને તે ને તેજ દાહડે બેહેસ્ત પામ્યા. એ ઘણુ જ તાજુબીભરયું બન્યુ, ને હુ તદન હેબત ખાઇ ગઇ. અમે મા દીકરી તદન રવડીજ ગયા.

"તેવણ મોહોતના બિછાણા પરથી મને કાઇ કેહવા ઘણુંજ ચાહતા હતા, પણ તેવણુની બિચારાની પડયા ને પડયા જબાન બે ચાઇ ગયલી હોવાના સબબે મુતલગ બોલી નહી શકયા, ને તદન નહીં સંભળાએ તેવું તોતરૂં તોતરૂં જે બોલ્યા તે મને બરાબર સહમજ

પડયુ નહી. મને ઘણીજ શોકાતુર આંખોએ તેવણ જોતા, ને માહરો હાથ પકડી પકડીને કાંઇ કેહવા માગતા, કે જે દરમ્યાંનમા ફક્ત એટલુજ મને સમજી શકાયુ કે 'તાહરી માએને ખાતર' મે, તેથી, તેવણને હીમત આપવા તેવણનો હાથ લઇ માહરે માંથે મુકયો, ને રડતી આખ્યોએ સધ્યારો આપ્યો જે 'માએજીને હુ સમાલશ' તેવણ, તેથી, કાઇક રાજી થયલા ને સંતોષ પામેલા જણાયા, ને પછી બિચારા હક થયા, એટલે તેવણને અમો સદા સુધીના ખોહી બેઠા

"ત્યાર પછી મામલો બિગડતોજ આવ્યો તેવણનાં મુવા પછીજ અમોએ જાણ્યુ કે તેવણ તદન કરજી થઇ ગયા હતા, ને અમો એક બી પેની વગરના લાચાર થઇ ગયા હતા. એમજ નહી પણ વળી અમારા બાપનાં ભારી કરજનો બોજ પણ અમારેજ ઉપાડવાનો હતો! તેવણનુ નામ નિષ્કલંક હતું તે પર આ બહુજ બુરો બટટો આવ્યો હતો, પણ અફસોસ, અમો બે ગરીબ અબળાઓ શુ કરી શકયે?

'તેવણ કયાથી લાવતા હતા ને કેમ અમારૂં ઘર ચલાવતા હતા તે હુ કાઇજ કહી શકતી નથી અમો તો તદન મુફલસીમાજ તેવણના મરવાથી ગરક ગયા, અને યાતો લોકોની સખાવતથી અમારે પુરૂં કરવાનુ હતુ, અથવા તો સર એલેકને પરણીને—પણ ઓ, તે વિચાર હુ કરી શકીજ નહી

"માહરી ગરીબ દુખી કોહેલી માતા! મને તેવણનુ ઘણુજ લાગતું હતું તેવણ કેવા ભલા ને સાચા હતા માહરા મરનાર હેનરીને તેવણ કેવા ખરા દીલથી ચાહતા હતા માહરા બાપની સાથની સર

એલેકને વાસ્તેની માહરી લડાઇમા તેવણ હંમેશ મારોજ ભાગ લેતા હતા. તેવણ ખરેખર ઘણાં ભલા ને માયાળુ હતા

"મે તેવણને ઘણી ઘણી હીમત ને સખ્યારો આપ્યો. તેવણ મને બાહેર કોઇ કુટુંબમાં નોકરી કરવા જવાની તો રજા આપીજ નહીં શકયા એટલે મે ઘરમાજ એક સ્કુલ ઉઘાડવાનો એરાદો કર્યો, પણ મને છોકરા તે માટે મળી નહી શકયા હું તદન નવી, નહી જણાયલી અને બીનઅનુભવી એટલે શીક્ષકના કામ માટે કોઇ બી માબાપોએ કે કોઇ બી શીક્ષકોએ મને લાયક ધારીજ નહી

"હવે, તેથી, એ અમારી વધતો નાચારીનો લાભ લઇ પેલા દાવાદારે પોતાનો દાવો પાછો રજુ કર્યો. તે માહરી માતાને સુખી કરવા ને માહરા મરનાર બાપના નામને કલંકથી મુકત કરવાની 'ઑફર" કરી મને લલચાવતો રહયો, પણ મે મુસ્તકીમપણે હજી એ નાજ કહી હું તો માહરૂ દીલ એક ને એકનેજ સપુર્દ કરી ચુકી હતી.

"'તેં તહારૂં દીલ એક તદન નાલાયકને આપ્યુ છે,' સર એલેકે એક વખત કહયું.

"'ખબરદાર, ફરીથી એમ માહરી આગળ કદી બોલતા ના, સર એલેક,' મે ગુસ્સાથી જવાબ કર્યો.

"'તે હુ પુરવાર કરી શકશ,' તેણે કહ્યુ 'તે એક ઠગારો હતો તેણે કદી બી તને કહ્યુ હતુ વારૂ કે તેની માતા હૈયાત છે?'

"'નહીં.'

"'ત્યારે આએ કાગળ પર નામ કે શરનામુ છે ત્યા તુ લખીને પુછાવ. એ એની માએજ છે,' તેણે એક સ્લીપ મને પાસ કરતા

કહ્યુ 'એ માતા પોતે કેહશે કે તેના દીકરાનાં નામ સાથે એક શરમભરેલો અપરાધ ને નામોશી સદાનાં જોડાયલા છે.'

' 'હુ માનતીજ નથી,' મે તુચ્છકારથી કહ્યુ તે તો એક ફિરેસ્તોજ હતો તેને મે ઓળખ્યો તેટલો તેની માએ બી ઓળખ્યો નહીજ હોશે, અને તોબી તમોને જુઠા પાડવા ને શરમાવા હુ જરૂર એની માયને લખીને પુછાવશ'

"મે લખ્યુ માહરી તો ખાત્રીજ હતી કે તે બુરાને ખોટો પાડવાનો એજ સૌથી સરસ રસ્તો હતો, પણ જવાબ તો મોગમ આ મુજબ આવ્યો —

" 'માહરા દીકરાના નામ સાથ એક નામોશી જોડાયલી છે ને ખોટી નથી હુ તેથી દુખી છુ. તેથીજ અમે સદાના જુદાં પડયા હતા તેના મોહોતના સમ'ચાર મે ઘણાં દુખ સાથ જાણ્યા છે— મેરી ગોરડન'

"સર એલેક તે જવાબની પરપુછ કરતો પાછો આવ્યો. મે તેને તે કાગળ વચાવ્યો

" તે તુચ્છકારથી હસ્યો.

" 'એ તો મોગમ લખે છે.' તેણે કહ્યું, "નામોશી તો ઘણી જાતની થઇ શકેછ. ખુન, ચોરી, ખોટી સહી વિગેરે તુ એને ફરીથી એમ લખીને પુછાવ કે તમારા દીકરાની નામોશી કોઇ બેન્કના સંબધમા છે?'

" હુ તદન ભડકી ગઇ બેન્કના સંબધમા નામોશી શી હોએ —સિવાય કે ખોટી સહી અથવા ચોરી? શુ માહરો અસરાફ હેનરી

તેનુ કોઇ કરમ કરે ?

"માહરા મનનુ સમાધાન કરવા, એમ છતાં, મેં પાછુ તેમ લખીને પુછાવ્યું, અને માહરા મોટાં દુખ વચ્ચે જવાબ લખાઇ આવ્યો કે 'હા એ વાતનું દુ.ખ મને એટલું બધુ છે કે કાગળોથી તેની મને હવે વધારે યાદ વારે ઘડીએ મહેરબાની કરીને આપ્યા કરતાંજ ના'

"સર એલેક તે વાંચી ખુબ મોજ પામ્યો, પણ મેં તેને ધિકકારી કાઢયો. 'આદમી સરજતનો શીકાર છે,' મે કહયુ. 'આદમી ભુલ સારૂ સરજાયલુ છે, ને તે કદી પાપમાં બી ભુલે તો તેને ધિક્કારવા કરતા દયાથી ચાહવા સુધારવા ને સંઘરવામા ખરો ખુદાઇ આશિરવાદ છે. હુ એ જાણવા પછી તો માહરા હેનરીની યાદને બેવડી દયા ને વધતા વાહાલથીજ ચાહુછ!'

"મને એમ તો કદી અજબ લાગ્યુ જ નહી કે એક માએ જેવી માએ દીકરાની નામોશીને લગતા એવા ટુંકા તબકરા જવાબ તે કેમ કરે' તે તેને હુલકાવીને કે શીખવીને કોઇએ લખાવ્યું હોએ એમ તો તે વખત મને લાગ્યુંજ નહી. મને દુન્યાના કાવાદાવાનો શું અનુભવ હોએ ? હુ તો એમજ માની ગઇ કે હેનરીએ બેન્કમા[illegible]કાઇ ખોટી સહીનો જબુન અપરાધ આગલ કેકે કીધોજ હશે—એટલુજ કે તે છતા તેને માટેનો માહરો પ્યાર તો એક તસુભાર પણ કમ થઇ શકયો નહીં

"સર એલેક તો એમજ માનતો હતો કે એ રસ્તે તે મને જરૂર જીતી શકશે, પણ તે ઠગાયો તે ફોકટ ને ફોકટજ મને મના

વતો પાછો ને પાછો આવ્યો. 'તુ એક એવા કમીના અપરાધીને ચાહવામા બી માન સમજેછ?' તેણે કહ્યુ 'આવી ઑકસફર્ડ યુની-વરસીટીની કેળવણી પામેલો ને માહરે ત્યા એક મજુર તરીકે રહયો તેજ તુ નથી જોતી? તેથી બી શુ ત્હારી ખાત્રી નથી કે તે કેવો દુરદરાજ મોટો અપરાધ કરીને અત્રે નહાસી આવેલો હતો? તે અહીંથી હિંદુસ્તાન શું કામ જતો રહયો? નહીં કે નામદાર થવા ને તુને જીતવા, પણ ખરેખર તો રખે પકડાઇ જાએ તે ફીકરથી, અને નામોશી અને જેલખાનાંથી બચવા!'

"આવી ફીસમે તે જાયુક મને સમજાવતો રહયો, પણ માહરૂ કલેજું તે વ્હાલાના બાબમા કાંઇ પથ્થરનુજ થઇ ગયુ હતુ કે શુ તે મેં તો કાઇ માન્યુંજ નહી, અથવા માન્યુ નો તેપર મુતલ્લગ ધ્યાંન આપ્યું નહીં. તે અપરાધી હોય તોબી મને તો તેનાપર દયા ને હેતજ આવતુ! હવે શુ? હવે તો તે ગુજરી ગયો હતો, તો ગમે તેવો તે હતો તોબી તેની પાક યાદને વફાદાર રેહવા માહરી પવિત્ર ફરજ હતી એમજ મને લાગ્યુ

"હવે તેથી નીચ સર એલેકે વળી બીજીજ રવેસે મને માહાત કરવા માડયુ. 'હજી બી માન, હજી બી સહમજ ને માહરી થા,' તે માગી લેતો હતો, 'અગર નહી તો ખચ્ચીત જાણુજે કે તે મર-નારનુ એ પાપ હુ જગતને જાહેર કરશ લોકો તેનાં નામપર મરી ફીટે છે, ને એ ઝપાઝપીમા બચ્ચા અને ઐરાંઓને બચાવી તેણે જે બાહદુરી બતાવી તેની યાદમા સરકાર તરફથી તેજ જગ્યાએ એક યાદગાર મોન્યુમેન્ટ બધાવાની હીલચાલ થાએછ તે હું બધી ભાંજી

પડાવશ. હું લોકોને તે તદ્દન નાલાયક ને લુચ્ચો હતો તે એકદમ જાહીર કરશ!—હવે શું કેહેછ ?"

"અને ત્યારેજ હું નાચાર થઇ ખરી! ઓ, તે હું કેમ થવા દેઉં ? જેની યાદ મને પવિત્ર હતી—જેને માટેનુ હેત હજી માહરામા અખડ હતુ તેના નામને મુવા પછીનો આ ભયકાર અપજશ હુ કેમ પોહોંચવા દેઉ ? મેં તેને તેના એ હીચકારા કસ્દથી હાથ ઉઠાવા ઘણો ઘણો સમજાવ્યો, પણ તેણે માન્યુ નહી, અને માહરા પ્યારા માટેના પ્યારને ખાતર એ ભ્રષ્ટતા હુ થવા દેઇ શકી નહી. તેથીજ હું કબુલ થઇ. તે વ્હાલાને ખાતર મેં માહરૂ વેચાણુ કરયુ માહરા પ્યારની ઇજ્જતનેજ મેં માહરી પવિત્ર લાગણીનુ બળીદાન આપ્યું. તેનું નામ નિષ્કલક રેહવુંજ જોઇએ, તેણે મરતા વખતે મેળવેલી કીરતી યાદગાર ને અમર રાખવા માહરે ગમે એ ભોગો આપવાજ જોઇએ એમ મને લાગ્યુ—અને ત્યારે ને ત્યારેજ હુ કબુલ થઇ!

"હું કબુલ થઇ, પણ તે હેમકને મેં ખોલ્લુ જાણવા દીધુ કે તે માહરાં શરીરનો માલીક થવા સિવાય બીજું કાંઇજ મેળવવાનો નથી માહરો પ્યાર-કદી બી નહીંજ! તેની એ કરપીણ નાતરસ હીણપસ્તીભરી ચાલથી ઓર હું તેને જ્યાદા ધીક્કારતી હતી તે બી મેં તો તેને કહી દીધું.

"કબુલ બી હું કાઇ એકદમ થઇ નહી તે મને દબરાવી ગયો તે ને તે રાત્રે માહરો હેનરી મહને સ્વપ્નામાં આવ્યો. મેં જોયું કે તે રડમસ હતો. 'વ્હાલી, મને બચાવ!' તે માગી લેતી

ફીસમે મહને કેહતો હતો, 'માહ્‌રાં નામને લગતી એ મોટી નામોશી બચાવ! તુ મહને નહી બચાવે? માહરે ખાતર એ માહરા મુદ્દઇની એટલી માંગણી મંજુર કર!'—અને એ ભણકારાપર હુ જાગી ઉઠી ત્યાર પછી ને પછીજ મે તેની તે પાપી યોજણા બાહાલ રાખી!

" 'હું તમારી સાથ આએ ફીસમે ફરજ્યાત પરણવા કબુલ થાઉછ તેથી તમોને સામુ એમ નહીં લાગતું કે હુ તો હજી તેનેજ ચાહુછ ને તમોને મુતલગ ચાહતી નથી?' મેં પુછ્યુ

" 'તેની મહને કાંઈ પરવાહ નથી,' તેણે તુચ્છકારથી કહ્યું; 'તુ મને પ્યાર વગર બી પરણવા હા કેહે ને માહરી થાએ એજ માહરૂ માંગવુ છે મે છેક દીવાન્યતપણાની હદ સુધી એ વાતપર માહરૂ દીલ લગાડયુ છે'

" અને ત્યારે હુ કબુલ થઇ, અને અમારાં લગન થયા, અને ઓ, કોઇ તેમા માહરો વાક કાહાડશે? કોઇ મને બેવફા પુકારશે? શુ માહરો આગલો પ્યાર માહરા એ વર્તણુ સારૂ માહરાપર ખફા થશે?

" તે એક માહરી જીંદગીનો સૌથી કંગાળ દાહડો હતો—અમારા લગનનો દાહડો! માહરૂ હૃદય ફાટફાટ થતુ હતુ, ને માહરૂ માથુ અત્યંત દુખતું હતુ

" તે હનીમુન પણ એક ફાર્સ હતો તે તેટલીજ કંગાળ ને મને તમામ અણગમતી એક કમકમાટભરી ક્રિયા હતી લોકો મને મુબારકબાદી આપતા ને ઘણીક છોકરીઓ માહરાં એ મોટા " સુભાગ્ય " માટે માહરી અદેખાઇ કરતી, પણ ખરી વાત શી હતી તે એકલા

હકતાલાને રોશન હતી.

"રડનીનાજ માહરા દિવસો ગયા. આધ્યારો ફક્ત એ હતો કે એમ કરીને મેં માહરા પ્યારાનાં પવિત્ર નામને પોહોંચતો એક નાપાક કલંક બચાવ્યો હતો. તેજ અને તેજ આએ મોટાં દુખની માહરી જીંદગીમા મને ટકાવી રાખનાર સાધણ પુરવાર થયુ હતુ.

'હવે પરણ્યા પછી એક પરણેતરનો પ્યારને નહીં તો ફરજને મે સાચી નીવડવાને મેહેનત કરવા માડી તેમ બી નહી કરવુ એ તો ગલીચ હતું, ને તેથી તે મને ગમ્યુ નહીં. હવે તો પડયુ તે પંજરવાનું. સબુરીથી સઘળુ ખમી જવા ને સહન કરવાથી વધારે હુ શુ કરી શકું ?

"હુ તેને રાજી રાખતી તેના દોસ્તો આવે તેને માયાથી 'રીસીવ' કરતી કોઇ બી રીતે તેનો ને માહરો જાહીરમા વગર અગતનો હુરયો ને ફેસતો નહીં થાએ ને લોકોને હસવાનુ સાધણુ નહીં મળે તેની હું સભાળ લેતી ફકત તેને ચાહ્યા સિવાય હુ સઘળી ફરજો અદા કરતી

"પેહલા તો એ માહરા પ્યાર વગર તેને ચાલ્યુ, પણ પછી તે માટે ને રોજ માહરા સાથ લડવા ને ખખેયાં તોડવા લાગ્યો મેં તેને એમ છતા પેહેલેથીજ કહેલા માહરા કરારની યાદ આપા. તેણે તે ઉપરથી બડ મચાવ્યું, અને એમ રોજના કજીયા અમો વચ્ચે ચાલુ થયા અને ચાલુજ રહયા.

"અને પછીજ તેણે ખરી વાતનો ભડકો ફોડયો, કે જે સાંભળતાં માહરી છાતીજ ફાટી ગઇ. માહરા વહાલાનો તો એક મી દોષ

ન હતો, ને ફક્ત તેના બાપની બેન્કે, બીજાઓની દગલબાજીનાં પરી-ણામમાં, દીવાળુ કાઢયું હતું તે બધી વાત માહરૂ પાકીને પલેથર થઇ જાએ તેમ પછીથી તેણે ઠંડે કલેજે મને કહી, અને એ ના-પસદ લગનના સબધમા મને જે એકજ સખ્ખારો ને મન મોટું કરવાનું હતુ તેટલું માહરૂ સુખ પણ તે કરપીણે લુટીજ લીધુ ખરેખર, માહરા પેટમાં તો તેથી જાણે છાગરાજ ઉઠયા ! હુ માહરા વરસ વેચી એમ બેવકુફ ને પાપી થઇ તેથી મને હવે અણહદ પસ્તાવો થયો

"મેં તો માહરા વહાલાને કદી બી ગુન્હેગાર માન્યોજ ન હતો હુ તો તેની નેકીમાંજ માનવાવાલી હની, છતા મેં કેમ એ થાપ ખાધી તે મને સમજાયુ નહીં, પણ હવે ઉપાય શો? બની નહીં બની કેમ થનાર હતી?

"પણ એથી માહરો એ કપાત્ર આસામી માટેનો ધિક્કાર એક-દમ લખ્ખો મરતબા જાસ્તી વધી પડયો, કે જ્યારે માહરૂ એકજ સુખ—એકજ મોજ માહરી "બેબી" થઇ. તેની પછવાડેની જંજાળ ને રોકાણોમા હુ માહરૂ દુ.ખ પછીથી ઘણુ ભુલવા લાગી, અને હવે ફકત માહરા મોહોતની આરજુમા, ખુદાના તે પાક આશિરવાદની વાટ જોતી, હુ તે માહરા નેકબખ્ત વાહલાને પેલી જેહાનમા મળ-વાને માહરા સાચ્ચામાસાચ્ચા પ્યાર ને પવિત્રમાપવિત્ર યકીન સાથ આજે બી ખોટી થઇ રહેલી છુ !"

આ મુજબ તે માહરી વહાલીએ તે નોંધપોથીમા લંબાણુ

વીગતે પોતાનો તમામ ખુલ્લાસો ને એકરાર પોતાના પ્યારા હરફોએ ઉતારેલો હતો તે એ પોથી દેખીતી રીતે પોતાના જીવથી જ્યાદા સાચવતી હતી, પણ આજેજ ગફ્લતથી તે એકને બદલે બીજી બુક ઉપાડી લઇ જઇ એમ બેફામ રહી હતી; કે જેના પરીણામમા તે ચોપડી, ખુદાના સરજેલા સજોગોને આધારે, માહરા હાથમા આવી હતી. તે મે, ઉપર મુજબ, તેને તે રાત્રે બેસીને અવલથી આખીર તક વાંચી લીધી—અને તે વાચ્યા પછી મેં તે નેકબખ્ત માહાણુબને માટે માહરા મનથી શુ ધારયુ, ને હવે આગળ કેમ કામ લેવાનુ નકકી કરયુ તે બધુ અત્યારેજ બ્યાન કરી કહી દેવાની કાઇ જરૂર છે?

## પ્રકરણ ૧૫ મું.

ઓ તે નેકબખ્ત, પાકજાદ, પવિત્ર મધુરી! કોણ તે બાવફાની એટલી બધી પાકીજગી, નેકી અને અશોઇને દુર્વાદ બોલવાની હીમત કરશે? આહા, વ્હાલાં વાચનાર, તે નોંધપોથીમાં વર્ણવેલા બનાવો ને વિચારો જે આગલા પ્રકરણોમા તમોએ વીગતવારે વાચ્યા છે તે વાચતાં મને તે માહણુબ માટે જે હદ વનાનુ હેત ને બ્યાંન નહી કરી શકાય એવુ માન બરપા થયુ તેનો વિસ્તાર હુ તમને મુતલગ સમજાવી શકતો નથી. માન ને હેત તો તે વહાલી માટે

મને સદાનુજ હતુ, મગર એ તેણીએ તુંલોત્નીલ લખેલી કાંહાચીના બાએસથી જાણે તેના સબબે આખી દુન્યાના સ્ત્રી-મંડળને શોભા મળેલી મેં જોઇ, અને તમામ ઓરતવર્ગને હુ ઇજ્જતથી ચાહનો ને વખાંણથી માન આપતો થયો. ખરેખર, ઓરતોમા એટલી હદ સુધીની વફાઇ—એવી પાકીજગી, એટલી અશોઇ હોઇ શકે એ માહીતી ને ખાત્રા માહરી જીંદગીના અનુભવમા મને નવીજ હતી, ને નવી છતા ત્યારેજ મેં માનથી એકદમ કબુલ કરયું કે સદ્ગુંણી ઓરતોની વખાણમા કવિઓએ ગાએલુ ને વારતાનવેસોએ વર્ણવેલુ બોલેબોલ ખરૂ હતુ ને છે દુન્યા તેની અજાયબીઓમા ખાલી નથી, ને એવી શીરેસ્તાઇ ખસલતના અમળાઓ દુન્યામા ઘણી નહી તોબા એટલી પુરતી સંખ્યામા હોવીજ જોઇએ કે જેથી તમામ સ્ત્રી-મંડળ મગરૂરીની સરકશીમા હમેશ ઉચું જોતી ફરી હરી શકે!

બીજી સહવારે હુ તે નોધપોથી માહરા ડગલાના મોટા ખીસામા છુપાવીને માહરી નોકરીપર પાછો ફર્યો, ને બગીચામાં ગયો તેવીજ સુંદર મે માહરી ભણી આફ્લીફાંફ્લી દોડી આવી

"સ્મીથ,' તેણીએ કહ્યું, "ગઇ સાહજે હુ આએ બાગમાની પેલા સીડાર નીચેની માહરી ટેબલ પર એક માહરી અગતની ચોપડી ભુલી ગેઇછ તમે તે જોઇછ વારૂં? વરસાદનુ ઝાપટુ થયુ તે આગમચ તે અહીં રહી ગઇ હતી. તેને બદલે તેજ છે એમ સમજીને ભુલથી હુ એક બીજી ભલતીજ બુક રૂમાલમા બાધીને અંદર લઇ ગઇ, ને તે અહીજ રહી ગઇ હતી. તે માહરી ઘણીજ ખાનગી ને ઘણીજ જરૂરની ચોપડી છે તે જતી રેહવી નહીજ જોઇશે. તમે તે

કેથે જોતુંછ ?"

આહા, તે વહાલીનો તે વખતનો તે ગભરાત જોવાજોગ હદ સુધી રમુજી હતો તે નોંધપોથીને લગતી પોતાની ગફલત તેણીએ પાછલથી જોઇ લીધી હશે માટે તે ઘણીજ ફકરમંદ અને ઉદાસી બની ગયલી નજરે આવતી હતી, ને તે પોથી છુપાવીને માહરી સાથે લઇ જઇ મે તે મીઠી પ્રિયાને એક આખી રાતની બેચેની થવા દીધી તે માહરા શરમભરેલા ધાટકીપણા માટે હું પોતાને જાણે માફ કરી શકયોજ નહી !

હુ તેને એટલુ બધુ બોલવાજ નહી દેતે, પણ મનની ઉશ્કેરણીમા અસાધારણ ઝડપે તે ઉપલુ બધુ એટલુ દમબદમ બોલી ગઇ કે જાણે મને જવાબ કરવાનો તેણીએ વખતજ ન આપ્યો તેણીની મકસદ તો એ પવિત્ર એકરાર તેણીના મરણ પછીજ લોકોમા વચાએ ને લોકોની જાણમા આવે એવી હતી, માટે જીવતા જીવત તેણીની ગફલત કે નાદાનીના સબબે તે નોધપોથી કોઇના હાથમાં જાએ ને વાચવામા આવે તે ખ્યાલ તે દેખીતી રીતે ખમી શકતી ન હતી

"ફકર ના કરો, માહરા લેડી," મે તે ઉપરથી તરતજ તેણીને હીંમત આપીને હસ્તે ચેહરે કહ્યું, "તમો બાઇ તે એક ચોપડી રૂમાલમા બાધીને મેહેલમા લઇ ગયા ત્યાર પછીથી વરસાદ થયો, વાસ્તે ટેબલપરની બધી ચોપડીઓ સંભાળથી ઉપાડીને મે માહરા પેટારામા ઉચી મુકેલી છે તમો મેહેલમા સિધારો—હુ એક મિનીટમા તે બધી લેઇ આવીને અંદર આપી જવશ"—અને તે એ સાભ-

ળીતાં છુટકારાનો દમ ખેંચી કાંઇક નીરાતથી ફીકકુ હસી મે તે ચોક્કસજ ચોપડી ઉપાડીને ઉંચી કરી હોએ તે માટે તે જોકે હજી કાઇક શ કા ખાતી જણાતી હતી, તોપણ એટલી બધી અધીર માહરા જેવા એક નોકર આદમી સમક્ષ બનાવી દેવામા તેણીએ ગેરસલુક જોઇ લીધુ હોએ તેની ફીસમે તે મને "ઠે ક યુ" કહીને તુરત વેળા તો એક રાણીને છાજતા રોબ ને દમામથી મહેલમા ચાલી ગઇ.

તે પછી જઇને તે બગીચાના ખુણામા મુકેલો માહરો દેવદારી પેટારો મેં ઉઘાડયો, ને તેમાથી પેલી અલફાતુ નૉવેલો કાઢી તેની સાથે પેલી ખીસામાંની નોધપોથી બી મે મેલવી દીધી, અને તે સઘળી ત્યાર કેડે હું મેહેલમા લઇ ગયો

ત્યા પોતાના આગલાજ ઓરડામા મે હજી બી બેચેનીથી ઉપર નીચે ફેરા લેતી માહરી વાટ જોતી હતી, ને મને જોતાજ તે ફલ-ટમદ માહરા ભણી ધસી આવી એ વખતે માહરી પોતાની લાગ-ણીઓની સમાલ કરતાં અને હુ માહરી ઉશ્કેરણીઓના સબબે પક-ડાઇ નહી આઉ તેની સભાલ લેતા મને જે જેહમત થઇ તે એકલા માહરા ખુદાનેજ ખબર છે.

મે તે ચોપડીઓ તેણીના આતુર હાથોમા મેલી, અને ત્યારે સતોશનાં એક પ્રગટ આહ સાથે તેણે તેમાથી પેલી નોધપોથી ખેચી લીધી, ને બાકીની બધી નૉવેલો બેદાદ ફીસમે બાજુમાના સોફાપર ફેકી તે ઉતાવળે ત્યાથી પોતાના ખાનગી ઓરડામા જતી રહી.

પણ જતા જતા પણ પોતાનો વીવેક કાઇ તે વાહલી ભુલી

નહી. તેણીએ એકાદ પલ માહરા ભણી ટીકીને જોયું ખરૂં!—એમ માહરી આંખોમાં વાંચી લેવા કે તે પોથી વાંચવાની મેં કશી બી બેઅદબી કરી હતી કે નહી, પણ મેં બાહેરથી તદનજ શાંત, અજાણ્યો અને નફકરો દેખાવ સાચવી રાખ્યો એટલે તે વળી એક મીઠાં 'ગૂડ ડે' સહીત મને એ મુજબ છોડી ગઇ.

## પ્રકરણ ૧૬ મું.

હવે કેહવાનું થોડુંજ રહયુ છે. સર એલેક સ્કૉટલેન્ડમાં ધારવા કરતાં ઘણો વધારે જાસ્તી રોકયો. તેને શીકારની લેહે હંમેશ ઘણી મોટી રેહતી, અને તે આઠ પંદર દિવસના એરાદાથી ગયલો તેટલી મુદતમાં કદી બી પાછો ફરતોજ નહીં. તેજ મુજબ, વળી, આ વખત પણ તે પાછો નજ ફર્યો, ને પાનખર રૂતુ બેસતાં લેડી હોપ તો તેની વાટ જોતાં જોતાં થાકીને પોતાને ઘરેબારે જતી રહી, જેથી હવે લેડી ગ્લેન મેહેલમાં તદન એકલી પડી ગઇ; પણ તોબી તે કાંઇ આવ્યો નહીં ને લેડી ગ્લેને તેને ઉતાવળ કરી તેડયો બી નહીં. તેણીને તો એકાતજ જોઇતું હતું. તે તો એકાંતમાંજ એકલી એકલી બેસી મને યાદ કરવા મેં માહરાં મોહોતનો ગમ કરવા ચાહતી હતી. હું જોતો હતો કે હું તેની દરેક ખીલખ્યાલમાં તેણીની સાથે ને સાથેજ હતો, ને તે પાકજાદ મહુરીની યાદથી એક પલ બી અલગો ન હતો

હતો એ હવે—ઉપલો એકરાર વાચી લીધા કેડે—જોવાનું માહરે માટે તમામ સેહલ થઇ પડયું હતું.

તે પોતાના એકાતમા એકલીજ પુરતી સુખી હતી, ને સર એલેકના ચાલુ ફેસાદ ને રોજના કટાલા વગર તે હમણાં પોતે તમામ નીરાંત માની રહી હતી. તે વાચતી, ફરવા હરવા જતી, સીવવા ગુઠવાનુ કરતી, કે ગાતી વગાડતી, અને એમ કરી સંતોશના દેખીતા સુખ વચ્ચે એક તમામ શર્ણાગત રવેસે તે રોજ કામ લેતી રહી હતી, જે બધુ બાડી આખે બારીકી સાથે જોવા ને તપાસવામા મને ઘણી મજાહ મલતી.

પણ હવે મને લાગતુ હતુ કે સર એલેક ઘેર પાછો ફરે એટલે માહરે આ નોકરી છોડી જવીજ સજાવાર હતી. હું નાહક ત્યા રહી તેણીને લગતા માહરા રોજના સતાપથી ભઠ્ઠીમા ભુંજાઇને ભસ્મ થયા કરતો હતો, અને તેમા હાસલ શી? તે નેકબખ્ત નાજનીનના તમામ પવિત્ર એતેકાદોનો એકરાર વાચ્યા પછી હવે માહરે ત્યા રેહવું ને થોબવુ, મે લાબો દરયાફ્ત કરતાં જોઇ લીધુ કે, તમામ નામુનાસેબ હતુ હવે જો સર એલેક અથવા મે પોતે મને કદી ઓળખવા પામે તો ખુનામરકી ને ખાનાખરાબીનોજ સોદો ઊભા બરપા થાય, અને તેથી તે વહાલીના બાબમાં બીજો કશો બી વધતો અનર્થ ન થવા પામે તે મકસદથી સર એલેક મેહેલમા પાછો ફરે એટલે તરતજ રજા લઇ એ નોકરીપરથી હાથ ઉઠાવા ને મીઠી મેને સદા સુધીની ભુલી જવાની મતલબથી કોઇ દુર દેશાવર જતો રહેવાનો મે માહરાં મનથી પકકો નિશ્ચય કરી મેલ્યો હતો

પણ તેટલાં તો તદન નહીં ધારેલુ અચણુચ અને અચાનક કાંઇક નવુંજ બની ગયું, કે જેથી એ માહરી ધારેલી ધારણાઓ એકદમ ઉલટાઇ ગઇ!

તે એક ઘમઘોર દિવસ હતો. વરસાદ ઝરમર ઝરમર વરસતો હતો, અને સુર્યનારાયણ સહવારથી પોતાનાં નુરી દર્શણ કોઇની બી નજરે લાવ્યોજ ન હતો. એવે દિવસે બપોર થતાં સુધીમાં "ઍથર-સ્ટન હાલ" ખાતે એક ઘોડેસ્વાર મારતે ઘોડે કાર્નસોરથી નિકળેલો એક "તાકીદ" નો તાર લઇ આવ્યો. તે તાર લેડી ગ્લેનને પોતાને નામનો હતો, અને તે તારે તે મેહેલમાં વસવાંવાલા નાહનાં મોટા સર્વને ગભરાતની તાજુબીમાં એકદમ દગ કરી મેલ્યા! તે તારમાં એવા તે એ શા સમાચાર ધસડાઇ આવ્યા હતા?

તેમાં સર એલેકના નહીં ધારેલા મોહતના દેહેસ્તનાક સમાચાર આવ્યા હતા!

તે તાર આવ્યો ત્યારે લેડી ગ્લેન બગીચામા સરેસ્તા મુજબ વાચતી બેઠી હતી, ત્યાજ તે તાર એક ખીદમતગાર લઇ આવ્યો, જે તેણીએ તાજુબીમા ખુલ્યો, અને તે વાંચી રહયા પછી એક પુતલાં જેવી ફીક્કી, ધ્રુજતી હાલતે, તે બેઠી હતી ત્યા બેસીજ રહી' તે તમામ હેરત થઇ ગઇ તેણીએ જે વાચ્યું હતુ તે જાણે તેની અક્કલ કબુલજ કરી શકતી ન હોએ તેમ તેણીએ તે પાછુ અને પાછું વાચ્યુ તે સમાચાર તદન નહીં વકી રાખેલા, ઓચીંતા અચા-નક અને એકદમ આવેલા હોવાથી તે બાંનુના ગભરાતનો સુમારજ રહી શકયો નહીં તે અલબત તે વાચીને રડી પડી નહીં, કે રડી

પડવાના તેણીએ જરા બી જુદા ઢોંગ કર્યા નહી, પણ બ્યાંન નહી થઇ શકે એટલી બધી ઉદાસીથી તે એ તાર પોતાના ધ્રુજતા હાથોમાં પકડી રાખ્યો કેટલોક વખત તો એતાકાત બેઠી હતી ત્યાં બેસીજ રહી. તે પછી અંતે માહા જેહેમતે પોતાના મનનું સમાધાન કરી તેણે સર એલેકના સેક્રેટરીને લાયબ્રેરીમાંથી પોતાની હજુરમા બોલાવી મંગાવ્યો, ને તે આફતનો તાર તેને પાસ કરી મેહેલમા સર્વને તે મોટા દુ:ખની વાત વીદીત કરવાની તેણીએ ગલગલતે સ્હાદે ને ધ્રુજતા હોઠોએ તેને ફરમાસ કરી. તે પછી તે ઉઠીને પાધરી પોતાના ઓરડામા ગઇ, ને બારણું અંદરથી બંધ કરયુ

તે જોતજોતામા સોહાસનના સણગારમાથી વીધવાપણાના શીહા કફનમા ધસડાઇ ગઇ હતી ! એ એટલુ અજબજેવું બન્યુ કે જાણે તે ખરેખરૂં બન્યુ હોય એમ નોકર નફરો વટીક એકદમ માની શક્યા નહીં. બચ્ચીત, જીંદગી એટલી નાપાયદાર ને મોહોત બાજે વખ્ત એવુ સીતાબીભરયું અને ફાટાબાજ થઇ શકે એ ખ્યાલની ખાત્રીમા સર્વ મારે ફીકર હવે થસ થઇ ગયા

તે તાર ટુંક હતો.

સ્કાટલેંડના "ત્રેવરલોક કાસલ" ના લોર્ડ ગ્રાન્ટ તરફથી તે લેડી ગ્લેનને શીરનામે કરેલો હતો તેમા લખેલુ હતુ કે —

"જણાવવાને ઘણુ દુખ ઉપજે છે કે આજે સહવારે સર એલેકનુ અત્રે અચણુચું ને ભયભરયુ મુત્યુ થયુ છે તેઓ તદન સાજાતાજા પોતાની ભરેલી બંદુક લઇ બીજા થોડાક દોસ્તો સાથે શીકારે ગયલા, જ્યા બંદુક તેમના હાથના એક આચકાથી અચાનક

ફુટી, ને ગોલી એકદમ તેમની છાતીમા પેઅસ થતા એકજ દચકાં સાથે તેઓ બીચારા પોતાના ગોઠયાઓના પગ પાસે મુડદુ થઇ પડયા. મરનારની લાશને એથરસ્ટન હૉલમા લાવવાની હું ગોઠવણ કરૂં છુ લાશ સાથે હું પોતેજ આવવા ધારૂ છુ "

એ મોહોત! મોહોત! તું બાજે વખ્ત કેટલુ સીતાબી અને ફાટાબાજ થઇ શકે છે! માનવી જ્યારે મગરૂરીની મસ્તીમા, જવાનીના જોશમાં, જન્મોજન્મ જીવવાની મુસ્તાકીમાં, બેખોફ બેખતર મોજમા માહાલે છે ત્યારે મોહોત તેને માથે ધુમતુ કે પગ તલે ધસડાતુ હોવાનો તેને કદી ખ્યાલ બી થતો નથી, અને તે છતા તનની અને મનની બીલકુલ દુરસ્તી વચ્ચે બી કેવા કાજગરા જીવ કેવા નહીં ધારેલી કીસમે કબ્જ થઇ ગયલા જગ જાહીર છે! એ બીમારીની ચેતવણી વગરનાં મોહોત, વકી વગરના અકસ્માત મરણો ખરેખર જેઓ ચેતવા ને ચોકવા ચાહતાં હોએ તેમને માટે જીદગીની નાપાવદારી માટે પુસ્તકો તુલ્ય સબકો રજુ કરી શકે છે.

અકાળ મરણોનો પ્રકારજ એ હોય છે. દીવામા તેલ અને કાકડો બંને મોજુદ છતાં, અને દીવો પુરતા તેજથી પ્રકાશતો હોએ તેમજ તેની અવધ પુરી થતા સુધી પ્રકાશ્યો જશે એવી તેની તરફ જોનારાઓની દરેક ખાત્રી છતા, બાજે વખ્ત પવનના એકજ ફુકાટાથી તે એક ધડીમાં ગુલ થઇ જાય છે તેમજ આદમીની જીંદગીનુ જાણુવુ તેમા બી એજ કીસમે હૈયાત બાકી છતા અકાળ મરણના અજબજેવા સંજોગોનો તે માહાનામી સાહેબે સમાવેશ કરેલો છે, ને તેથીજ આદમીના તકલીદ જીવનની પાણીના પરપોટા સાથે

કવીઓએ સરખામણી કરેલી છે "પાંણીના પરપોટા સાંની ફાંની જીંદગાની" માટે નાટકોમા જે ગવાય છે તે ઘણુ કેના લક્ષમાં હશેજ—પણ હુ આ માદરી વારતાથી ઘણો વેગલો ઉતરી ગયો

આખા મેહેલમા ગભરાત અને ચુપકીનો અમલ ચાલુ થયો જાણે મોહોત ત્યાજ થયુ હોય તેમ સર્વ કોઇ અંગુઠાપર ચાલતા ને એકમેકના કાનપર પડીને ગુસગુસ વાતચીત કરતા. પરદાઓ ઉતારવામાં આવ્યા, બારીઓ ઢાકવામા આવી, અને શોકાતુરપણાની સઘળી સામગ્રીની એકદમ ત્યા ધમાલ ચાલી રહી

અરેરે, કોણ જાણુતુ હતુ જે સર એલેક મેહેલમાથી જીવતો જાગતો, ખુશાલ અને તનદરોસ્ત, ઉલટમદ અને મોજીલો બાહેર પડયો તે મુવેલોજ ત્યા પાછો ફરનાર હતો? હજી તો આગલી સ્હાંજેજ તેનું એક કાગળ મેને મલ્યુ હતુ તે કાઇ કાલજીવત કે પ્યારભરયા પત્રો લખતો હતો નહીં—તેવો તેનો ખવાસજ ન હતો, ને તે રકમનો તે એક ભરથારજ હતો, પણ ચાર આંઠ દિવસે સાધારણ ખબર અતરના તે કાગળો લખતો ને મગાવતો તે તોરનુ તે એક હતુ તેવુ તેનુ એક છેલ્લુ કાગળ હજી તો ફકત આગલી સ્હાંજેજ તેની પરણેતરને હાથ આવ્યુ હતુ, અને તેથી જયારે મેએ તેને એટલો અચાનક તેના 'વ્હાલા હેનરીને હસાબ આપવા' અત્રેથી કુચ કરી ગયલો જાણયો ત્યારે તે માહણુબ એકદમ હડબડી ગઇ તેમા ઝાઝું અજબ થવાનું નથી.

લોકો અને નોકર નફરોનો તે આખો રસાલો વટીક બહુજ

ગમગીન થયો. ખરેખર તો સર એલેક માટે કોઇને બી માન કે પ્યાર ન હતો, પણ તેની મનમોહન જવાન વીધવા ને પેલાં એક ફુલ જેવાં ગુલેગુલાબ બચ્ચાં માટે સૌ કોઇ દીલગીર થતુ ને શોક કરતુ હતુ. ગમે તેવો પણ તે તેમનો શીરછત્ર હતો, અને એક માથાનુ મુગટ—સરનુ શીરતાજજ ફના થાએ તે શુ એક કુટુંબ માટે ન્હાની સુની દીલગીરીનો સફો લેખાએ?

## પ્રકરણ ૧૭ મું.

### સેવટ

છેક ચોથે દિવસે સર એલેકની લાશ ઘરમા લાવવામા આવી લોર્ડ ગ્રાન્ટ પોતે લાશની પાસબાનીમા ઠેઠ ગ્લેન સુધી આવ્યો હતો તે મરનારનો એક ભલો અને દીલસોજ મિત્ર હતો. તેને લેડી ગ્લેન ને પેલી નાધલી રમત્વાલ ભુલકીનુ ઘણુજ લાગતુ હતુ.

તેણે આવીને તે અકસ્માત કેમ બન્યો તેનો એક વધારે વીગતવાર હેવાલ લેડી ગ્લેન આગલ રજુ કરયો, પણ તેમા નવુ અથવા વાચનારે ખાસકરીને જાણુવાજોગ કશુજ ન હતુ.

હુ બી લાશ સાથે, તે ભુમીદા કરવાની હતી ત્યારે, ગયો હતો. મરનારે માહરી ઘણી ખરાબી કરી હતી, માહરો એકજ ખજાનો ખુલ્લી ઠગાઇ ને પાપભરયા પ્રપચોથી લુટી લેઇને તેણે મારી જીદ-

ગીનું તો સરયાંમ નખ્ખોદજ કાઢી નાંખ્યું હતું, પણ મેં હવે હાલમાં તેને તેનુ તે મોટું પાપ માફ કરયું હતું—અને જ્યારે તે ઠડાં રાખ થતા શબને માટીને સપુર્દ કરવામાં આવ્યું, અને બધાં-ઓએ તે પર ભડોકું નાંખીને તેના આત્માની શાંતીની દુઆ કરી ત્યારે મેં પણ તેમજ કરયું, ને તે માલીક તેને માફ કરી પોતાની પાક પનાહની દયા બક્ષે એવી ખરાં જીગરની દુઆગુજારી સાથે મેં એક ટુંક બંદગી કરી લીધી.

તે સઘળુ પોતાનુ પોતાના બૈરી છોકરાં માટેજ છોડી ગયો હતો. તેની દોલત ને અસકેયામત ધારવા કરતાં બી ઘણી વધારે મોટી પાછલથી જાહીર થઇ, ને તે બધાંની એકલી માલીક ને શેઠાંણી હવે મારી મીઠી મે પોતે થઇ હતી તે, એમ છતાં, તેથી જરા બી ખુશાલ બનેલી દેખાતી ન હતી. તેણીનો ભવ તો વળી આ મોહોતથી, તે કેહતી હતી તેમ, એવડો બળી ગયો હતો, ને પોતે મોહોત માગતી હતી! તેણીને પૈસાનો મોહ હતોજ કયારે?

પણ તેના વીધવાપણાંના શીહા પોશાકમા હવે વળી જો બની શકે તો તે માહરી આંખમાં હજાર ઘણી વધારે સુદર દેખાતી હતી! હવે ત્યારે કરવુ કેમ? હું તો સર એલેક મેહેલમા પાછો આવતા સાથે આ નોકરી છોડી એક સદા સુધી માટે કોઇ દુર દેશાવર જતો રેહવાનો વિચાર રાખતો હતો, મગર હવે શુ કરવુ? એજ માહરો તે પછીથી કેટલાક દિવસો તક રાત દાહડાનો વિચાર થઇ પડયો, અને અંતે ઘણા લાંબા દરયાફત ને પુરતી દુર-અંદેશ દાનાઇના ખ્યાલો કરવા બાદ માહરે શું કરવું તેના એક

છેલ્લા ને નક્કી નિર્ણય પર હું આવી થોભ્યો.

મે પોતાને હવે માહરાં ખરા નામે ને ખરા રૂપ રંગે જાહીર કરવાનુ માહરા મનથી મુનાસેબ જાણ્યુ જો સર એલેક જીવ્યો હતે તો માહરી વ્હાલીને માહરા મોહોતમાજ માનવા દઈ હું જરૂર તેને ઉપર કેહવા મુજબ છોડી જતે, પણ હવે હીગામ બદલાયો હતો–કદાપી કીરતારે નકકી કરેલી સરજત મુજબ અમો નિર્દોશોને ખાતરજ ખાસકરીને બદલાયો હોએ—તો હવે એ જાતનુ એક બી ચીબાપણુ માહરે ચાલવા દેવુ સજાવાર ન હતુ કે જેથી એક બી બધી ન હોવા છતા હજી અમો અલગ અને જુદાજ રહીએ!

તે હજી ભરજવાન હતી આહા, બની શકે તો ઉપર કહયુ તેમ હાલમા તો તે વધુ સુદર બની હતી ને વધારે મનમોહન નજરે આવતી હતી. હુ તેને છોડી ગયો ત્યારે તે કેવળ એક બચ્ચુ—એક કોમળાગી કન્યા હતી, કે જ્યારે હાલમા તો પુખ્ત સ્ત્રીવેશમા આવેલી તે એક પરીપકવ નાજનીન બની હતી, ને તે તારૂણી તરફ હજી માહરૂ દીલ જેવા ને તેવા હેતથી બલ્કે રોજબરોજ જ્યાદા–વ્હાલથી ખેંચાતુ રહયુ હતુ તેમા વાચનાર શુ અજબ થશે?

તે એક મોજ હતી—તેણીને જમીન પર પડતા તેના છેક નીચા વીધવાપણાના શીહા ઝભામા ઉદાસી આંખ્યોએ એકલી ને વિચારવત પસાર કરતી ફીસમે બાગમા પસાર થતી જોવાનુ! તે એક પીકચર હતુ—તે ઝલકતા સફાઇદાર હોળેલા ભરાવદાર બાલનુ એક દીલકસ અમોડાવાલું માથુ, એક સીધા પતલા ને ઉચા બદન પર, ઉચી ગરદનનાં મોહક ખેચાણ સાથે ગોઠવાયલું જોવાનુ! તે

ખરેખર એક એવી મજાહ હતી કે જે કાંઇ બધાંનેજ ફાલે સરજીત હોતી નથી

હું પણ હવે માહરી પાછી ઉછલી નીકળેલી ઉમેદોની તાજગી ને સજીવન થયલી આશાની તેજીમાં તમામ નઓજુવાન પઠ્ઠો બની ગયો હતો! માહરી મોટી કદરૂપી દાઢીથી અને હાલહવાલ પોશાકમા હુ બીહામણો ને બેડોલ નજરે આવતો હતો ખરો, દુખ ને હાદેસાઓ—ગમ ને નાઉમેદીઓથી માહરૂ સ્વરૂપ કચડાયલુ ને કજરાયલુ દેખાતુ હતું ખરૂ, પણ તે કયા સુધી કે માહરી પુઠે પડેલા દુખે માહરી પુઠ પકડી રાખી હતી ત્યા સુધીજ! એક વાર હું એ દુખથી બચવા ને રીહાઇ મેલવવા પામ્યો—બચવાની બલવાન ઉમીદવારી માહરી છાતીમાં સજીવન થઇ ને હવે પાછી ઉછલી નીકળી, એટલે મનની હજારો નિરાંત ને તનના લખ્ખો આરામ વચ્ચે હુ પાછો માહરા તે માલીકના બક્ષેલા અસલ તેજમા એકદમ પ્રકાશવા લાગ્યો!

મે ઠાલી ઘોઘાટ કરવો પસદ કરયુ નહી જો હુ હમણા જેમ હતો તેમજ જાહીર થાઉં તો મેહેલમા ઘણો ગરબડાત મચી જાએ, ને અણુઘટતી લોકનીદા કે નાલેશીથી કદાપી માહરી પાકજાદ મેને નરસ લાગતા ઘણુ બીનજરૂરનુ શરમાવાનું ને ખમવાનુ થાએ એટલામાટે મે ત્યાથી અવલ તો જતો રેહવાનો, ને બનીઠણીને પછીજ અસલી હેનરી ગોરડન તરીકે ત્યા પાછો રજુ થવાનો કસ્દ કર્યો. તેણીનો બાગબાન હોવાનો ભેદ પછીથી માહરી મેને એકાતમા સારી રવેસે કહી શકાય એમ હતું

અલબત માહરા કપાલપરનો પેલો લોહીઆલ સરેતો મને ચગોર ચશ્મોવાલા લોકોમા પાછળથી ઓલખાવીને ફસાવી આપે એમ મારે બીહીવાનુ તો હતું, મગર તે વાતનો ફેસલો મેં "ચાન્સ" ને સપુર્દ કર્યો હતો. હાલમા તો હુ જે સ્થિતીમા હતો તે સ્થિતીમા જો જાહીર થાઉ તો નોકર નફરોના વર્ગમાં વધારે નાલેશીનો ઘોઘાટ બરપા થવાનું સહજ સભવતું હતુ, અને તેટલામાટે એવે કાચે પાયે કામ નહીજ લેવાનો મે ડાહપણભર્યો ઠરાવ કરી મેલ્યો

એ ઠરાવને અનુસરીને, તેથી, થોડાક દિવસો વચમા વહી ગયા બાદ હુ એબલને એકાતમા મલ્યો, ને મે તેનાથી રજા ને રૂખસદ ચાહી લીધી. મે એમજ અડાવ્યુ કે બાહેરગામ મને ઘણા વધતા પગારની એક નોકરી મળતી હતી, ને તેમા માહરૂ ઘણું સારૂ થવાનુ સભવતુ હતું માટેજ હુ જતો હતો. એમ છતા મે તે અમીરી ખવાસના ખરા પરગજુ ગરીબની ભલાઇ જવા આગમચ ખરા દીલથી જાબજા વખાણી, અને તેનુ દીલોજાન હેસાન માનતાં જે યથાશકિત તે વખતે મે માહરા હેસાનની ઇધાણી તરીકે બદલા કે ઇનામમા તેને આપવા માંગ્યુ તે જોકે તેણે લીધુ નહી, તોપણ તે અને તેની ભલી ભારજા માહરાથી તમામ સનોશ પામેલાં જણાયા, અને ઘણી દીલગીરી ને હેતની ઘણી ઘણી લાગણીઓ પ્રદરશીત કરીનેજ માહરાથી છુટાં પડયા.

હું તે પછી પાધરો લડન ગયો ત્યા જઇ અવલ તો મે માહરી પેલી એબ્યલ દાહડી બોડાવી નાંખી, અને પોશાક વિગેરે પર થોડોક નવો ખરચ કરી હુ બનીથની માહરી રૅડ લાનમર્સ રીજમીટમા

પ્રથમ હાજર થયો ત્યા માહરા ગોઠયાઓએ મને તરત પીછાણ્યો, ને તેઓની તેમજ માહરા વડાઓની હદ વનાની અજાયબી ને ખુશાલીનો પાર રહયો નહી. ત્યાર પછી મે માહરા તમામ વીટ બણાની વાત તેઓને ટુંકમા બ્યાન કરી સમજાવી, ને મદ્રાસની રીજમીટની મદદથી હુ સ્વદેશ પાછો ફરવા પામ્યો હતો તે હકીકત સાભળી તે સઘળા દીલસોઝ દોસ્તોને ઘણો સધ્યારો મલ્યો

માહરા વડાઓએ તે પછી મને વધારે મોટા ઑનર્સ સાથે મોટી પદવી ઉપર અને ઘણા સારા દરમાયાપર પાછો કાયમ કરવા માગ્યો, પણ મે તુરત વેળા ઘણા માનથી તેની ના કહી, અને માહરા પગારો ને ઇનામો સાથે જે એક પાદશાહી અનામત ત્યા જમા રહી હતી તે માત્ર લઇને હું તુરત ગ્લેન ગામ જવા સારૂ ત્યાથી પાછો નીકળી પડયો.

અને તાજુબ કે હુ કાર્નસોર પાછો ફર્યો ને ગ્લેન જવા નિકળ્યો તે બી ક્રિસમસનીજ સહવાર હતી! હુ હવે એક તદનજ નવો આસામી થઇ ગયો હતો જ્વૉન સ્મીથ બાગબાન તે કોઇ બીજોજ ને જુદોજ હોએ તેમ હુ માહરા હાલના થથેરામા તો અસલી હેનરી ગોરડનમાજ ફેરવાઇ ગયો હતો! ઉમીદ માહરી આખોમા નાચ કરી રહી હતી, અને ખુશી માહરી છાતીમા ઉછલ ઉછલ થતી હતી!

હું હિદુસ્તાનથી પાછો ફર્યો ને કાહેલી થયો તે ક્રિસમસ ડે હતો, અને આજે બી વળી તેજ દિવસે હુ માહરી પવિત્ર મેના દાવાદાર તરીકે રજુ થનાર હતો એમા શુ ખુદરતનો કોઇ ભેદી સજોગ—તે અણુદીઠ સાહેબની કરામતનો એક એજગબી અને

શાદી.



હેનરી અને મે.

[ જુઓ સફા ૪૯ ]

છુપો હાથ નહી હતો ?

મે જઇને ઘણા દમામ સાથે એથરસ્ટન હૅાલનુ બારણુ ઠોકયું, અને જે ખીદમતગારે તેના જવાબમા હાજર થઇને મને આગળા હૅાલમા દાખલ કરયો તેને મે લેડી ગ્લેનનને ખબર કરવા વરદી કરી કે રૅડ લાનસર્સ રીજમીટનો એક ઑફીસર તે બાનુને કાઇ ચોકકસ ખાનગી કામસર તાકીદથી મલવા ચાહનો હતો

તે ખીદમતગાર એ માહરો પેગામ લઇ અદર દોડયો

તે ખીદમતગાર અદર દોડયો, અને હુ ત્યા એકલો પડતા તે બાહેરનો બગીચો નિરખવા પડયો, કે જ્યા એક મજુરના લેબાશમા મે બાગબાનીનુ હલકુ કામ મહિનાઓ તક કરયુ હતુ યા ખુદા, તે પણ હુ જ અને આ પણ હુ જ હતો—અને તોબી વખત વખતના ફેર, સજોગ સજોગના ફેર, સરજત સરજતના ફેરફાર કેવા તાજુબ કરનારા અને સુખ દુખ પેદા કરનાર ખેલો પુરવાર થતા હતા ?

મે માહરો દમ લેવાનુ બી જાણે મોકુફ કરી નાખ્યુ તે ખીદમતગાર ગયો, અને તે કેહેણના જવાબમા માહરો મધુર પ્યાર માહરા ખુલાસાનો તલબગાર માહરી કને દોડયો આવ્યો તે દરમ્યાનની માહરી આતુરતા ને ગભરાતના સબબે માહરૂ લોહી જાણે માહરા બદનમા જાગીજ ગયુ, અને મેં દમ લેવાનુ વટીક મોકુફ કરી મેલ્યુ.

તે આવી

શોકાતુર તબ્યતની તોપણ પોતાની તેજસ્વી ખુબસુરતીથી જ્યા બી જાય ત્યા ખુશનુદીજ પાથરી આપે એવી તે દીલકસ દીલરૂબા દમામદાર તોરથી આવી ત્યા દાખલ થઇ, અને હું જાણે આખ્યો

ઉચકી તે બાવરૂા માહબુબના રોશણ દીદા ભણી જોઇ વટીક શકયો નહીં!

તે ફુલ જેના નરમ કદમે તે દીવાનખાનામા દાખલ થઇ, અને જો તેના જમીનપર પડતા પોશાકનો સણસણાટ માહરે કાને આવ્યો ન હોત તો હુ જાણે જાણતે બી નહી કે તે પવિત્ર અબળા છેક એટલી માહરી લગોલગમા આવી ઉભી હતી તેણીનાં દાખલ થવા સાથે તે આખું દીવાનખાનું દીલખુશ તબ્યતના એક બેહેક-બેહેકાતથી બધુ મઘમઘ અને ઘમરઘમર થઇ રહયુ'

હવે તેણીએ આવતા સાથે એક બાદશાહજાદીના દમામ પણ એક બાળકીને બી જેબ આપે એવો નમ્રતાથી બાજુમાનો સોફા મને હાથ હલાવી બતાવ્યો ને બેસવા ફરમાવ્યુ, અને પછી સામેની એક ખુરસીમા પોતે જગ્યા લેતા કહયુ, "તમે મને મલવા માગોછ? હુ લેડી ગ્લેન છેઉ "

હુ અદબથી નમ્યો

હુ મુસ્કીલીથીજ માહરી લાગણીઓ કાબુમા રાખી શકતો હતો! એકદમ તેના પગપર પડવા કે તેને માહરી ગોદમા દાબવા માહરૂ હૃદય અ દરખાને જાણે ચીસ પાડી બ દ મચાવી રહ્યુ હતુ

" રેડ લાનસર્સ રીજમીટમા એક આસામી જે હિદુસ્તાન ખાતે કપાઇ મુઓ, અને જેના ભલામા તમો બાનુ—"

પણ તે પોતેજ તેટલા તો ચીસ પાડી પોતાની બેઠકમાથી ચમકી ઉઠી!

જરા ઠેડવીને બેઠા પછી ને માહરી ઉપર તેણીની પવિત્ર ચસ્મો

દડવા પછીથી એક લેહજામાં તેણીએ મને ઓલખી લીધો, ને તેથી તે બેઅખત્યાર પોતાની બેઠકમાથી ચીસ પાડી એકદમ ચમકી ઉઠી

"તમો કોણ છેઓ? ઓ, મને એકદમ ખરેખરૂ કહી દેઓ કે તમે કોણ છેઓ?" મીઠી મેએ માહા ગભરાતમાં ગરબડાત કરી મેલ્યો.

હું શો જવાબ કરૂ? હુ માહરી બેશુમાર, બેઅંદાજ, બેઅખત્યાર લાગણીઓના સબબે તેણીની સામે બેજબાન ચુપ ઉભો રહયો

"તમો બોલતા નથી પણ હુ તમોને પીછાણી ચુકીછ," તેણીએ માહા ઉશ્કેરણી સાથે થરથર ધ્રુજતા કહયુ, "હેનરી, માહરા હેનરી, માહરા પ્યાર, માહરા પ્રીતમ એ તમેજ છેઓ, પણ તમે એટલુજ મને કેહો કે તમે મુવેલાઓ વચ્ચેથી નહી પણ જીવતાંઓ વચ્ચેથી જીવતા જાગતા મને સુખી કરવા અત્રે પાછા ફર્યાછ!"—અને તેણીને હુ રોકુ અથવા જવાબ કરૂ તે પેહેલા તો ખુશી ને ગમીના આસુઓનો એક મસ્ત દરયાવ રડતી તે માહરી ગોદમા આવી પડી!!

અને પછી કલાકો વહી ગયા—કલાકો, કે જેનુ સુખ બ્યાન કરીને વાચનારને સમજાવાને આખી દુન્યાની કલમો પુગી પડવાની નથી કેવી રીતે મે તેને તે માહરી પરનો ગુજરેલો હેવાલ કહયો, કેવી રીતે હુ ઉમીદભર ગ્લેન આવ્યો ને કતલ થઇ ગયો—કેવી રીતે તેણીનો બાગબાન—એક ખીદમતગાર થઇ તેણીની પવિત્ર હાજરીમા સદા હુ નોકર રહયો—કેવી રીતે પેલી નોધપોથી વાંચી લઇ તે વહાલી પ્રિયાના પાક પવિત્ર આચારવિચારોથી હુ આગહ થયો તે

બધુ—એ તે બધું મે તે મીઠી મહાણુઅને કહ્યુ, ને તે કેહતાં કલાકો કયા ગબડી ગયા તે અમે બેમાથી કોઇએ જાણ્યુ નહીં

કલાકો ! કલાકો કે જે દરમ્યાન એક પરાયાની મીલાકાતના એકાતમા તે નામાકીત બાનુ એકલી રહી હતી, અને તેનો બી તેને બેદ, ડર કે ગમ થયો નહી થાએજ નહીં થાએજ કયાંથી ? ને એવી સદગુણમાં શુદ્ધ હતી ને આચારવિચારની એવી પાકજાદ અબળા પુરવાર થઇ ચુકી હતી કે તે જે ખાકપર ચાલતી હતી તે ખાક ચટીક માનથી ચુમવાને ગમે એવા ગલીચમાગલીચ નીંદકો પણ રાજી અને તૈયાર થાએ;—અને, તેથી, જ્યારે જાહેરમા સઘળા ખરા ખુલાસા થયા ને હુ કોણ હતો તે સત્તાવાર રવેસે આખા ગ્લેન ગામડામા જાહીર થયુ ત્યારે લોકો સામા અમો બનેના એ અપર-મપાર સુભાગ્યમાં સુખ માની અમારા શરીક થયા—અમને બુરૂ બોલનાર કે અમને બુરૂ ચાહનાર આખા ગ્લેનમા કોઇ એક બી આદમી હસ્તી ધરાવતુ માલમ પડયુ નહી !

અને મીઠી મેની માતા ? તે માહરો મીલાપ થવાથી તેની મરની જૈફીમા પાછી જવાન થઇ—એટલી બધી તે મને ખરા દીલની ચાહવાવાલી હતી, ને એટલી બધી તે ભલી બુઢ્યા એ મીલાકાતથી રાજી રાજી થઇ ગઇ હતી.

અને માહરી પોતાની માતા ? તેને પણ પાક વફાઇ સાથે મે માહરાં સુખમા વીસારી નહી માહરી મે સાથે સુખમા થર પડવા પછીથી સઘળી હકીકત લબાણથી લખી વાલા મ તેને અમારે આસરે તેડાવી લીધી, ને માહરી નમ્ર મેએ તેણીની માહરા ને માહરા



નેકજાત બેનો સુખી સંસાર.

[ જુઓ પાનું ૧૫૩ ]

પીતા જોડેની આગલી કેટલીક અકુદરતી ચાલ છતા તેણીનો બુઢાપો ઠેરવવાનો છેવટ સુધી દરેક પવિત્ર પરીશ્રમ આદર્યો

અને, એ રીતે, વ્હાલાં વાંચનારાંઓ, અ તે અમે પાછાં સુખી થયાં. સુખમાં સુખી રેહેલાંઓને સુખ એટલુ પ્રિય થઇ પડતું નથી જેટલું દુખ ને હાદેસાઓની ગીરફ્તારી પછીથી પાછુ જેમને ફાળે સુખ આવે છે—અને, તેથી, અમો હાલમાં આગલ કરતા ખરેખર જાણે બેવડાં ને ચોવડાં સુખી હતા !

ભલી મેએ મરનાર સર એલેકની યાદનુ દરેક માન રાખ્યું એક વરસ તક અમારા લગન અમોએ ખુશીની ક્રમતીથી મુલતવીજ રાખ્યાં, અને પછીથી વળી વળતી ક્રિસમસ ડેને દાહડેજ જયારે અમારી શેહાદીની ખુશબખ્તીથી અમારા ગ્લેન ગામડાંના દેવળના ઘટ ખુશાલીમા વાગી રહ્યા, ત્યારે કેહેવાની જરૂર છે કે ન્હાનાં કે મોટાં, અદના કે આલા આખાં ગ્લેન–તે ગામડાની તમામ ખલકત ખરા દીલની ખુશનુદીમાં અમારી એ હદ વનાની ખુશીખુરમીમાં શામીલ થવા પામી હતી ?

હુ હવે માહરી પાકજાદ મેના બાગેબેહેસ્ત જેવા પ્યારમાં બેહેસ્તથી આલા દરજાનુ સુખ આ ધરતી પર ભોગવું છું. મેને સર એલેકથી તવલુદ થયલી એક બેટીને હું વાચનારાંઓ સાથ ઓળખાવી ચુકયો છુ, ને હાલમા અમારે ત્યા એક ગલગોટા–એક ગુલેગુલાબ જેવો બેટો અવતર્યો છે, જે બે પ્યારાં પટપટ્યાઓની દીલખુશ ગરગડથી અમારો બંગલો બેત્રડો ગાજતો વાજતો થયલો છે.

સમાપ્ત.